بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત**
**એટલે**
**મસ્લકે આ'લા હઝરત**
**નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા (માસિક)

**તા. ૦૧-ફેબ્રુઆરી-૨૦૧૨**

સફરુલ મુઝફ્ફર-રબીઉલ અવ્વલ શરીફ
હિજરી સન : ૧૪૩૩

વર્ષ : ૦૯, અંક : ૦૨, સળંગ અંક : ૯૮

સ્થાપક અને પ્રકાશક
**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**



પત્ર વ્યવહારનુ સરનામું

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૧૦૪૧૧, ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૫૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૨૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧,૮૦૦/- |
| આજીવન | રૂા. | ૪,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


માનદ તંત્રી
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૧ | કામયાબી હુઝૂર صلی اللہ علیہ وسلم ના તુફૈલ મળે છે | ૦૨ |
| ૦૨ | ઈદે મીલાદુન્નબી صلی اللہ علیہ وسلم માં શું જાઈઝ શું નાજાઈઝ ?! | ૦૩ |
| ૦૩ | તફસીરે ઝિયાઉલ કુર્આન | ૦૯ |
| ૦૪ | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | ૧૨ |
| ૦૫ | હ઼દાઈકે઼ બખ્શિશ | ૧૪ |
| ૦૬ | હશ્ત બહિશ્ત (મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત) | ૧૮ |
| ૦૭ | અવલિયા અલ્લાહની કરામતો | ૨૦ |
| ૦૮ | ગલતફહમીઓ તથા તેની સુધારણા | ૨૧ |
| ૦૯ | નબી વલી માટે માનો તો શિર્ક ! દેવબંદી..... | ૨૨ |
| ૧૦ | હઝરત સૈયદ શરફુદ્દીન મશહદી رحمۃ اللہ علیہ | ૨૪ |
| ૧૧ | સબ્ર તથા બીમારીની ફઝીલત | ૨૫ |
| ૧૨ | ફઝાઈલે દુરૂદો સલામ તથા વાંધાના જવાબો | ૨૯ |
| ૧૩ | જામેઅ અઝહર મિસ્રનો નૂરાની ફત્વો | ૩૪ |
| ૧૪ | નમાઝના સમયોની હિકમતો તથા મસ્લેહતો | ૪૧ |
| ૧૫ | પ્રો. તાહિરુલ ક઼ાદરી વિશે એક પ્રશ્ન તથા.... | ૪૪ |
| ૧૬ | મુસલમાન પરણિત સ્ત્રીઓને ખુશખબર ! | ૪૭ |
| ૧૭ | બરકાતે ખ્વાજાની ટપાલ | ૪૮ |


## મુબારક હો રબીઉલ અવ્વલીં કી બારવીં તારીખ

અઝ : જનાબ ''ગનીમત'' બાલાશિનોરી

મુબારક હો રબીઉલ અવ્વલીં કી બારવીં તારીખ
મનાઓ તાજદારે આલમીં કી બારવીં તારીખ

હંય બેહતર અંબિયા કે આને કી તારીખેં સબ લેકિન
મોઅઝ્ઝમ રહ્મતલ લિલ્ આલમીં કી બારવીં તારીખ

હમેં બખ્શિશ દિલાને ઈદે મીલાદુન્નબી صلی اللہ علیہ وسلم આઈ
બરાએ મગફેરત હૈ મુઝનબીં કી બારવીં તારીખ

નબી صلی اللہ علیہ وسلم આએ મિટાને કુફ્રો બાતિલ કો ઝમાનેસે
મુક઼દસ હો ગઈ અહલે ઝમીં કી બારવીં તારીખ

ઝુકા કા'બા, ગિરે બુત ઔર હુએ આતિશકદે ઠંડે
નુમાયાં જબ હુઈ માહે મુબીં કી બારવીં તારીખ

કલામે પાક, દીને હક્ક઼ ભી હંય મીલાદ કા સદક઼ા
બળી હય મો'મિનાતો મો'મિનીં કી બારવીં તારીખ

ફરિશ્તોંને અદબસે આમેના કે દર પે મક્કેમેં
મનાઈ શૌક઼સે નૂરે મુબીં કી બારવીં તારીખ

કરે ઈન્કાર મીલાદુન્નબી صلی اللہ علیہ وسلم કા વોહ મુનાફિક઼ હય
હકીંકીંતમેં હય ઈમાનો યક઼ીં કી બારવીં તારીખ

તુફૈલે યૌમે મીલાદુન્નબી صلی اللہ علیہ وسلم ઈસ્લામ ફયલા હય
મુબારક હો **''ગનીમત''** શાહેદીં કી બારવીં તારીખ

# કામયાબી હુઝૂર ﷺના તુફૈલ મળે છે

કાર્યાલય

અઝ : **મૌલાના મુહમ્મદ શાકિર નૂરી** *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)*

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી**

આજે તૌહીદના નામ પર રસૂલે રહમત ﷺની અઝમતને દિલોએથી રૂખસદ કરવાની કોશિશ ચાલુ છે જ્યારે કુર્આને મુક઼દ્દસ શાને મુસ્તફ઼ા علیہ الصلوٰۃ والسلامને છુપાવવાથી મના કરે છે અને અઝમતે રિસાલત મઆબ ﷺનો સિક્કો દિલોમાં બેસાડવાની તા'લીમ આપે છે. અલ્લાહ جل جلالہ ફર્માવે છે :–

وَلَا تَلْبِسُوا الْحَقَّ بِالْبَاطِلِ وَتَكْتُمُوا الْحَقَّ وَاَنْتُمْ تَعْلَمُوْنَ "અને ન ભેળવ્યા કરો હક઼્ક઼ને બાતિલની સાથે અને ન છુપાવો હક઼્ક઼ને, જ્યારે કે તમે જાણો છો." *(પારા : ૧, આયત : ૪૩, કન્ઝુલ ઈમાન)*

રહમતે આલમ ﷺના જે કમાલો તથા આપની સરસ ખૂબીઓ તૌરાત તથા ઈન્જીલ વગેરેમાં મૌજૂદ હતી એને એવા ડરથી બની ઈસ્રાઈલના ઉલમા છુપાવવાની કોશિશ કરતા હતા કે ક્યાંક લોકો હુઝૂર ﷺ પર ઈમાન ન લઈ આવે ! જો કદીક કોઈની નજર એ આયત પર પડી પણ જતી તો તેઓ તેની ગલત તાવીલો (અર્થઘટનો) કરતા. અલ્લાહ عزوجل એ તેમને આ બુરી હરકતથી મના કર્યુ. યાદ રાખશો કે આ હુકમ કેવળ બની ઈસ્રાઈલના ઉલમા માટે જ નથી બલ્કે ક઼યામત સુધી આવનારા દરેક ઈન્સાનના માટે છે.

આજે લોકો હુઝૂર ﷺની સીરત બયાન કરે છે પરંતુ મેહફ઼િલે મીલાદે મુસ્તફ઼ાનું આયોજન નથી કરતા. ઈતાઅતે મુસ્તફ઼વીનું વર્ણન કરે છે પરંતુ મહબ્બતે રસૂલ ﷺમાં શમ્અની જેમ પીગળવાની વાત નથી કરતા. યક઼ીનન ! હુઝૂર علیہ الصلوٰۃ والسلامની સીરત તથા ઈતાઅતની મેહફ઼િલ જરૂરી છે પણ મહોબ્બત વિના નહીં ! આપણી પડતીનો એક સબબ એ પણ છે કે મહબ્બતે રસૂલ ﷺ દિન પ્રતિ દિન કમજોર પડતી જઈ રહી છે. આશ્ચર્ય છે કે મહબ્બતે રસૂલ ﷺનો દાવો પણ અને મહબૂબના ઝિક્રથી અણગમો પણ ! ઝિક્રે રસૂલ ﷺ પણ હોવો જોઈએ અને મહબ્બતે રસૂલ આ'ઝમ علیہ الصلوٰۃ والسلام પણ હોવું જોઈએ. મહબ્બતે રસૂલ વિના કોઈ ચીજ ફ઼ાયદાકારક નથી.

મારી ગુઝારિશ છે કે માહે રબીઉન્નૂરમાં તાજદારે કાઈનાત علیہ الصلوٰۃ والسلامના ઝિક્ર તથા મીલાદની મેહફ઼િલો ખૂબ જ પ્રમાણમાં ગોઠવવામાં આવે, તેમની સીરત પર ખૂદ અમલ કરવામાં આવે અને અન્યોને પણ અમલ કરવાની તલ્ક઼ીન કરવામાં આવે. જ્યાં સુધી ખૂદ અમલ નહીં થાય ત્યાં સુધી અન્ય લોકો અમલ નથી કરવાના. કુર્આન તથા હદીષોની રોશનીમાં અઝમતે મુસ્તફ઼ા علیہ الصلوٰۃ والسلام બયાન કરવામાં આવે અને તા'લીમાતે મુસ્તફ઼ા ﷺ પર અમલ કરીને હુઝૂર ﷺને ખુશ કરવાની કોશિશ કરવામાં આવે. તાજદારે કાઈનાત علیہ الصلوٰۃ والسلامના વસીલાથી દુઆઓ કરવામાં આવે, અલ્લાહ عزوجل યક઼ીનન કામયાબી અતા ફર્માવશે. આજે એમના માનવાવાળાઓ પર દુનિયાભરમાં ઘણા બધા આક્ષેપો લાગુ કરવામાં આવી રહ્યા છે, એનું કારણ એ જ છે કે આપણે હજુ સુધી હુઝૂર ﷺની સીરતને સહીહ ઢંગથી રજૂ જ નથી કરી. જો આપણે સીરતે મુસ્તફ઼ાને અપનાવીશું અને દુનિયાને એના પ્રતિ ધ્યાનિત કરીશું તો યક઼ીન જાણો કે આ ઈલ્ઝામો ખૂદ બખૂદ અદશ્ય થઈ જશે.

હુઝૂર علیہ الصلوٰۃ والسلام જ તો આપણા ઈમાનની જાન છે. જો આપણે આપણા દિલને વધુ પેજ નં. ૧૧....પર

# ઈદે મીલાદુન્નબી ﷺ માં શું જાઈઝ શું નાજાઈઝ ?!

તંત્રી લેખ

**નિષાર તેરી ચહલ પહલ પર-હઝારોં ઈદે રબીઉલ અવ્વલ**
**સિવાએ ઈબ્લીસ કે જહાંમેં-સભી તો ખુશિયાં મના રહે હૈં**

ઈમાનવાળાઓ માટે ખુશી મનાવવાનો દિવસ એટલે મીલાદુન્નબી ﷺ પણ મીલાદુન્નબી ﷺ મનાવવા બાબતે ઘણા રોગિષ્ઠ દિલોવાળા લોકો સુન્ની મુસ્લિમોના દિલોમાં વસવસા નાખવા સતત કોશિશ કરતા રહે છે, જ્યારે કે અહલે સુન્નતના ઉલમાએ કુર્આન, હદીષ, અક્‌વાલે ઉલમા તથા બુઝુર્ગોનાં કથનો તથા અમલો દર્શાવીને એમના તરફથી ઉઠતા ગુમરાહીના પ્રદૂષણને દૂર કરી આપેલ છે છતાં વિરોધીઓ હઠધર્મીમાં રહીને પોતાના દિલની કાળાશને જાહેર કરતા રહે છે. જેથી ટૂંકમાં એના જાઈઝ હોવાની ચર્ચા કરીને આપણા દિલોમાં ઈમાનનું નૂર વધારીએ.

### ★ શરીઅતના હુકમોના પ્રકાર વિશે સમજૂતી ★

મેહફિલે મીલાદ શરીફ જે પદ્ધતિ સાથે આજના જમાનામાં રિવાજ પામેલ છે તે વિના શંકાએ જાઈઝ તથા મુસ્તહસન તથા ખૈરો બરકતનો સબબ છે. એ આખા ઈસ્લામી જગતમાં વર્ષો વરસથી રિવાજ પામેલ છે. મહાન ઉલમાએ કિરામ, મુહદ્દિષો, ફક઼ીહોએ તેના જાઈઝ તથા મુસ્તહસન હોવાની સ્પષ્ટતા કરેલી છે. અને વિના શંકાએ કુર્આન હદીષથી એનું મુસ્તહબ હોવું સાબિત છે.

**શરીઅતના હુકમો બે પ્રકારના છે : (૧)** તે જેના સમયો તથા પદ્ધતિ તથા માત્રા નિશ્ચિત છે. તેમના માટે હદીષોમાં સંપૂર્ણ વિગતવાર વર્ણનો મૌજૂદ છે કે, ફલાણા સમયે કરવામાં આવે, આ રીત (પદ્ધતિ)થી અદા કરવામાં આવે. જેમ કે નમાઝ, રોઝા, ઝકાત, હજ્જ. તેમના માટે એ જરૂરી છે કે શરીઅતે જે સમયે અને જે તરીક઼ાથી (રૂપમાં) અદા કરવાનો હુકમ આપ્યો છે એ જ રીતે અદા કરવામાં આવે. તેમાં ઘટાડો, વધારો, ફેરફાર જાઈઝ નથી. દા.ત. નમાઝના માટે નિશ્ચિત છે કે બે રકાતથી ઓછી ન પઢવામાં આવે, દરેક રકાતમાં એક ક઼યામ, એક રુકૂઅ અને બે સિજદા હોય, પ્રથમ ક઼યામ થાય પછી રુકૂઅ થાય પછી સજદા થાય. દરેક બે રકાત પર ક઼ાઈદો કરવામાં આવે. તથા રોઝા માટે નિશ્ચિત છે કે સુબ્હ સાદિક઼થી ગુરૂબ આફતાબ સુધી જ થાય, રાતમાં ન હોય, એ જ પ્રમાણે હજ્જના માટે સ્થળ, દિવસો તથા તરીક઼ો વગેરે નક્કી જ છે એનાથી વિરુદ્ધ ન થઈ શકે..... વગેરે.

**(૨)** બીજાં તે કામો જેનો હુકમ અબાધિત છે, તેમના માટે ન સમય નિશ્ચિત છે ન ખાસ તરીક઼ો ન માત્રા. જેમ કે કુર્આન મજીદની તિલાવત, ખુદા વ રસૂલનો ઝિક્ર, દુરૂદ શરીફ..... વગેરે. એનો હુકમ એ છે કે એને કરનારો જે સમયે ચાહે જે રીતે ચાહે કરે, જેટલા પ્રમાણમાં ચાહે કરે.

ઉસૂલુશ્શાશી વગેરે સર્વ ઉસૂલે ફિક઼્હની કિતાબોમાં સ્પષ્ટતા છે કે, ''મુત્લક઼ (અબાધિત) હુકમ એ છે કે જે ફર્દને પણ કોઈ અદા કરશે મઅમૂર બિહને અદા કરશે. દા.ત. એક વ્યક્તિ દરરોજ ફજરની નમાઝ બાદ કિ઼બ્લા તરફ ચારઝાનૂ બેસીને કુર્આન મજીદની તિલાવત કરે છે. જો કે કુર્આન તથા હદીષમાં ક્યાંય

વર્ણન નથી કે ફજરની નમાઝ પછી તિલાવત કરો. તેમ છતાં એ સમયે એ રીતે તિલાવત કરવી ઈબાદત છે અને સવાબનું કાર્ય છે. વાત એ જ છે કે તિલાવતનો હુકમ મુત્લક્ (અબાધિત, બિનશર્તી) છે. કોઈપણ જે રીતે જે સમયે પણ તિલાવત કરશે તે ખુદાની ઈબાદત જ કરશે, જ્યાં સુધી કે કોઈ ખાસ સમયની મનાઈ ન હોય. મીલાદ શરીફ તથા એમાં કયામ તથા સલામ એ જ બીજા પ્રકારમાં સામેલ છે.

### ★ રબની નેઅમતોની ખૂબ ચર્ચા કરો ! ★

મીલાદુન્નબી ﷺ મનાવવું એ કુર્આની આદેશ મુજબ છે. કુર્આન મજીદમાં રબનો ઈર્શાદ છે : **وَاَمَّا بِنِعْمَةِ رَبِّكَ فَحَدِّثْ** "તમારા રબની નેઅમતની ખૂબ ખૂબ ચર્ચા કરો."

તેમજ ફર્માવ્યું : **قُلْ بِفَضْلِ اللّٰهِ وَبِرَحْمَتِهٖ فَبِذٰلِكَ فَلْيَفْرَحُوْا** "ફર્માવી દો ! અલ્લાહના ફઝ્લ તથા તેની રહમત પર ખુશી મનાવો."

દરેક મુસલમાનનું ઈમાન છે કે **અલ્લાહ ﷻનો સૌથી મહાન ફઝ્લ અને તેની સૌથી મહાન નેઅમત તથા રહમત એ હુઝૂરે અક્દસ ﷺ જ છે.** જ્યારે અલ્લાહ ﷻએ પોતાની દરેક નેઅમતનો વધુથી વધુ ચર્ચો કરવાની અને દરેક ફઝ્લ તથા રહમત પર ખુશી મનાવવાનો હુકમ આપ્યો છે, તો જે અલ્લાહ ﷻની સૌથી મહાન નેઅમત, ફઝ્લ તથા રહમત છે તેનો વધુને વધુ ઝિક્ર કરવાનો તથા તેના પર વધુને વધુ ખુશી મનાવવાનો હુકમ આ આયતોથી સાબિત થઈ ગયો.

તેમજ અહીં પણ અલ્લાહે વધુથી વધુ ઝિક્ર કરવા તથા ખુશી મનાવવાનો મુત્લક્ (બિનશર્તી) હુકમ આપ્યો છે, તેની કોઈ રીત નિશ્ચિત કે ખાસ નથી કરી. જેથી વધુથી વધુ ઝિક્ર તથા ખુશી મનાવવાનો જે પણ જાઈઝ તરીકો હોય તે સૌ એમાં સામેલ છે, જ્યાં સુધી કે કોઈ ખાસ તરીકા માટે શરીઅતમાં મનાઈ ન આવી હોય. મીલાદ શરીફની મેહફિલ તથા મીલાદુન્નબીનો જુલૂસ આ સર્વ એના માટેનાં કામો છે કે એ જરૂર જરૂર વધુથી વધુ ઝિક્ર કરવા તથા ખુશી મનાવવાનો એક તરીકો છે જેનાથી શરીઅતમાં કોઈ મનાઈ નથી, બલ્કે એની સાબિતી છે.

જ્યારે હુઝૂરે અક્દસ ﷺ હિજરત પછી મદીના તયબહમાં દાખલ થયા તો સહાબાએ કિરામે ખૂબ જ અઝીમુશ્શાન જુલૂસ કાઢયું હતું. એ જ પ્રમાણે ગઝવએ તબૂકથી પરત થતાં અજોડ જુલૂસ કાઢયું હતું. હિજરતવાળા જુલૂસમાં ખુશીના આવેશમાં "યા રસૂલલ્લાહ ! યા રસૂલલ્લાહ !"ના નારા પણ લાગ્યા હતા. *(મુસ્લિમ શરીફ, ૨/૪૧૯)*

આ પરથી સાબિત થયું કે હુઝૂરે અક્દસ ﷺની હુઝૂર ﷺની અઝમત (મહાનતા) જાહેર કરવાના માટે જુલૂસ કાઢવું તથા એમાં "યા રસૂલલ્લાહ ! યા રસૂલલ્લાહ !" નારા લગાડવા. એ સહાબાએ કિરામની સુન્નત છે. એને બિદઅત તથા શિર્ક કહેવું એ સહાબાએ કિરામને બિદઅતી તથા મુશ્રિક બનાવવું છે બલ્કે ખૂદ હઝૂરે અક્દસ સૈયદે આલમ ﷺને પણ ! કેમ કે એ જુલૂસમાં હુઝૂરે અક્દસ ﷺ પણ હાજર હતા. હુઝૂર ﷺની સામે જ "યા રસૂલલ્લાહ !"ના નારા લાગ્યા, તેને હુઝૂરે સાંભળ્યા છતાં સહાબાને મના ન કર્યું તો હુઝૂર પણ વિરોધીઓના કથન મુજબ એ જ ગૃપમાં દાખલ થયા ! (મઆઝલ્લાહ !)

હદીષમાં છે કે હુઝૂરે અક્દસ ﷺએ ફર્માવ્યું, "બરોઝ પીર (સોમવારે) રોઝો રાખો એટલા માટે કે એ દિવસે હું પેદા થયો." આ પરથી સાબિત થયું કે વિલાદતના દિવસની યાદ મનાવવા માટે રોઝો રાખવો સુન્નત મુજબ છે. અને એમાં દરેક સારું કાર્ય સામેલ છે. મીલાદ શરીફની મેહફિલ વિના શંકાએ અલ્લાહ ﷻ તથા રસૂલે પાક ﷺના ઝિક્રની મેહફિલ છે તથા વિના શંકાએ નેક કાર્ય છે. *(મક્આલાતે શારહે બુખારી, ભાગ : ૧)*

**★ રસૂલુલ્લાહ તથા સહાબાના જમાનામાં**
**કોઈ અમલનું ન હોવું શું તેને હરામ ઠરાવશે ? ★**

જેની આંખોમાં રોશની છે તેના માટે આટલી વાતો હક્ક સમજવા માટે પૂરતી છે અને હઠધર્મીનો કોઈ ઈલાજ નથી હોતો. કેટલાક દેવબંદીઓ વારંવાર આ પ્રશ્ન કરે છે કે રસૂલના, સહાબાના જમાનામાં આ મનાવવામાં આવેલ નથી એટલા માટે હરામ છે ! એ વહેમ તથા વાંધાને દૂર કરવા અંતમાં દેવબંદીઓના જ પેશવાઓની ઝબાની કોઈ ચીજના જાઈઝ તથા નાજાઈઝ હોવા વિશેનો ખુલાસો જોઈ લો :–

**દેવબંદી પેશવા મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી** લખે છે : "જનાબ રસૂલુલ્લાહ ﷺ તથા સહાબા رضوان الله تعالیٰ علیہم اجمعین ના કથન કે અમલનું ન હોવું કોઈ કથન કે અમલના નાજાઈઝ હોવાની દલીલ નથી. હુકમ ન હોવા માટે દલીલની જરૂરત છે. જાણકારીનું ન હોવું પૂરતુ નથી." *(બહવાલા મૌલાના ઈસ્માઈલ ઔર તક઼વિયતુલ ઈમાન, પેજ–૧૦૮)*

**મોલ્વી રશીદ અહમદ ગંગોહી દેવબંદી** જણાવે છે : "નાજાઈઝ હોવા માટે એ દલીલ નથી કે કોઈએ કુરૂને ખૈર (રસૂલ, સહાબાના જમાના)માં એને નથી કર્યું." અને "જાઈઝ તથા નાજાઈઝમાં જાઈઝ હોવા તરફ જવું જોઈએ." *(ફતાવા રશીદિયહ્, પેજ–૨૨૮)*

**જનાબ ક઼ારી મુહમ્મદ તૈયબ માજી મોહતમિમ દારુલ ઉલૂમ દેવબંદ**ની સાંભળો ! તે પણ કહે છે : "વર્ણન થયેલ ન હોવાનો અર્થ તદ્દન જ જાઈઝ ન હોવાનો નથી. વર્ણન ન હોવું એ વસ્તુ ન હોવાનો આધાર નથી. વર્ણન ન હોવાનો અર્થ દુનિયામાં ક્યાંય પણ નકાર તથા મનાઈનો નથી થતો." *(કલિમાએ તૈયબહ, પેજ : ૯૧–૫૭–૪૮)* સારાંશ કે કોઈ નક઼લનું ન મળવું સુન્નત હોવાનો નકાર તો થઈ શકે છે, પણ તેના હોવાનો કે જાઈઝ હોવાનો નકાર નહીં થઈ શકે.

**★ નાજાઈઝ કહેવા માટે નસ (શરઈ દલીલ)**
**જોઈએ અને એ જિમ્મેદારી નાજાઈઝ કહેનાર પર છે ★**

**'ફુયૂઝુલ બારી'ના લેખક લખે છે :** "જ્યારે કોઈ વ્યક્તિ કોઈ ચીજને મના તથા ઈન્કાર કરે અને તેને હરામ તથા મકરૂહ અને નાજાઈઝ કહે, તો સાંભળો ! જાણી લો ! સાબિત કરવાના બોજાની જિમ્મેદારી તેના માથે છે, જ્યાં સુધી ઉઘાડી શરઈ દલીલ વડે સ્પષ્ટ ન કરી આપે ત્યાં સુધી એનો દાવો એના પર મરદૂદ. અને જાઈઝ તથા મુબાહ કહેનાર એનાથી મુક્ત છે કે એના માટે અસલથી દલીલ મૌજૂદ છે. **આ ક઼ાયદો કુર્આની દલીલ, નબવી હદીષો તથા હનફી, શાફઈ વગેરે મહાન આમ ઉલમા તથા ઈમામોના ખુલાસાઓથી સાબિત છે. એટલે સુધી કે કોઈ આલિમ એમાં વિરોધ કરતો નથી જોવા મળ્યો.** *(ફુયૂઝુલબારી, પેજ–૩/૨૧૯)*

**મિયાં નઝીરહુસૈન દહેલ્વી (દેવબંદી)નું એક કથન જુઓ :** "અને બેભાન ! મૂર્ખ ! ખુદા તથા રસૂલ ﷺનું જાઈઝ ન કહેવું અલગ વાત છે અને નાજાઈઝ કહેવું જુદી વાત છે. એ તો બતાવો કે તમે જે નાજાઈઝ કહો છો તેને ખુદા વ રસૂલે નાજાઈઝ ક્યાં કહ્યું છે ?!" *(ઈક઼ામતુલ ક઼િયામહ્, પેજ–૨૯)* આશા છે કે વિરોધીઓ પોતાના પેશવાઓની વાત તો સ્વીકારશે.

**'ફુયૂઝુલ્બારી'**માં છે : "જે શખ્સ કોઈ વાતનો દાવેદાર હોય તો તેને સાબિત કરવાની જિમ્મેદારી તેના માથે છે. પોતે પોતાના દાવાની સાબિતી ન આપે અને બીજા લોકોથી ઉલ્ટી સાબિતી માંગતો ફરે તે

પાગલ તથા ગાંડો કહેવાય છે અથવા ધોકાબાઝ ફિત્નાખોર. *(ફ્યૂઝુલ બારી, ૩/૨૨૦, બહવાલા બિદઅત કી હક઼ીક઼ત, પેજ–૧૨૯, ૧૩૦, અલ્ મજમઉલ મિસ્બાહી, મુબારકપુર)*

સુન્ની ભાઈઓ ! વિરોધીઓ જેમને માનવાનો દાવો કરે છે તે શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી, હઝરત શાહ અબ્દુર્રહીમ દહેલ્વી, શાહ અબ્દુલ હક્ક઼ મુહદ્દિષ દહેલ્વી رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْن વગેરે મીલાદુન્નબી મનાવતા હતા, ન્યાઝ કરતા હતા, એના વર્ણનો વાંચવા અમારી કિતાબ જુઓ "અહલે સુન્નતના હક્કનો ચમકાર !" જે **Web.** પર પણ **Anjuman** ફાઈલમાં જોઈ શકાશે તેમજ બરકાતે ખ્વાજા માસિક ફેબ્રુ–૨૦૧૦માં જુઓ.

## ★ નાજાઈઝ તથા હરામ હરકતોથી દૂર રહો ! ★

સારાંશ કે જાઈઝ તથા નેક કામો જેમ કે તિલાવતે કુર્આન, નઅતે પાકની તથા બયાનોની મેહફિલો જેમાં કુર્આન હદીષની રોશનીમાં ખુદા વ રસૂલનો ઝિક્ર થાય, શાન દર્શાવતા ઝંડા સાથે જુલૂસો કાઢવામાં આવે, ઘરોને લાઈટિંગથી સજાવવામાં આવે, યા રસૂલલ્લાહ ! ના નારા લગાડવામાં આવે, મીલાદેપાકની ખુશીમાં મીઠાઈઓ કે અન્ય ન્યાઝ સુન્નીઓમાં ખવડાવવામાં આવે, રોઝો રાખવામાં આવે, ગરીબો ! યતીમોને સદક઼ા ખયરાત કરવામાં આવે, ગરીબોને કપડાં વગેરે વહેંચવામાં આવે, બીમારોને ફ્રુટ વહેંચવામાં આવે....... વગેરે સર્વ શરીઅતમાં જેની મનાઈનો હુકમ નથી તે સર્વ ભલાઈનાં કામો કરવામાં આવે તો એમાં કોઈ જ રોકટોક નથી. પણ આજકાલ કેટલાક નાદાન તથા જઝબાતી ભાઈઓ હાથે કરીને આ જુલૂસોમાં પણ ગલત કામો કરીને ખુદા વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَની નારાજગી વહોરે છે અને ઉપરથી વિરોધીઓને આંગળી ચીંધવાનો મોક઼ો આપે છે.

## ★ ફટાકડા ફોડનારા શૈતાનના ભાઈ છે ! ★

ઘણા જ અફસોસની વાત છે કે કેટલાક ઠેકાણે કાફિરો તથા મુશ્રિકો જે રીતે તેમના ખુશીના પ્રસંગો તથા તહેવારોમાં ફટાકડા ફોડે છે, સૂરસૂરીયાં ઉડાડે છે, તારામંડળ સળગાવે છે તથા ક્રિશ્ચનો ક્રિસમસ મનાવતી વેળા આકાશમાં ઝગારા મારે એવાં રોકેટો છોડે તથા આતાશબાજી કરે છે, આકાશમાં ઊંચે ચડી ફૂટે તેવા ગુબ્બારા હવામાં છોડે છે, તેમ કેટલાક નાદાન મિત્રો શાદીમાં, ઉર્સમાં તથા મીલાદુન્નબી ﷺ મનાવતી વેળા જુલૂસોમાં આતશબાજી કરવા લાગ્યા છે. તેઓને એનાથી મનાઈ કરતો શરીઅતનો હુકમ નીચે વર્ણવીએ છીએ એ ઉમ્મીદ સાથે કે એનાથી બચે અને ખુદા વ રસૂલની નારાજગી ન વહોરે.

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رَحْمَۃُ اللّٰہِ عَلَیْہ ફર્માવે છે : ફટાકડા ફોડવા, આતશબાજી એ ફુઝૂલખર્ચી છે અને કુર્આને ફુઝૂલખર્ચી કરનારાઓને શૈતાનના ભાઈ કહ્યા છે. જેથી હરગિઝ હરગિઝ એ કામો ન કરવામાં આવે. *(ફતાવા રઝવિય્યહ્, ૧૦/૭૭)*

કેટલાક ભોળા ભાઈઓ કહે છે કે ફટાકડા તો શાન જાહેર કરવા માટે ફોડવામાં આવે છે ! તેઓ સમજી લે કે શાન જાહેર કરવા ફટાકડા ફોડવાનું હરામ કામ ન કરવામાં આવે. પણ શાન જાહેર કરવા માટે બંદૂક ફોડવાની શરીઅતમાં ઈજાઝત છે કે જેનાથી મુસ્લિમોનો ગૈરો પર પ્રભાવ પડી શકે છે, એ બહાદુરી પ્રદર્શિત કરે છે. *(ફતાવા રઝવિય્યહ્, ૧૦/૫૮, બહવાલા તા'લીમાતે આ'લા હઝરત)* ફટાકડા અને સૂરસૂરીયાંથી પ્રભાવ નથી ઉભો થઈ શકતો. વળી **બાશરઅ પીરોએ પણ જુલૂસોમાં આવી ખરાબીઓ પોતાના પ્રભાવથી દૂર કરાવવી જોઈએ, નહીં તો પછી એવાં જુલૂસોની ક઼ચાદત જ સ્વીકારવી**

ન જોઈએ જેથી લોકો ઈબ્રત પકડે.

**★ બેન્ડબાજા-વાજિંત્રો વગાડવાં તથા નાચવું હરામ છે ! ★**

મુસ્લિમોના દરેક યાદગાર દિવસો, ઈદો વગેરેમાં ખુશી એ રીતે મનાવવાની હોય છે કે રોજના કરતાં અધિક ઈબાદત કરવામાં આવે, ગુનાહનાં કામોથી દૂર રહીને રબને રાજી કરવાના કામો કરવામાં આવે. જેથી મીલાદુન્નબી ﷺના દિવસે પણ નેક કામો જે અગાઉ વર્ણન થયાં તે કરવામાં આવે. પણ અફસોસ કે આજકાલ ઘણે ઠેકાણે જુલૂસોમાં ક઼ાયદેસર વિવિધ બેન્ડબાજાની પાર્ટીઓને શરીક કરીને તેઓ વાજિંત્રો વગાડતા હોય છે ! **હે સુન્નીઓ ! ગૈરમુસ્લિમો પણ જાણે છે કે ઈસ્લામમાં વાજિંત્રો હરામ છે.** તો તમને એને વગાડતાં શરમ નથી આવતી ! અને તે પણ તે રસૂલેપાક ﷺના વિલાદતની ખુશીના પ્રસંગે કે જેમનું ખૂદનું ફર્માન છે કે, **"મારા રબ તઆલાએ મને વાજિંત્રોને તોડવા માટેનો હુકમ આપ્યો છે."** *(મિશ્કાત શરીફ, પેજ : ૧૮)*

જે નબી ખૂદ વાંજિત્રોથી આટલી બધી નફરત દર્શાવે તેમની જ વિલાદતની ખુશીમાં તમો વાજિંત્રો વગાડો એ કેટલી ગુમરાહીની વાત કહેવાશે ! જો નબી ﷺ સાથે સાચી મહોબ્બત જ હોય તો આવાં ધતીંગોને બંધ કરો અને આપની પ્યારી શરીઅત પર અમલ કરો.

વળી આજકાલ કેટલાક લોકો ડાયરેક્ટ મ્યૂઝિક નથી વગાડતા પણ નવી નવી સ્ટાઈલો અપનાવીને નઅત એ રીતે રજૂ કરે છે કે જાણે વાજિંત્રો વાગી રહ્યાં છે, એ રીતે કલા કારીગરી વડે નઅતો પઢીને લચક પેદા કરે છે. નઅત પઢનાર સાથે "અલ્લાહ ! અલ્લાહ !"નું ઝિક્ર કરનારા થકી ઢોલક જેવો અવાજ ગળામાંથી કાઢવામાં આવે છે ! એના બારામાં આપણા અગ્રેસર ઉલમાએ ફર્માવ્યું છે કે, "જો એ જાણી જોઈને (ધિનચુક ! ધિનચુક !) અવાજ કાઢવામાં આવે છે તો એ તદ્દન હરામ છે." *(ફતાવા નૂરાની)*

અને મોટાભાગે આવું ઝિક્ર નઅતખ્વાંની સાથેવાળા મ્યૂઝિક જેવી લચક પેદા કરવા માટે જ કરતા હોય છે, જેથી એનાથી પણ દૂર રહેવું અને નઅતે પાક જેવી પવિત્ર ચીજને આ હરામ કાર્યથી પાક રાખવી જોઈએ. વળી ટી.વી. પ્રોગ્રામોમાં પર્દાવાળી કે બેપર્દા સજીધજીને આવેલી સ્ત્રીઓ પણ નઅત પઢે છે તો આ પણ હરામ છે કે ઔરતનો અવાજ તથા ચહેરો વગેરે પણ ગૈરોથી છુપાવવાની ચીજ છે.

વળી ઘણે ઠેકાણે ગૈર ક઼ૌમોના તહેવાર જેમ ધાંધલ ધમાલ કરી મૂકતાં ફિલ્મી ગીતની જેમ નઅતની ધૂન રચવામાં આવે છે જેમ કે "સોણા આયા......આયા......" ગાય છે અને પછી ફિલ્મી ગીત પર થતા ડાન્સ જેમ યુવાનો ડાન્સ પણ કરવા લાગે છે ! અફસોસ ! અફસોસ ! શયતાન મુસલમાનો પર કેવા કેવા વાર કરી રહ્યો છે ! અને મુસ્લિમો એમાં ફસાતા જઈ રહ્યા છે. મારા ભાઈઓ ! અત્યાર સુધી નઅતો સાંભળી દિલ મહબ્બતે રસૂલ ﷺથી એટલુ નરમ થઈ જતું કે આંખોથી આંસૂંઓ ટપકવા માંડતાં, જ્યારે આજે છાકટા બનીને તમે ડાન્સ કરો છો ?! કોઈ લોકોને છેતરવા એને વજદ ન કહેશો ! કેમ કે ખુદા વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَની મહોબ્બતમાં જેને વજદ આવે તે તો તદન ભાનમાં નથી રહેતો એટલે સુધી કે તેને શરીરમાં સોયો ખોસી દેવામાં આવે તોય અસર ન જણાય ! જ્યારે આ તો નર્યો ડાન્સ કરવામાં કૂદતા ઝુમતા હોય છે, તો એ શરીઅતમાં જાઈઝ નથી. બલ્કે હઝરત ક઼ાઝી અયાઝ رحمة الله عليه ફર્માવે છે કે, "નબી ﷺની બારગાહમાં સલામ પેશ કરતી વખતે એ રીતે ઉભો રહો જેમ કે નમાઝમાં (હાથ બાંધી અદબભેર) ઉભા રહો છો, સંપૂર્ણ અદબ સાથે." તો સુન્નીઓ ! મહબ્બતે રસૂલ ﷺની શમ્અ ખરેખર દિલમાં જલે છે તો આ સર્વ હરામ તથા નાજાઈઝ કામોથી મીલાદની મેહફિલો, જુલૂસોને

પાક કરીને નબીપાક ﷺની ખુશ્નુદી હાંસલ કરવા કોશિશ કરો.

## ★ નમાઝ ફર્ઝ છે જ્યારે આ કામો મુસ્તહબ છે ★

વળી જુલૂસો દરમ્યાન કે સજાવટો, ડેકોરેશન કરવામાં મશ્ગૂલ રહીને ઘણા લોકો નમાઝો છોડી આપે છે ! **મસ્જિદમાં નમાઝની જમાઅત ઉભી છે અને આશિકે રસૂલ કહેવાતા યુવાનો મસ્જિદ બહાર ઝુમ્મરો ટીંગાડવામાં વ્યસ્ત છે ! મોટા ભાગે આશિક઼ોની સર્વ ચહલ પહલ મસ્જિદ બહાર જ જોવા મળે છે જ્યારે મસ્જિદોમાં સન્નાટા હોય છે !** આ તદ્દન ખોટુ છે. સાંભળી લો, નમાઝ તો ફર્ઝ છે અને બાકીનાં જે કામો થઈ રહ્યાં છે તે મુસ્તહબ છે, જેથી પ્રથમ નમાઝ અદા કરો પછી અન્ય કામો કરો તો જ તમારાથી અલ્લાહ ﷻ તથા નબી કરીમ ﷺ રાજી થશે.

વળી જુલૂસ દરમ્યાન ન્યાઝની મીઠાઈ વગેરે ઉભા ઉભા કે ચાલતાં ચાલતાં લોકો ખાય છે, ઉભા ઉભા શરબતો, ચાય પાણી વગેરે પીતા હોય છે તો એ પણ ઈસ્લામી તરીક઼ા વિરુદ્ધ છે જેથી એનાથી બચો અને નીચે બસીને ખાવા પીવાનું રાખો.

તેમજ કેટલીક જગાએ કેક કાપવાની વિધિ થાય છે તો એનાથી પણ બચો કે એ ક્રિશ્ચનોનો તરીક઼ો છે અને ગૈરોથી મુશાબેહત જાઈઝ નથી. માટે નબી ﷺની યાદ નબી ﷺના તરીક઼ા પર ચાલીને મનાવો, તેમના દુશ્મનોના તરીક઼ા પર ચાલીને ન મનાવો.

## ★ સ્ત્રીઓની ભેળસેળ દરેક ઠેકાણે હરામ છે ! ★

શાદીની મેહફિલ હોય કે અન્ય પ્રસંગ હોય કે દીની જલસા જુલૂસ હોય સ્ત્રીઓ થકી સંપૂર્ણપણે પર્દો ઈસ્લામમાં અનિવાર્ય છે, નહીં તો હરામ કામો તથા ગુનાહોનો સબબ એવી મેહફિલો બની જશે. જેથી મીલાદુન્નબી ﷺના જુલૂસમાં ઔરતોએ જોડાવુ જાઈઝ નથી. જ્યારે સ્ત્રીઓને નમાઝોની જમાઅત કે જે વાજિબ છે તેના માટે મસ્જિદમાં આવવાની ઈજાઝત નથી અને સ્ત્રી માટે જણાવાયું છે કે સ્ત્રી જેટલી વધુ અંદરના રૂમમાં નમાઝ પઢશે એટલો વધુ સવાબ પામશે. જ્યારે ફર્ઝ નમાઝ પઢવા મસ્જિદમાં થતી વાજિબ જમાઅતમાં શરીક થવાની છૂટ નથી તો આ મુસ્તહબ જુલૂસમાં જોડાવા સ્ત્રી કઈ રીતે હાજર થઈ શકે ?! વળી આજકાલ તો કેટલાક ઠેકાણે ગૈરક઼ૌમોના મેળાવડાની જેમ બનીઠનીને મોડેલો જેમ સજીને સ્ત્રીઓ જુલૂસમાં મર્દોની સાથે ભેળસેળ થતી જોવા મળે છે, તો આ સખત હરામ છે. એનાથી પણ બહેનો બચે. પુરૂષો પોતાના ઘરની સ્ત્રીઓને આવા જુલૂસોમાં જવાથી રોકે.

જો આપણે શરીઅતની પાબંદી સાથે મીલાદુન્નબી ﷺ મનાવીશું તો જ તેનો ફયૂઝ પામી શકીશું. રબ તઆલા આપણને શરીઅતના વર્તુળમાં રહીને જીવન જીવવાની તૌફીક઼ આપે.

## :: હઝરત શયખુલ ઈસ્લામના હસ્તે મસ્જિદની ઈફતેતાહ ::

તા. ૧૩–૧–૨૦૧૧ જુમ્આના રોજ ભરૂચ રેલ્વે સ્ટેશન પાસે હઝરત પીર નસીરુદ્દીન જલાલુદ્દીન ઔલિયા મસ્જિદની ઈફતેતાહ શયખુલ ઈસ્લામ હઝરત સૈયદ મુહમ્મદ મદની અશરફીયુલ જીલાની સાહબના મુબારક હસ્તે શાનો શૌકત સાથે કરવામાં આવી જેમાં જુમ્આના રોજ ૧.૦૦ વાગે બાબાએ ક઼ૌમ હઝરત મુહમ્મદ ક઼ાસિમ મિયાં અશરફીયુલ જીલાની સાહબે બયાન કર્યું અને હુઝૂર શયખુલ ઈસ્લામે નમાઝ અદા કરાવી હતી. પુષ્કળ મુરીદો, અક઼ીદતમંદો, ઉલમા, સાદાત તથા અવામે હાજરી આપી હતી જેથી મસ્જિદ બહાર રોડ પર તેમજ રેલ્વે પ્લેટફોર્મો પર પણ લોકો નમાઝ પઢયા હતા.

કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન

અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## સૂરએ આલિ ઈમરાનની તફસીર

ذٰلِكَ نَتْلُوْهُ عَلَيْكَ
مِنَ الْاٰيٰتِ وَ الذِّكْرِ الْحَكِيْمِ ﴿٥٨﴾ اِنَّ مَثَلَ عِيْسٰى
عِنْدَ اللّٰهِ كَمَثَلِ اٰدَمَ ؕ خَلَقَهٗ مِنْ تُرَابٍ ثُمَّ قَالَ
لَهٗ كُنْ فَيَكُوْنُ ﴿٥٩﴾ اَلْحَقُّ مِنْ رَّبِّكَ فَلَا تَكُنْ مِّنَ
الْمُمْتَرِيْنَ ﴿٦٠﴾ فَمَنْ حَآجَّكَ فِيْهِ مِنْ بَعْدِ مَا جَآءَكَ
مِنَ الْعِلْمِ فَقُلْ تَعَالَوْا نَدْعُ اَبْنَآءَنَا وَ اَبْنَآءَكُمْ
وَ نِسَآءَنَا وَ نِسَآءَكُمْ وَ اَنْفُسَنَا وَ اَنْفُسَكُمْ
ثُمَّ نَبْتَهِلْ فَنَجْعَلْ لَّعْنَتَ اللّٰهِ عَلَى الْكٰذِبِيْنَ ﴿٦١﴾
اِنَّ هٰذَا لَهُوَ الْقَصَصُ الْحَقُّ ۚ وَمَا مِنْ اِلٰهٍ اِلَّا
اللّٰهُ ؕ وَ اِنَّ اللّٰهَ لَهُوَ الْعَزِيْزُ الْحَكِيْمُ ﴿٦٢﴾ فَاِنْ
تَوَلَّوْا فَاِنَّ اللّٰهَ عَلِيْمٌۢ بِالْمُفْسِدِيْنَ ﴿٦٣﴾

### ત.....ર્જુ.....મો....

આ જે અમે પઢીને સંભળાવીએ છીએ તમને આયતો છે અને નસીહત હિકમતવાળી. બેશક ! દષ્ટાંત ઈસા عليه السلام નું અલ્લાહની નજીક આદમ عليه السلام ની જેમ છે[૬૩]. બનાવ્યા એમને માટી વડે પછી ફર્માવ્યું એને કે થઈ જા ! તો થઈ ગયું. (હે સાંભળનાર !) આ હકીકત (કે ઈસા ઈન્સાન છે) તારા રબના તરફથી (વર્ણન કરવામાં આવી) છે તો તું ન થઈ જા બેશક ! કરવાવાળાઓથી[૬૪]. પછી જે શખ્સ ઝઘડો કરે આપસમાં આ બારામાં એના પછી કે આવી ગયો આપની પાસે (યકીની) ઈલ્મ તો તમે કહી આપો કે આવો ![૬૫] અમે બોલાવીએ અમારા પુત્રોને પણ અને તમારા પુત્રોને પણ, અમારી સ્ત્રીઓને પણ અને તમારી સ્ત્રીઓને પણ[૬૬] પોતે પોતાને પણ અને તમને પણ[૬૭] પછી ઘણી જ આજીજીપૂર્વક (અલ્લાહની બારગાહમાં) અરજ કરીએ, પછી મોકલીએ લઅનત જૂઠાઓ પર. બેશક ! આ જ સાચો બનાવ છે[૬૮]. અને નથી કોઈ મઅબૂદ અલ્લાહના સિવાય, અને બેશક ! અલ્લાહ જ સર્વોપરી (ગાલિબ) છે (અને) હિકમતવાળો છે. પછી જો તેઓ મોઢું ફેરવે તો અલ્લાહ તઆલા સારી રીતે જાણવાવાળો છે ફસાદ ખડો કરનારાઓને.

### તફસીર.........

**૬૩.** ઈસાઈ હઝરત ઈસા عليه السلام ની વિના પિતાએ થયેલ પેદાઈશને એ વાતની દલીલ બનાવતા હતા કે આપ ખુદા કે ખુદાના પુત્ર છે. કુર્આને કરીમ એની ઉઘાડી રદ કરે છે કે જો ઈસા عليه السلام ખુદા હોવાની આ જ દલીલ છે તો પછી આદમ عليه السلام ના સંબંધે તમારું શું કહેવું છે ?! કે તેમનો તો ન કોઈ બાપ હતો અને ન કોઈ મા ! જો તેમને તમો માણસ માનો છો તો ઈસા عليه السلام ને શા માટે ખુદા કે ખુદાના પુત્ર બનાવો છો ?! અલ્લાહ તઆલાની કામિલ કુદરતની સમક્ષ આદમ તથા ઈસા عليهما السلام ની પેદાઈશ એક સમાન છે, તે પણ એ કુદરતનું પ્રદર્શન છે અને આ પણ, એની મશિય્યતના કરિશ્માની જાહેરાત છે, ન ખુદાનો દમ ભરવાનો એને હક્ક પહોંચે છે ન અમને. સૌ એના બંદા હોવા પર અને તેને પોતાનો રબ સમજવા

પર આભારવશ છે. ઈસાઈઓમાં પણ કેટલાય એવા ફિર્કા થઈ ગયા છે જેઓ હઝરત ઈસા علیہ السلامને અલ્લાહનો બંદો માનતા હતા, અને તેમને ખુદા માનતા હતા ન ખુદાનો પુત્ર માનતા હતા.

**૬૪.** હઝરત ઈસા علیہ السلامની હકીકત યહૂદીઓની આક્ષેપબાજીઓ અને ઈસાઈઓની અતિશયોક્તિભરી વાતોમાં ગુમ થઈને રહી ગઈ હતી. કુર્આને એ સર્વ પર્દા હટાવી નાખ્યા. તેમની તથા તેમનાં વાલિદાની તહારત તથા પવિત્રતા, તેમની અજીબો ગરીબ પેદાઈશ, તેમના આશ્ચર્યજનક મો'જિઝાઓ પણ વર્ણવી આપ્યા અને તેમનું બંદા હોવું પણ સાબિત કરી આપ્યું. હવે એના પર એવું કહીને મોહર મારી દીધી કે, **الحق من ربك** "આ તે સત્ય હકીકત છે જે અલ્લાહ તઆલાએ વર્ણવી છે." એટલા માટે એમાં શંકાકુશંકાને કોઈ અવકાશ નથી. **فلا تکونن**માં સંબોધન ક્યાં તો કુર્આનના દરેક પઢનારા સાંભળનારાને છે અથવા સંબોધન હુઝૂરે અકરમ صلی اللہ علیہ وسلمને છે અને મુરાદ હુઝૂર صلی اللہ علیہ وسلمની ઉમ્મત છે કેમ કે હુઝૂર صلی اللہ علیہ وسلمની પોતાની જાત શંકાકુશંકાથી પર હતી. *(અલ કુર્તબી)*

**الخطاب للنبی صلی اللّٰہ تعالٰی علیہ وآلہٖ وسلّم والمراد متہ لانہ صلی اللّٰہ تعالٰی علیہ وآلہٖ وسلّم لم یکن شاکافی امرعیسٰی علی السلام** (અલ કુર્તબી)

**૬૫.** બની નજરાનના પ્રતિનિધિમંડળની સર્વ શંકાકુશંકાઓનો કુર્આને હકીમે તેહકીકી જવાબ આપી દીધો અને એવી ઉઘાડી તથા રોશન દલીલો પેશ કરી જેના પછી કોઈ હક્કના તલબગાર માટે ઈન્કારનો અવકાશ ન રહ્યો. પરંતું તેમણે તેમ છતાં પણ તૌહીદની દા'વતને ન સ્વીકારી અને પોતાની ત્રણ ખુદાવાળી માન્યતા પર અડી રહ્યા તો એ પૂર્વગ્રહી (દુશ્મનો) પર દલીલ કાયમ કરવા માટે અલ્લાહ તઆલાએ પોતાના રસૂલને તેમનાથી મુબાહેલા કરવાનો હુકમ આપ્યો. મુબાહેલા એને કહે છે કે બંને પક્ષો ખૂબ જ આજીજીપૂર્વક અલ્લાહ તઆલાના દરબારમાં એવી દુઆ કરે કે એમનામાંથી જે જૂઠો હોય એના પર અલ્લાહ તઆલાની લઅનત પડે. જેથી હુઝૂરે કરીમ صلی اللہ علیہ وسلم હઝરત ઈમામ હુસૈનને ઉઠાવીને, હઝરત હસનને આંગળી પકડીને તશરીફ લાવ્યા અને હુઝૂર صلی اللہ علیہ وسلمની પાછળ પાછળ ખાતૂને જન્નત હઝરત ફાતિમતુઝ્ઝહરા તથા એમની પાછળ હૈદરે કર્રાર હઝરત અલી (رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَ) આવી રહ્યા હતા. અને હુઝૂરે નજરાનના પ્રતિનિધિમંડળને મુબાહેલાની દા'વત આપી. જ્યારે તેઓએ આ નૂરાનના ચહેરા જોયા તો તેમના સસ્કુબ (લાટ પાદરી)એ કહ્યું કે, જો તમે તેમની સાથે મુબાહેલો કર્યો તો યાદ રાખો ! તમારું નામોનિશાન સુદ્ધાં નષ્ટ થઈ જશે. જેથી તેમણે સલાહ મશ્વરા માટે મુદ્દત માગી અને બીજા દિવસે મુબાહેલો કરવાથી ના પાડી દીધી અને જિઝિયો અદા કરવા માટે તૈયાર થઈ ગયા અને સુલહ કરી લીધી. આ બનાવ હિ.સ. ૧૦માં બન્યો જે હુઝૂરે અકદસ علیہ الصلوٰۃ والسلامની નબુવ્વત તથા ઈસ્લામની સચ્ચાઈ તથા ઈસાઈઓના ત્રણ ખુદાવાળી માન્યતાના અકીદાને બાતિલ ઠરાવવા માટે રદ ન થઈ શકે તેવી દલીલ છે. જો હુઝૂરે કરીમ صلی اللہ علیہ وسلمને પોતાની નબુવ્વતના સંબંધે રજ માત્ર પણ શંકા હોત તો જાતે પોતે તે બુઝુર્ગ તથા અઝીઝ હસ્તીઓની સાથે મુબાહેલાના મેદાનમાં શાથી તશરીફ લાવતા. અને જો નસરાની (ઈસાઈ)ઓને પોતાના અકીદાની સચ્ચાઈનું યકીન હોત તો તે કદી મુબાહેલો કરવાથી દૂર ન ભાગતા.

**૬૬.** અમુક લોકોએ અહીં એ સાબિત કરવાની નિરર્થક કોશિશ કરી છે કે નબી કરીમ علیہ الصلوٰۃ والسلامની કેવળ એક સાહબઝાદી હઝરત ફાતિમતુઝ્ ઝહરા رضی اللہ عنہا જ હતાં, નહીં તો અન્ય સાહબઝાદીઓ પણ જો દિવસે મુબાહેલામાં શરીક થાત. તો તેમની ખિદમતમાં ગુઝારિશ છે કે ઈતિહાસની સર્વ વિશ્વસનીય કિતાબો (નાસિખુત્તવારીખ તથા કાફી વગેરે)માં મૌજૂદ છે કે હુઝૂર صلی اللہ علیہ وسلمની ચાર

સાહબઝાદીઓ હતી. અને એ દિવસે ખાતૂને જન્નતનું એકલા તશરીફ લાવવું એ કારણે હતું કે અન્ય સાહબઝાદીઓ હઝરત રુકૈયા હિ.સ. ૨માં, હઝરત ઝયનબ હિ.સ. ૮માં ઈન્તેકાલ કરી ચૂક્યાં હતાં, અને હઝરત ઉમ્મે કુલ્સૂમે હિ.સ. ૯માં ઈન્તેકાલ કર્યો. અને આ બનાવ હિ.સ. ૧૦માં બન્યો.

**૬૭.** આ શબ્દથી અમુક લોકોએ હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ની ડાયરેક્ટ ખિલાફત માટે દલીલ કરી છે. તેમનું કહેવું છે કે **انفسنا**થી મુરાદ હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم છે. જેનાથી સાબિત થયું કે આપ નફસે રસૂલ છે જાણે આપ રસૂલ જેવા છે. તો જ્યારે આપ હુઝૂરે કરીમ ﷺના સમાન થઈ ગયા તો પછી આપનાથી વધુ ખિલાફતનો હક્કદાર કોણ થઈ શકે છે ! તો એના વિશે જણાવવાનું કે હઝરત અલીની ગણના **ابنائنا**માં છે, કેમ કે આપ નબી કરીમ علیہ الصلوٰۃ والسلامના જમાઈ હતા, અને જમાઈને પુત્ર (બેટા) કહેવામાં આવે છે. અને જો **انفسنا**માં જ ગણત્રી કરવામાં આવે તો એકરૂપતા તથા સમાનતા ક્યાંથી સાબિત થઈ, કેમ કે આ શબ્દ તો એ લોકો માટે પણ વપરાય છે જેઓ નજીકના સગા તથા જાતિભાઈ હોય.

જેમ કે **یخرجون انفسھم من دیارھم** "તેઓ પોતાના નફસોને એટલે પોતાના જાતિભાઈઓને તેમના વતનથી કાઢી રહ્યા છે." **ولا تخرجون انفسکم من دیارکم** "પોતાના વતનથી નફસીઓ એટલે જાતિભાઈઓને કાઢવા." **ثم انتم ھؤلاء تقتلون انفسکم** આ સર્વ આયતોમાં, તેમના સિવાય વિવિધ અન્ય આયતોમાં **انفس**નો શબ્દ દીની તથા કૌમી ભાઈઓ માટે વપરાયો છે.

**૬૮.** આ હિકાયતો તથા તફસીલો પછી આ આયતમાં એ સર્વનો સાર વર્ણવી આપ્યો કે અલ્લાહ તઆલાના વિના કોઈ ખુદા તથા મઅબૂદ નથી, જે કોઈ મખ્લૂકને ખુદા કે ખુદાનો પુત્ર સ્વીકારે તો સીધા માર્ગેથી ભટકી ગયો છે.

પેજ નં. ૦૨ નું ચાલુ...

તેમની મહોબ્બતથી ખાલી કરી દઈએ તો યકીન કરી લો કે રૂહ નીકળી ગઈ અને કેવળ શરીરનું બેકાર પૂતળુ બાકી છે, એટલા માટે ઈશ્કે નબવી જરૂરી છે. જશ્ને મીલાદુન્નબી ﷺ પર આપણે શું ખુશી મનાવીએ, એમના આગમન પર તો ફરિશ્તાઓએ ખુશી મનાવી અને ખુશીનાં ગીતો ગાયાં. આવો ! આપણે દુઆ કરીએ કે આપણા દિલના સાઝ પર હમેશાં એમનાં ગીતો બજતાં રહે, અને આપણુ પૂરું અસ્તિત્વ તેમના જ ઈશ્કના ચિરાગ થકી મુનવ્વર તથા પ્રકાશિત રહે.

આપણી સર્વ કામયાબીઓ તેમના જ વજૂદ તથા તેમની જ અતાઓને આભારી છે. તેમના આગમન પહેલાં યહૂદીઓની હાલત એ હતી કે તેઓ કાફિરો તથા મુશ્રિકો સાથે જ્યારે જંગ કરતા અને કામયાબીની શક્યતાઓ નહિવત રહેતી તો બારગાહે રબ્બુલ ઈઝ્ઝતમાં આ પ્રમાણે દુઆ કરતા કે : "હે અલ્લાહ ! તને તારા તે નબી (ﷺ)નો વાસ્તો આપીને અરજ કરીએ છીએ જેના આગમનનો તેં અમારાથી વાયદો કર્યો છે, આજે અમને અમારા દુશ્મન પર જીત આપ !" તો હુઝૂર ﷺના સદકામાં અલ્લાહ તઆલા તેમને ફતહ આપતો. (રૂહુલ મઆની, કુર્તબી વગેરે)

અલ્લાહ جل جلالہ જે રસૂલે મુકર્રમના સદકામાં તેમને ફતહ અતા કરતો, અને જ્યારે તે પ્યારા પયગંબર તશરીફ લાવ્યા તો એમના પર ઈમાન લાવવાથી ઈન્કાર કરી ગયા. ફિટકાર થાય અલ્લાહની આવું કુફ્ર કરનારાઓ પર ! આજે યહૂદી વિચારધારાના ઝંડાધારીઓ મુસ્લિમ સમાજમાં મીલાદુન્નબી ﷺ તથા હુઝૂર علیہ الصلوٰۃ والسلامથી આ અકીદાની સાથે કે હુઝૂર علیہ الصلوٰۃ والسلامને અલ્લાહે આપવાવાળા બનાવ્યા છે આપથી માંગવાથી રોકી રહ્યા છે અને એને શિર્કનો ફત્વો આપતા જોવા મળે છે, એવા લોકો પર ફિટકાર થાય અલ્લાહ عزوجلની જેવી કે યહૂદીઓ પર થઈ. *(સુન્ની દા'વતે ઈસ્લામી, ઉર્દૂ મંથલી–મુંબઈ, ફેબ્રુઆરી–૨૦૧૨)*

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જે ઈલ્મ વિના ફત્વો આપે તેનો ગુનોહ ફત્વો લેનાર ઉપર છે[1]. અને જે પોતાના ભાઈને કોઈ ચીજનો મશ્વરો એવું જાણવા છતાં આપે કે દુરુસ્તી એના સિવાયમાં છે તો તેણે તેની ખયાનત કરી[2]. *(અબૂ દાઊદ)*

હઝરત મુઆવિયહથી રિવાયત છે ફર્માવે છે નબી કરીમ علیہ الصلوٰۃ والسلامએ કોયડાથી મના ફર્માવ્યું[3]. *(અબૂ દાઊદ)*

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે ફર્માવે છે કે નબી ﷺએ ફર્માવ્યું કે ઈલ્મે મીરાષ (વારસાનો ઈલ્મ) અને કુર્આન શીખો અને લોકોને શીખવાડો કે મારી વફાત થનારી છે[4]. *(તિર્મિઝી)*

હઝરત અબૂ દરદા رضی اللہ عنہથી રિવાયત છે ફર્માવે છે કે અમે નબી કરીમ ﷺની સામે હતા એવામાં સરકાર علیہ الصلوٰۃ والسلامએ આકાશની તરફ નિગાહ ઉઠાવી પછી ફર્માવ્યું કે આ તે સમય છે જ્યારે ઈલ્મ લોકોથી ઉઠાવી લેવામાં આવશે ત્યાં સુધી કે કોઈ ચીજ માટે શક્તિમાન નહીં થાય[5]. *(તિર્મિઝી)*

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી[6] રિવાયત છે કે લોકો ઈલ્મની તલાશ કરવામાં ઊંટોની છાતીઓ પીટશે તો મદીનાના એક આલિમથી મોટો કોઈ આલિમ પામશે નહીં[7]. અને તિર્મિઝીએ રિવાયત કરી અને જામિઆ તિર્મિઝીમાં છે કે ઈબ્ને ઐનિયાએ ફર્માવ્યું કે તે માલિક ઈબ્ને અનસ છે અને એ જ પ્રમાણે અબ્દુર્રઝ્ઝાક્થી રિવાયત છે[8]. ઈસ્હાક્ ઈબ્ને મૂસાએ ફર્માવ્યું કે મેં ઈબ્ને અયનિયાને સાંભળ્યા, તે ફર્માવે છે કે તે ઉમરી ઝાહિદ છે, તેમનું નામ અબ્દુલઅઝીઝ ઈબ્ને અબ્દુલ્લાહ છે[9].

## સ....મ....જૂ....તી....

**૧.** એના બે અર્થો થઈ શકે છે : એક એ કે જે શખ્સ ઉલમાને છોડીને જાહિલોને મસ્અલો પૂછે અને તે ગલત મસ્અલો બતાવે તો પૂછનાર પણ ગુનેહગાર થશે કે તે આલિમને છોડીને તેની પાસે શા માટે ગયો ? તે ન પૂછતો તો તે ગલત મસ્અલો ન બતાવત. આ સંજોગોમાં اَفْتٰی (અફતા)એ اِستِفْتٰی (ઈસ્તિફતા)ના અર્થમાં છે. બીજુ એ કે જે શખ્સને ગલત ફત્વો આપવામાં આવ્યો તો એનો ગુનોહ ફત્વો આપનાર છે. આ સ્થિતિમાં પ્રથમ اُفْتِیَ મજહૂલ છે. સારાંશ કે ઈલ્મ વગર શરઈ મસ્અલો બયાન કરવો સખત જુર્મ છે.

**૨.** એટલે કે જો કોઈ મુસલમાન કોઈની પાસે મશ્વરો માંગે અને તે જાણી જોઈને ગલત મશ્વરો આપે કે જેથી તે મુસીબતમાં સપડાય જાય, તો એ સલાહ આપનાર પાકો ખયાનત કરનાર છે. ખયાનત કેવળ માલમાં જ નથી થતી બલ્કે રહસ્ય, ઈજ્જત, મશ્વરા વગેરે સર્વમાં થાય છે.

**૩.** એટલે પબ્લિક સમક્ષ ફિક્હી કોયડા (દીની મસાઈલની સમસ્યા) રજૂ કરવા અને તેને હલ ન કરવા અથવા ઉલમાનુ એકબીજાને ઝલીલ કરવા માટે તથા પોતાની ઉચ્ચતા જાહેર કરવાના માટે શરઈ કોયડા પૂછવા નાજાઈઝ છે, કેમ કે એ મો'મિનને તકલીફનો સબબ છે. તાલિબે ઈલ્મોને (વિદ્યાર્થીઓને) તેમનુ દિમાગ તેજ કરવા માટે ઉસ્તાદનું ફિક્હી પ્રશ્નો પૂછવું બિલ્કુલ જાઈઝ છે. જેમ કે એવું પૂછવું કે તે કઈ સફર છે જેમાં કસર

નથી અથવા એ કઈ સ્થિતિ છે કે નમાઝી પોતાના ઘરમાં સમયની નમાઝ કસર પઢે. અથવા તે કઈ સ્થિતિ છે કે નમાઝ પઢવામાં આવે તો ન થાય અને બાદમાં આપોઆપ થઈ જાય. તે કયા બુઝુર્ગ છે જેમની પોતાની ઉમર ૪૦ વરસ, પુત્રની ૧૨૦ વરસ અને પૌત્રની નેવુ વરસ, અને ત્રણેવ એક જ સમયે જીવંત છે. આ પ્રકારના ઘણા કોયડા અલ્લામા શામી વગેરેએ દર્શાવ્યા છે. એનાથી બુદ્ધિની તીવ્રતા વધારવાનો હેતુ છે, ન કોઈને બેઈજ્જત કરવાનો.

**૪.** એટલે કે હું તમારા વચ્ચે હમેશાં રહીશ નહીં, મારી વફાતથી પહેલાં કુર્આને કરીમના સર્વ અહકામ (હુકમો) ખાસ કરીને વારસાનો ઈલ્મ મારાથી શીખી લો અને તમારા બાદવાળા તમારાથી શીખે. કેમ કે વારસાના ઈલ્મથી અદલો ઈન્સાફ સલામત છે. સર્વ ઈલ્મોનો સંબંધ જિંદગીથી છે અને એનો સંબંધ મૌતથી છે. તેમજ કયામતની નજીક એ ઈલ્મ દુનિયાથી ઉઠી જશે એટલા માટે ખાસ કરીને તેને શીખવાની તાકીદ ફર્માવી.

**૫.** ઈલ્મથી ઈલ્મે દીન મુરાદ છે અને આ બનાવ કયામતની નજીક થશે. જ્યારે માલ વધી જશે અને ઈલ્મે દીન ઘટી જશે, બલ્કે નષ્ટ થઈ જશે કે ઉલમા મૃત્યુ પામશે અને પેદા ન થશે. આ હદીષથી જાણવા મળ્યું કે **હુઝૂરની નિગાહ સેંકડો વરસો પછી આવનારા બનાવોને પણ જોઈ લે છે, તેમના માટે અસ્તિત્વમાં અનઅસ્તિત્વ હોય તથા જાહેર છુપી સર્વ ચીજો એક સમાન છે.** જેમ કે ફર્માવી રહ્યા છે, هٰذَا اٰوَانٌ જેવી રીતે આપણે ખ્વાબો ખયાલમાં આગલી પાછલી ચીજોને શકલોમાં જોઈ લઈએ છીએ. મિસરના બાદશાહે આવનારા દુકાળને ગાય તથા કંતીઓના રૂપમાં ખ્વાબમાં જોયો. અંબિયા અને તેમના તુફૈલથી અમુક અવલિયાની નજરો આપણા ખ્વાબો તથા ખયાલોથી અધિક તેજ હોય છે. હુઝૂર ﷺએ મેઅરાજમાં દોઝખીઓના તે અઝાબો જોઈ લીધા જે કયામત પછી થવાના છે. (આને જ ઈલ્મે ગયબ કહે છે !)

**૬.** એટલે કે આ કથન એમનું પોતાનુ નથી બલ્કે હુઝૂર علیہ الصلوٰۃ والسلامનું ફર્માન છે. હદીષ મરફૂઅ છે મૌકૂફ નથી.

**૭.** એટલે કે મારા બાદ નજીકમાં જ લોકો ઈલ્મની તલાશમાં ચોતરફ સફર કરશે અને મદીના મુનવ્વરામાં એક એવો આલિમ હશે કે એના મુકાબલામાં એ સમયે મદીનામાં પણ કોઈ આલિમ હશે નહીં તો બીજે ક્યાંથી હોય.

**૮.** એટલે કે બે બુઝુર્ગોની રાય છે કે એ આલિમથી મુરાદ ઈમામ માલિક છે કે આપ મઝહબના ઈમામ છે, ઈમામ શાફઈના ઉસ્તાદ છે. યાદ રાખશો કે આ જે તે સમયના લેહાઝથી છે, નહીં તો ઈમામ માલિકથી પહેલાં હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફા વગેરે મહાન મહાન ઉલમા થઈ ગયા છે.

**૯.** આપનું નામ અબ્દુલ્લાહ ઈબ્ને હફસ ઈબ્ને આસિમ ઈબ્ને ખત્તાબ છે, પણ પ્રથમ કૌલ અધિક સહીહ છે. અશિઅતુલ લમ્આતે ફર્માવ્યું કે આ બનાવ કયામત નજીક થશે જયારે કે ઈલ્મ મદીના મુનવ્વરામાં સીમિત થઈ જશે. અલ્લાહ બેહતર જાણનાર છે.

## ★ મુજદ્દિદે આ'ઝમ કોન્ફરન્સ ★

સંજાણબંદર : મુકામે તા. ૭–૧–૨૦૧૨ના રોજ હઝરત અલ્લામા અલ્હાજ સૈયદ અફઝુલર્રહમાન સાહબ કિબ્લા ઉર્ફ અંજુમિયા : સજ્જાદાનશીન આસ્તાના આલિયા ગંજમુરાદાબાદ શરીફ (યુ.પી.)ની સરપરસ્તીમાં મુજદ્દિદે આ'ઝમ કોન્ફરન્સમાં શાહઝાદાએ બદરે મિલ્લત હઝરત મુફતી જમાલુદ્દીન રઝવી ગોરખપુરી તેમજ હઝરત મુફતી શમ્સુદ્દીન ગોંડવી (ખતીબ : સુન્ની જામા મસ્જિદ–મકરાણા)નાં શાને ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہમાં શાનદાર બયાનો થયાં. નઅતખ્વાં મુહમ્મદ સલીમ સાહબ નાગપુરી તથા તુફૈલ અહમદ સાહબ ભીલાડવાળા નઅતો મન્કબત પેશ કરી હતી. મોટી સંખ્યામાં આસપાસના તથા સ્થાનિક ઉલમા, નઅતખ્વાં તથા અવામે બહોળી સંખ્યામાં હાજરી આપી કોન્ફરન્સને કામયાબ બનાવી હતી. *(રજૂકર્તા : શબ્બીરભાઈ ટેલર–સંજાણબંદર)*

# હદાઈકે બખ્શિશ

અઝ
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા
મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

અનુવાદક તથા રૂપાંતરકર્તા
મૌલાના સાદિક સાબરી દહેગામી

**ઝહે ઈઝ્ઝતો એ'તેલાએ મુહમ્મદ ﷺ**
**કે હૈ અર્શે હક્ક ઝેરે પાએ મુહમ્મદ ﷺ**

*(ઝહે = શું સરસ, એ'તેલાએ મુહમ્મદ ﷺ = હુઝૂર ﷺની બુલંદી ઉચ્ચતા, અર્શે હક્ક = ખુદાનું અર્શ, ઝેરે પા = પગ નીચે)*

**અર્થ :** શું સરસ છે મેઅરાજના દુલ્હા હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺની શાન, ઈઝ્ઝત અને ઉચ્ચતા કે અલ્લાહનું અર્શ પણ આપની નીચે છે અને હુઝૂર અર્શે આ'ઝમથી પણ ઉપર લામકાં પધાર્યા છે. આ શેઅરમાં હુઝૂર ﷺના મકામની બુલંદીનું વર્ણન છે. હદીષો અને રિવાયતોથી સાબિત છે કે આપ ﷺ મેઅરાજની રાતે લામકાં પહોંચ્યા. *(શિફા શરીફ, મવાહિબે લદુન્નિયા, હાશિયા તકમીલુલ ઈમાન, શર્હે શિફા, શર્હે હમ્ઝીયહ ઈમામ મક્કી, ફુતૂહાતે અહમદિયહ, નસીમુર્રિયાઝ, ફુતૂહાતે મક્કિયહ, અશિઅતુલ્લમ્આત શર્હે મિશ્કાત, મદારિજુન્નબુવ્વત, બુખારી શરીફ)*

**મકાં અર્શ ઉનકા ફલક ફર્શ ઉન્કા**
**મલક ખાદિમાને સરાએ મુહમ્મદ ﷺ**

*(ફલક = આકાશ, ફર્શ = બેસવાની જગ્યા, મલક = ફરિશ્તા, ખાદિમાન = ખિદમત કરનારા, સરાએ મુહમ્મદ = હુઝૂર ﷺની બારગાહ)*

**અર્થ :** અર્શે આ'ઝમ હુઝૂર علیہ الصلوٰۃ والسلامની કયામગાહ છે અને આકાશ આપની સફરગાહ અને ફરિશ્તાઓ આપની બારગાહના ખાદિમ છે.

**ખુદા કી રઝા ચાહતે હૈં દો આલમ**
**ખુદા ચાહતા હૈ રઝાએ મુહમ્મદ ﷺ**

*(રઝા = ખુશી, મરજી, દો આલમ = બંનેવ જહાન)*

**અર્થ :** આખી કાઈનાત ખુદાને રાજી કરવા ચાહે છે અને ખુદા ચાહે છે કે મુસ્તફા રાજી રહે. આ શેઅર એક હદીષ શરીફનો તર્જુમો છે. હદીષ શરીફમાં છે કે ખુદા ફર્માવે છે :"હે નબી ! બધા મારી રઝા ચાહે છે અને હું તારી રઝા ચાહું છું." *(તકમીલુલ ઈમાન, શૈખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી, પેજ : ૩૨, નુઝહતુલ મજાલિસ, ભાગ : ૨, પેજ : ૧૩૫, ફતાવા રશીદિયહ, પેજ : ૩૭૪, મક્તૂબાતે ખ્વાજા, પેજ : ૩૭, મિર્કાત શર્હે મિશ્કાત, ભાગ : ૫, પેજ : ૩૬૯, તફસીરે ફુયૂઝુર્રહમાન, પારા : ૨)*

સૌ કોઈ ખુદાને રાજી કરવા ચાહે છે અને ખુદા નબીને રાજી રાખે છે. ઉપરોક્ત હદીષ અને તેના અર્થની બીજી બધી રિવાયતો ઉપરના હવાલાની કિતાબમાં જોઈ શકાય છે અને આ હદીષ મઅનવી (અર્થની) રીતે બિલકુલ સહીહ છે. *(મૌઝૂઆતે કબીર)*

વધુ વિગત જાણવા માટે અલ્લામા ફૈઝ અહમદ ઓવૈસીની કિતાબ શર્હે હદીષે લવલાકનો અભ્યાસ કરો.

ઉપર દર્શાવેલ હદીષને કુર્આન શરીફની ઘણી આયતો અને ઘણી બધી અન્ય હદીષોથી સમર્થન મળે છે. નમૂના રૂપે અમુક આયતો આ પ્રમાણે છે : (તર્જુમા) (૧) અને નિકટ છે તમારો રબ તમને એટલુ આપશે કે તમે રાજી થઈ જશો. *(સૂરએ દુહા, પારા : ૩૦, આયત : ૫)* (૨) તો જરૂર તમને ફેરવી દઈશું તે કિબ્લા તરફ જેમાં તમારી ખુશી (રઝા) છે. *(પારા : ૨, રુકૂઅ : ૧, આયત : ૧૪૪)* (૩) તેઓ માટે છે જે તે ચાહે પોતાના રબની પાસે." *(પારા : ૨૪, રુકૂઅ : ૧, આયત : ૩૪)* (૪) દૂર કરો જેને તમે ચાહો તેઓમાંથી,

અને પાસે રાખો જેને તમે ચાહો. *(પારા : ૨૨, રુકૂઅ : ૩, આયત : ૫૧)*

હદીષમાં છે : (તર્જુમો) : (૧) હઝરત આઈશા رضی اللہ عنہا ફર્માવે છે, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم હું આપના રબને જોઉં છું કે આપની ઈચ્છાને પૂર્ણ કરવા જલ્દી કરે છે. *(બુખારી શરીફ)* (૨) જ્યારે કયામતમાં હુઝૂર صلی اللہ علیہ وسلم શફાઅત માટે સજદામાં જશે તો ખુદા ફર્માવશે, હે નબી ! માથુ ઉઠાવો અને તમારી મરજી પ્રમાણે માંગો, તમને આપવામાં આવશે. *(મુસ્લિમ શરીફ, ભાગ : ૧, પેજ : ૧૦૯)* (૩) સૂરએ દુહાની આયત પની તફસીરમાં ઈમામ જલાલુદ્દીન સિયૂતી رحمۃ اللہ علیہ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત નકલ કરે છે, "નબીએ પાક علیہ الصلوٰۃ والسلام રાજી નહીં થાય જ્યાં સુધી આપનો એક પણ ઉમ્મતી દોઝખમાં રહી જશે." સારાંશ આપ જ્યાં સુધી ઉમ્મતીઓને જન્નતમાં નહીં મોકલી આપે ત્યાં સુધી રાજી થશે નહીં. *(તફસીરે દુર્રે મન્સૂર, ભાગ : ૬, પેજ : ૩૬૧)* (૪) મારા રબે મારી ઉમ્મત વિશે મારાથી મશ્વરો કર્યો કે તેની સાથે કેવો સુલૂક કરું. *(ઈબ્ને અસાકિર, ખસાઈસે કુબ્રા)* (૫) જ્યારે હુઝૂર علیہ الصلوٰۃ والسلام ઉમ્મતને બખ્શાવી રહ્યા હશે તો અલ્લાહ તબારક વ તઆલા છેલ્લે ફર્માવશે, "હે નબી ! શું તમે રાજી થઈ ગયા ?" (૬) હઝરત હસ્સાન رضی اللہ عنہ ફર્માવે છે : "હુઝૂર ! ખુદા પાકે આપને આપની મરજી પ્રમાણે પેદા કર્યા."

આ શેઅરમાં આ'લા હઝરત رحمۃ اللہ علیہએ વહાબી દેવબંદીઓનું રદ પણ કર્યું છે જેવું કે તેમની માન્યતા છે કે, "રસૂલના ચાહવાથી કશું થતુ નથી ! અને તેમની ઈચ્છા કશી ચાલતી નથી." *(તક્વિયતુલ ઈમાન, પેજ : ૨૪–૭૧, ઈસ્માઈલ દહેલ્વી)* આ અકીદો કુર્આન અને હદીષની સરાસર વિરુદ્ધ છે.

**અજબ ક્યા અગર રહમ ફર્માએ હમ પર**
**ખુદાએ મુહમ્મદ બરાએ મુહમ્મદ صلی اللہ علیہ وسلم**

*(અજબ ક્યા = આશ્ચર્યની વાત શું છે, બરાએ મુહમ્મદ صلی اللہ علیہ وسلم = હુઝૂર صلی اللہ علیہ وسلمના સદકામાં)*

**અર્થ** : એમાં આશ્ચર્ય શું છે જો હુઝૂર صلی اللہ علیہ وسلمનો ખુદા હુઝૂર صلی اللہ علیہ وسلمના સદકામાં આપણા ઉપર રહમ ફર્માવે. કારણ કે તેણે ખૂદ કુર્આનમાં ફર્માવ્યું છે : "જેથી અલ્લાહ તઆલા બખ્શી આપે આપના સદકામાં આપની ઉમ્મતના આગલા અને પાછલા ગુનાહ." *(પારા : ૨૬, સૂરએ ફતહ, આયત : ૧)* ઉપર ગુજર્યું કે ખુદા તઆલા મુસ્તફા صلی اللہ علیہ وسلمની રઝા અને મરજી ચાહે છે અને હુઝૂર صلی اللہ علیہ وسلم ત્યારે જ રાજી થશે જ્યારે આપની ઉમ્મત બખ્શાઈ જશે એટલે કે ખુદાએ મુહમ્મદ صلی اللہ علیہ وسلم બરાએ મુહમ્મદ صلی اللہ علیہ وسلم ઉમ્મત પર મહેરબાન થશે.

**મુહમ્મદ બરાએ જનાબે ઈલાહી**
**જનાબે ઈલાહી બરાએ મુહમ્મદ صلی اللہ علیہ وسلم**

*(બરાએ = માટે)*

**અર્થ** : હુઝૂર صلی اللہ علیہ وسلم અલ્લાહ માટે છે અને અલ્લાહ હુઝૂર صلی اللہ علیہ وسلمનો છે.

આ શેઅર એક હદીષનો ભાવાર્થ દર્શાવે છે હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہથી મરવી છે કે, "અલ્લાહ તઆલાએ બંદાઓનાં દિલો તરફ નજર ફર્માવી અને હુઝૂર علیہ الصلوٰۃ والسلامના દિલ મુબારકને સૌથી બેહતર પામ્યું, તો ખુદાએ પોતાની જાતના લીધે પસંદ કરી લીધા." *(નસીમુર્રિયાઝ)*

**બસી ઈત્રે મહબૂબીયે કિબ્રિયાસે**
**એબાએ મુહમ્મદ કબાએ મુહમ્મદ صلی اللہ علیہ وسلم**

*(બસી = સુગંધિત થઈ ગઈ, ઈત્રે મહબૂબીયે કિબ્રિયાસે = અલ્લાહની મહબૂબીના અત્તરથી, એબા = લાંબો ઝભ્ભો, કબા = આગળથી ખુલ્લો પોશાક)*

**અર્થ** : હુઝૂર صلی اللہ علیہ وسلمનો પોશાક મુબારક ખુદાની મહબૂબિયતના અત્તરથી સુગંધિત છે એટલે હુઝૂર صلی اللہ علیہ وسلم ખુદાના મહબૂબ અને ચહીતા છે.

**બહમ અહદ બાંધે હૈં વસ્લે અબદ કા**
**રઝાએ ખુદા ઔર રઝાએ મુહમ્મદ صلی اللہ علیہ وسلم**

*(બહમ = આપસમાં, અહદ = કરાર, વસ્લે અબદ = હંમેશના મિલાપ)*

**અર્થ** : ખુદાની રઝામંદી અને મુસ્તફા صلی اللہ علیہ وسلمની રઝામંદીએ આપસમાં કરાર કર્યો છે કે કદી

એકબીજાથી જુદા નહીં થઈએ. એટલે મુસ્તફા ﷺની ખુશીમાં ખુદાની રઝામંદી છે. કોઈ કામ મુસ્તફા ﷺનું એવું નથી જેમાં ખુદાની રઝામંદી સામેલ ન હોય અને ખુદાનું કોઈ કામ એવું નથી જેમાં મુસ્તફા ﷺની રઝામંદી ન હોય. જેવું કે કુર્આનની ઘણી આયતોથી માલૂમ પડે છે. દા.ત. કુર્આન શરીફમાં છે : "જેણે રસૂલની ઈતાઅત કરી તેણે ખુદાની ઈતાઅત કરી." *(પારા : ૫, રુકૂઅ : ૮)* "ઈતાઅત કરો અલ્લાહની અને ઈતાઅત કરો રસૂલની." *(પારા : ૫, રુકૂઅ : ૫)*

**દમે નઝઅ જારી હો મેરી ઝુબાં પર**
**મુહમ્મદ મુહમ્મદ ખુદાએ મુહમ્મદ ﷺ**

**અર્થ :** દમે નઝઅ એટલે સકરાતના સમયે મારી જબાન પર "મુહમ્મદ, મુહમ્મદ અને મુહમ્મદ ﷺના ખુદા" જારી રહે એટલે કે હું પહેલો કલ્મો પઢતો રહુ. હદીષમાં છે : જેનું છેલ્લુ કલામ એટલે મૃત્યુ વખતે છેલ્લુ વિર્દ "લાઈલાહ ઈલ્લલ્લાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહ" હશે તે જન્નતમાં દાખિલ થશે.

**અસાએ કલીમ અઝદહાએ ગઝબ થા**
**ગિરોં કા સહારા અસાએ મુહમ્મદ ﷺ**

*(અસાએ કલીમ : મૂસા علیہ السلامની લાકડી, અઝદહાએ ગઝબ : ભયાનક મોટો સાપ, અજગર, ગિરોં : કમજોરો)*

**અર્થ :** મૂસા علیہ السلامનો અસો (લાકડી) જાદૂગરો માટે ભયાનક સાપ હતી અને હુઝૂર ﷺના હાથમાં આવનાર લાકડી ગુલામો માટે સહારો હતી.

હઝરત મૂસા કલીમુલ્લાહ علیہ السلامનો મો'જિઝો હતો કે આપ લાકડી જમીન પર ફેંકતા તો તે ભયાનક અજગર બની જતી અને હુઝૂર ﷺનો મો'જિઝો એ છે કે હુઝૂર ﷺની લાકડી પરેશાનો માટે સહારો બનતી હતી. આ શેઅરમાં આ'લા હઝરત رحمۃ اللہ علیہએ ઘણી હદીષો તરફ ઈશારો ફર્માવ્યો છે : (૧) એક અંધારી રાતમાં હઝરત કતાદા બિન નોઅમાન رضی اللہ عنہને ખજૂરના ઝાડની એક લાકડી આપી જે રસ્તામાં દસ હાથ આગળ અને દસ હાથ પાછળ પ્રકાશ આપતી હતી ત્યાં સુધી કે તેઓ મસ્જિદે નબવીથી પોતાના ઘરે પહોંચી ગયા. *(શિફા શરીફ, દલાઈલુન્નબુવ્વત, હુજ્જતુલ્લાહિ અલલ્ આલમીન, પેજ : ૧૬)*

આવી જ રિવાયતો ઈમામ બુખારીએ સહીહ બુખારી શરીફ તથા તારીખે બુખારીમાં અને ઈમામ બૈહકીએ બૈહકી શરીફમાં તથા અબૂ નુઐમે અલગ અલગ સહાબા સાથે બનેલ બનાવોના રૂપમાં બયાન ફર્માવેલ છે.

જંગે બદ્રમાં હઝરત અક્કાશા رضی اللہ عنہની અને જંગે ઓહદમાં હઝરત અબ્દુલ્લાહ બિન જહશ رضی اللہ عنہની તલવાર તૂટી ગઈ. હુઝૂર ﷺએ તેમને લાકડી આપી જે તલવારનું કામ કરતી હતી અને બંનેવ જિંદગીભર તેના વડે જેહાદ કરતા રહ્યા. *(સીરતે ઈબ્ને હિશામ, અલ ઈસાબહ વલઈસ્તિયાબ)*

**મૈં કુર્બાન ! ક્યા પ્યારી પ્યારી હૈ નિસ્બત**
**યે આને ખુદા વો ખુદાએ મુહમ્મદ ﷺ**

*(મૈં કુર્બાન = હું કુર્બાન થાઉં, નિસ્બત = સંબંધ, આને ખુદા = ખુદાની શાન, ખુદાએ મુહમ્મદ = હુઝૂર ﷺનો ખુદા)*

**અર્થ :** ખુદા جل جلالہ અને રસૂલ ﷺની નિસ્બત પર કુર્બાન જાઉં કે હુઝૂર ﷺ ખુદાની શાન છે અને અલ્લાહ રસૂલનો ખુદા છે કે જે અલ્લાહ તો દરેકનો રબ છે પરંતુ કુર્આનમાં જગ્યા જગ્યા, "રબ્બુક", "મહબૂબ ! તારો રબ", "ફવરબ્બિક" "મહબૂબ ! તારા રબની કસમ" વગેરે વાક્યો બયાન કરવામાં આવ્યાં છે જેમાં ખુદા પાકે પોતાની નિસ્બત હુઝૂર ﷺ સાથે સંબંધિત કરી છે.

**મુહમ્મદ કા દમ ખાસ બેહરે ખુદા હૈ**
**સિવાએ મુહમ્મદ બરાએ મુહમ્મદ ﷺ**

*(દમ = જિંદગી, બેહરે ખુદા = ખુદા માટે, સિવાએ મુહમ્મદ ﷺ = હુઝૂર સિવાય, બરાએ મુહમ્મદ = હુઝૂર માટે)*

**અર્થ :** ખુદા પાકે રસૂલે પાક ﷺને ખાસ પોતાના માટે બનાવ્યા અને હુઝૂર સિવાય જે કાંઈ છે

તે બધું હુઝૂર ﷺ માટે બનાવ્યું. આ શેઅરમાં હદીષે કુદ્સીનું સારાંશ છે. હદીષે પાકમાં છે કે અલ્લાહ હુઝૂર ﷺને ફર્માવે છે : હે મહબૂબ ! જો હું તને પૈદા ન કરત તો જમીન, આસમાન, જન્નત, દોઝખ, દુનિયાને પેદા ન કરત. આ બધી કાઈનાત તારા માટે છે. *(મુસ્નફે અબ્દુર્રઝ્ઝાક, ઈબ્ને અસાકિર, મતાલિઉલ મસર્રાત, પેજ : ૧૧૪, શર્હે કસીદએ બુર્દહ્, પેજ : ૭૧-૭૨)* મુલ્લા અલી કારી رحمۃ اللہ علیہ ફર્માવે છે, આ હદીષ મઅનવી (અર્થના) એ'તેબારથી સહીહ છે. *(મૌઝૂઆતે કબીર)*

**ખુદા ઉન્કો કિસ પ્યાર સે દેખતા હૈ**
**જો આંખેં હૈ મહ્વે લિકાએ મુહમ્મદ ﷺ**

*(મહવ = મગ્ન, લિકાઅ = મુલાકાત અથવા દીદાર)*

**અર્થ** : ખુદા પાક તે આંખોને કેવા પ્યારથી જુએ છે જે આંખો પ્યારાના દીદારમાં મગ્ન અને ખોવાયેલી રહે છે. આ શેઅરમાં ખુદાની બારગાહ સહાબાના મકામને બયાન કર્યો છે જેઓએ પોતાની આંખોથી હુઝૂર ﷺના મુકદ્દસ ચેહરાનો દીદાર કર્યો છે. હુઝૂર ﷺ ફર્માવે છે કે તે મુસલમાનને દોઝખની આગ સ્પર્શશે પણ નહીં જેણે મારો દીદાર કર્યો અને જેણે મારો દીદાર કરનાર સહાબીને જોયા. *(તિર્મિઝી)* કુર્આન અને હદીષોમાં અનેક જગ્યાએ સહાબાની ફઝીલત બયાન કરવામાં આવી છે.

**જુલૂમેં ઈજાબત, ખવાસીમેં રહમત**
**બળ્હી કિસ તુઝુક સે દુઆએ મુહમ્મદ ﷺ**

*(જુલૂ = સાથ, ઈજાબત = કબૂલિયત, ખવાસી = સાથી, તુઝુક = શાનો શૌકત)*

**અર્થ** : ઈજાબતનો સાથ છે અને રહમત સાથી છે, કેવી શાનો શૌકતથી હુઝૂર ﷺની દુઆ ખુદાની બારગાહમાં પહોંચી રહી છે.

**ઈજાબતને ઝુક કર ગલેસે લગાયા**
**બળ્હી નાઝ સે જબ દુઆએ મુહમ્મદ ﷺ**

*(ઈજાબતને ઝુક કર = કબૂલિયતે ઝુકીને, નાઝ = ફખ્ર)*

**અર્થ** : મકબૂલિયતે ઝુકીને ગળેથી લગાડી લીધી જયારે હુઝૂર ﷺની દુઆ નાઝ સાથે ખુદાની બારગાહમાં પહોંચી.

**ઈજાબત કા સેહરા ઈનાયત કા જોળા**
**દુલ્હન બન કે નિકલી દુઆએ મુહમ્મદ ﷺ**

**અર્થ** : કબૂલિયતનો સેહરો માથે બાંધી ઈનાયત, મહેરબાનીનો પોશાક પહેરીને દુલ્હન બનીને ચાલી મુસ્તફા ﷺની દુઆ.

ઉપરોક્ત ત્રણેવ શેઅરોમાં હુઝૂર ﷺની દુઆઓ ખુદાની બારગાહમાં મકબૂલ થવા તરફ ઈશારો છે, જેવું કે હદીષોથી સાબિત છે કે હુઝૂર ﷺની કોઈ દુઆ રદ થતી નથી. દલાઈલુન્નબુવ્વત, પેજ : ૩૭૫ પર છે કે અલ્લાહ તઆલા હુઝૂર ﷺના દરેક સવાલને પૂરો કરે છે, ઈમામ કસ્તલાની શારેહે બુખારી ફર્માવે છે કે હુઝૂર ﷺની કોઈ દુઆ રદ કરવામાં નથી આવી. *(અલ્ મવાહિબ, ભાગ : ૮, પેજ : ૨૩૮, જવાહિરુલ બિહાર, ભાગ : ૨, પેજ : ૩૩)*

**"રઝા" પુલ સે અબ વજ્દ કરતે ગુઝરિએ**
**કે હૈ રબ્બે સલ્લિમ સદાએ મુહમ્મદ ﷺ**

*(રઝા = આ'લા હઝરત رحمۃ اللہ علیہ, પુલ = સિરાત, વજદ = બેખુદી/ખુશી, રબ્બે સલ્લિમ = હે મારા રબ ! સલામતી સાથે ગુજાર, સદા = અવાજ)*

**અર્થ** : હે અહમદ રઝા ! મસ્તી અને બેખૂદીમાં પુલસિરાતથી ગુજરી જાવ ! કેમ કે હુઝૂર ﷺ તમારી સલામતીની સદા લગાડી રહ્યા છે. શાહ રફીઉદ્દીન મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ કયામતનામા, પેજ : ૬૧ પર રિવાયત કરે છે કે દોઝખની ઉપર પુલસિરાત જે વાળથી વધુ પાતળો અને તલવારથી વધુ તેજ હશે, હુકમ થશે કે તેના પર પસાર થઈને જન્નતમાં જાવ. પંદર હજાર વર્ષની મુસાફરી જેટલું અંતર હશે. આ મકામના ડરથી કોઈનો અવાજ સુદ્ધાં નહીં નીકળે, પરંતુ પૈગંબર ﷺ ઉમ્મતીઓ માટે રબ્બે સલ્લિમ ફર્માવશે. *(રવાહુ બુખારી વ મુસ્લિમ)* આ જ હદીષ તરફ હુઝૂર આ'લા હઝરત رحمۃ اللہ علیہએ ઈશારો ફર્માવ્યો છે.

દલીલુલ આરિફીન



# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

رحمۃ اللہ تعالی علیہم اجمعین

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)

(**દલીલુલ આરિફીન** : મલ્ફૂઝાતે ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ)

(**સંપાદક** : હઝરત કુત્બુદ્દીન બખ્તિયારકાકી رحمۃ اللہ علیہ)

*(મજલિસ : ૦૧)*

### નમાઝના ફઝાઈલ વિશે

પાંચમા મહિને જ્યારે હિ.સ. ૫૧૪ના રોજ આ કમજોર દર્વેશને જે મલિકુલ મશાઈખ સુલ્તાનુસ્સાલિકીન અલ્મુત્તલિબ બિહ કુત્બુદ્દીન બખ્તિયાર અવશી કાકીના ગુલામોમાંથી છે. જ્યારે આ શાહે ફલક દસ્તગાહની કદમબોસીની દોલત બગદાદમાં ઈમામ અબુલ લૈષ સમરકંદીની મસ્જિદમાં હાંસલ થઈ તો એ જ વખતે બયઅતના શરફથી મુશર્રફ ફર્માવ્યો અને ચહાર તુર્કી કુલાહ મારા માથે રાખી. اَلْحَمْدُ لِلّٰہِ عَلٰی ذٰلِکَ એ દિવસે શયખ શહાબુદ્દીન મુહમ્મદ સુહરવર્દી, શયખ દાઊદ કિર્માની, શયખ બુરહાનુદ્દીન મુહમ્મદ ચિશ્તી અને શયખ તાજુદ્દીન મુહમ્મદ સફહાની એક જ જગાએ હાજર હતા અને નમાઝના બારામાં ચર્ચા થઈ રહી હતી. આપે ઝબાન મુબારક વડે ફર્માવ્યું કે કેવળ નમાઝમાં જ અલ્લાહથી લોકો નજીક થઈ શકે છે એટલા માટે કે નમાઝ મો'મિનની મેઅરાજ છે. જેમ કે હદીષ શરીફમાં આવ્યું છે : اَلصَّلٰوۃ معراج المؤمن સર્વ મકામોથી વધીને આ જ નમાઝ છે. અલ્લાહ તઆલાથી મળવાનુ પ્રથમ નમાઝથી જ શરૂ થાય છે. પછી ફર્માવ્યું કે નમાઝ એક રહસ્ય છે જે બંદો પોતાના પરવરદિગારને વર્ણવે છે, રાઝ કહે છે. તે જ કુર્બ (નિકટતા) પામી શકે છે જે આ રાઝના લાયક હોય. આ રાઝ નમાઝ સિવાય કોઈ રીતે હાંસલ નથી કરી શકાતુ. તેમજ એ પણ હદીષ છે કે નમાઝ અદા કરનાર પોતાના પરવરદિગારને રાઝ બયાન કરે છે. ત્યારબાદ મને સંબોધીને ફર્માવ્યું કે જ્યારે શયખુલ ઈસ્લામ, સુલ્તાનુલ મશાઈખ ખ્વાજા ઉષ્માન હારૂની નૂરુલ્લાહ મર્કદહૂનો મુરીદ થયો તો આઠ વરસ સુધી આપની ખિદમતમાં એક પળ પણ આરામ ન કર્યો, ન દિવસ જોતો ન રાત. જ્યાં આપ સફર પર જતા ત્યાં સૂવાનાં કપડાં તથા તોશો (ભાથુ) ઉઠાવીને સાથે જતો. જ્યારે મારી ખિદમત જોઈ તો એવી નેઅમત અતા ફર્માવી જેની કોઈ હદ નથી.

પછી ફર્માવ્યું, જેણે કાંઈ પામ્યુ ખિદમતથી પામ્યુ. તો મુરીદ માટે જરૂરી છે કે પીરના ફર્માનથી રજમાત્ર પણ ન હટે અને જે કાંઈ વિર્દો વગેરેની બાબત ફર્માવે તેને હોશની સાથે સાંભળે અને તેના પર અમલ કરે, જેથી કોઈક મકામ પર પહોંચી શકે કેમ કે પીર મુરીદને સંવારનારો છે. પીર જે કાંઈ ફર્માવશે તે મુરીદના કમાલના માટે જ ફર્માવશે.

ત્યારબાદ ફર્માવ્યું કે ઈમામ ખ્વાજા અબુલ લયષ સમરકંદીની તફસીરમાં લખ્યું છે કે દરરોજ ફરિશ્તા આસ્માનથી ઉતરે છે. એક કા'બાની છત પર ઉભો રહીને અવાજ આપે છે કે હે લોકો ! સાંભળો અને એ રીતે સમજી લો કે, **જે શખ્સ અલ્લાહ તઆલાનો ફર્ઝ નથી અદા કરતો તે કદી અલ્લાહ તઆલાના હક્કોથી મુક્ત નથી થઈ શકતો.**

અને બીજો ફરિશ્તો રસૂલે ખુદા ﷺના ગુંબદ પર ઉભો રહીને અવાજ આપે છે કે **હે લોકો ! સારી રીતે જાણી લે કે જે શખ્સ સુન્નતે નબવી અદા નથી કરતો અને વિરુદ્ધ કરે છે તે શફાઅતથી વંચિત રહેશે.**

## સુન્નતની ફઝીલત

પછી ફર્માવ્યું કે કકરી મસ્જિદમાં બગદાદના ઔલિયાની સમક્ષ હાજર હતો અને આંગળીઓના ખિલાલના બારામાં ચર્ચા થઈ રહી હતી. ફર્માવ્યું કે વુઝૂ કરતી વખતે આંગળીનો ખિલાલ કરવો સુન્નત છે. એટલા માટે કે હદીષમાં આવ્યું છે કે મેં સહાબાએ કિરામને આંગળીનો ખિલાલ કરવાનુ કહ્યું છે જે હાથના પાણી વડે આંગળીઓનો ખિલાલ કરે છે તેની આંગળીઓને અલ્લાહ તઆલા શફાઅતથી વંચિત નથી રાખતો.

પછી ફર્માવ્યું કે શયખે અજલ શીરાઝી (ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ)ની સાથે એક સ્થળે હતો અને સાંજની નમાઝનો સમય હતો. હઝરત ખ્વાજા સાહબ رحمۃ اللہ علیہ નવુ વુઝૂ કરતા હતા. સંજોગોવસાત આપ આંગળીઓનો ખિલાલ કરવાનુ ભૂલી ગયા. ગયબી ફરિશ્તાએ અવાજ આપ્યો કે **હે અજલ ! તું અમારા મુહમ્મદ (ﷺ)ની દોસ્તી (મહોબ્બત)નો દાવો કરે છે અને તેમની ઉમ્મત બને છે પરંતુ તેમની સુન્નતને છોડે છે !** ત્યારબાદ ખ્વાજાએ અજલે કસમ ખાધી કે એ સમયથી લઈને મરતા દમ સુધી હું કોઈ સુન્નત ન છોડીશ.

પછી ફર્માવ્યું કે એકવાર મેં ખ્વાજાએ અજબ શીરાઝી (ગરીબ નવાઝ)ને ખૂબ જ ઉલઝનમાં જોઈને હાલત પૂછી તો ફર્માવ્યું કે **જે દિવસે મારાથી ભૂલથી આંગળીઓનો ખિલાલ છૂટી ગયો ત્યારથી હું ચિંતિત છું કે આ મોઢું નબી કરીમ ﷺને કયામતના દિવસે કઈ રીતે દેખાડી શકીશ ?!**

પછી ફર્માવ્યું કે સલાતે મસઊદીમાં તરીકે તરગીબ અબૂ હુરૈરહ رضی اللہ عنہની રિવાયતના પ્રમાણે ફિકહે સુન્નતમાં લખ્યું છે કે દરેક અંગને ત્રણવાર ધોવું સુન્નત છે. જેમ કે હદીષમાં છે કે દરેક અંગને ત્રણવાર ધોવું મારી સુન્નત છે અને મારાથી આગલા પયગંબરોની પણ એ જ સુન્નત છે. એના પર વધારો કરવો જુલ્મ છે.

ત્યારબાદ એ જ મોકા પર ફર્માવ્યું કે ફુઝૈલ અયાઝ رحمۃ اللہ علیہએ વુઝૂ કરતી વખતે હાથ કેવળ બે જ વાર ધોયો. જ્યારે નમાઝ અદા કરી ચૂક્યા તો તેજ રાત્રે હઝરત રિસાલત મઆબ ﷺને ખ્વાબમાં જોયા જે ફર્માવે છે કે મને તો આશ્ચર્ય છે કે તમારા વુઝૂમાં કમી રહી જાય ! ખ્વાજા સાહબ એ ગભરાહટથી જાગી ગયા પછી તાજુ વુઝૂ કરીને નમાઝ અદા કરી અને કફ્ફારાના માટે વરસભર ૫૦૦ રકાત વઝીફાના રૂપે દરરોજ અદા કરી.

## બાવુઝૂ સૂવાની ફઝીલત

પછી ફર્માવ્યું કે આરિફ એહલે ફઝ્લ છે અને તેઓ દોસ્તની મહોબ્બતમાં ચૂર છે. વળી તે પોતાની શરહમાં લખે છે કે **જ્યારે માણસ રાત્રે બાવુઝૂ સૂએ છે તો હુકમ થાય છે કે ફરિશ્તા તેની સાથે રહે. તેઓ સવાર સુધી અલ્લાહ તઆલાથી એ જ વિનંતિ કરતા રહે છે કે હે અલ્લાહ તઆલા ! આ બંદાને બખ્શી આપ ! કેમ કે તે બાવુઝૂ સૂતો છે.**

પછી એ જ મેહફિલમાં ફર્માવ્યું કે આરિફોની શરહમાં આવ્યું છે કે **જ્યારે માણસ બાવુઝૂ સૂએ છે તો (ફરિશ્તા) તેની જાન અર્શની નીચે લઈ જાય છે અને હુકમ થાય છે કે તેને નૂરી કપડાં પહેરાવી દો.** જ્યારે તે સિજદો કરી ચૂકે છે તો હુકમ થાય છે કે તેને પરત લઈ જાવ કેમ કે એ નેક બંદો છે જે બાતહારત (બાવુઝૂ) સૂતો છે. અને જે શખ્સ બેવુઝૂ સૂએ છે તેની જાનને પહેલા જ આસ્માનેથી પરત કરે છે અને કહે છે કે આ એ લાયક નથી કે તેને ઉપર લઈ જવામાં આવે. એવો માણસ અલ્લાહને સજદો કરવાવાળો નથી.

# અવલિયા અલ્લાહની કરામતો

અઝ : અબુલ ક઼ાસિમ અબ્દુલકરીમ બિન હવાઝિન કુશૈરી رحمۃ اللہ علیہ

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી
તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)

### ★ વાત કરતાં જ પહાડ હાલવા લાગ્યો ! ★

કહેવામાં આવે છે કે ફુઝૈલ મિનામાં કોઈ પહાડ પર હતા. તેમણે ફર્માવ્યું કે જો કોઈ અલ્લાહનો વલી પહાડને કહે કે હાલવા માંડ ! તો એ જરૂર હાલવા માંડશે. બસ, આટલુ કહેતાં જ પહાડ હલવા લાગ્યો. આપે ફર્માવ્યું, થોભી જા ! મારો એ આશય ન હતો. એના પર પહાડ શાંત થઈ ગયો.

### ★ ચારપાઈ ઘરમાં ઘુમવા માંડી ! ★

અબૂ જઅફર અઅવર વર્ણન કરે છે કે હું ઝુન્નૂન મિસ્રી رحمۃ اللہ علیہની પાસે બેઠો હતો એવામાં અવલિયા અલ્લાહના માટે ચીજોના આજ્ઞાપાલનની ચર્ચા છેડાઈ ગઈ. ઝુન્નૂને કહ્યું, એ પણ આજ્ઞાપાલન છે કે જો હું ચારપાઈ (ખાટલા)ને કહું કે આ રૂમના ચારેવ ખૂણાઓમાં ઘૂમે અને પછી પોતાની જગાએ પરત આવી જાય, તો એવું કરશે. અબૂ જઅફર ફર્માવે છે કે એમનું એ કહેવું જ હતું કે ચારપાઈએ ચારેવ ખૂણાઓમાં ઘૂમવાનું શરૂ કરી આપ્યું અને પછી પોતાની જગાએ પાછી આવી ગઈ. ત્યાં એક નવયુવાન હતો તેણે રડવાનું શરૂ કર્યું અને ત્યાં જ મૃત્યુ પામ્યો.

### ★ વાસિલ અહદબની કરામત ★

કહે છે કે વાસિલ અહદબ رحمۃ اللہ علیہએ આ આયત પઢી :''તમારી રોજી અને જે ચીજનો તમને વાયદો કરવામાં આવે છે આસ્માનમાં છે.'' તો કહેવા લાગ્યા, મારી રોજી આસ્માનમાં હોય અને હું તેને જમીન પર શોધું ? જેથી વિરાનામાં ચાલ્યા ગયા અને બે દિવસ સુધી એવી હાલતમાં રહ્યા અને કોઈ ચીજ જાહેર ન થઈ. આપના પર એ વાત ઘણી સખત ગુજરી. જ્યારે ત્રીજો દિવસ થયો તો તાજી ખજૂરોનો એક વાટકો આવી ગયો. તેમનો એક ભાઈ પણ હતો જે એમના કરતાં પણ બેહતર નિય્યતવાળો હતો તે પણ આપની સાથે થઈ ગયો અને એકને બદલે બે વાટકા થઈ ગયા ! મૃત્યુ સુધી એ બંનેવનો એ જ હાલ રહ્યો.

### ★ ઈબ્રાહીમ બિન અહદમની કરામત ★

એક સૂફી કહે છે કે ઈબ્રાહીમ બિન અદહમ એક બાગની નિગરાની કર્યા કરતા હતા. એકવાર હું ગયો તો મેં જોયું કે તે સૂતેલા પડયા છે અને એક સાપ પોતાના મોઢામાં નરગિસનો ગુલદસ્તો લઈને તેમને પંખો હલાવી રહ્યો છે !

### ★ ઐયૂબ સખ્તયાનીની કરામત ★

કહે છે કે કેટલાક લોકો ઐયૂબ સખ્તયાની رحمۃ اللہ علیہની સાથે સફરમાં હતા. તો એમને ક્યાંય પાણી ન મળ્યું. ઐયૂબ સખ્તયાની رحمۃ اللہ علیہએ કહ્યું કે શું તમે લોકો મારા જીવતા સુધી છુપુ રાખશો ? તેમણે કહ્યું, હા ! ત્યારબાદ તેમણે જમીન પર એક વર્તુળ દોર્યું તો પાણી ફૂટી નીકળ્યું અને અમે પીધું. રાવી કહે છે, જ્યારે તે બસરા પહોંચ્યા તો હમ્માદ બિન ઝયદે એનું વર્ણન કર્યું તો અબ્દુલ વાહિદ બિન ઝયદે કહ્યું કે, હું પણ એ દિવસે ત્યાં હાજર હતો.

### ★ બાવળોના ઝાડેથી ખજૂરો પડી ! ★

બક્ર બિન અબ્દુર્રહમાન કહે છે, અમે જંગલમાં હઝરત ઝુન્નૂન رحمۃ اللہ علیہની સાથે હતા તો અમે બાવળના ઝાડ નીચે ઉતર્યા. અમે કહ્યું, કેટલી સારી જગા છે, જો અહીં તાજી ખજૂરો હોત ! આ સાંભળીને હઝરત ઝુન્નૂન મુસ્કુરાયા અને ફર્માવ્યું, શું તાજી ખજૂરો ખાવી છે ?! આપે ઝાડને હલાવીને કહ્યું, તને ક઼સમ છે એ ખુદાની જેણે તને ઝાડ બનાવ્યું કે તું અમારા પર ખજૂરો વિખેરી દે ! ત્યારબાદ આપે ઝાડને હલાવ્યું તો તાજી ખજૂરો પડી. અમે ખૂબ પેટ ભરીને ખાધી. પછી જ્યારે ઉઠયા અને અમે ઝાડ હલાવ્યું તો કાંટા પડયા !

# ગલતફહમીઓ તથા તેની સુધારણા

✪ અઝ ✪
હઝરત મૌલાના તલ્હીર અહમદ બરેલ્વી
✪ અનુવાદક ✪
મુહમ્મદ બશીર યૂસુફ ગોડીલ-પોરબંદર
(B.Sc. M.Ed.)

## ★ નમાઝમાં જમણા પગના અંગૂઠાના ખસી જવાનો મસ્અલો ★

ખાસ કરીને ગામડાઓમાં આ બાબતને ઘણી જ ખરાબ માનવામાં આવે છે, ત્યાં સુધી કે નમાઝમાં જો જમણા પગનો અંગૂઠો જરા પણ ખસી જાય તો નમાઝ થતી નથી તેનો હુકમ લગાડી દેવામાં આવે છે !

કેટલાક લોકોને આ અંગૂઠાને નમાઝનો ખીલો અથવા ખૂંટો કહેતા પણ સાંભળવામાં આવેલ છે ! આ બધી જ અજ્ઞાનતાભરી વાતો છે, "કોઈપણ પગના અંગૂઠાના ખસી જવાથી નમાઝમાં કોઈપણ પ્રકારની ખરાબી આવતી નથી." હા, જરૂરત વગર નમાઝમાં જાણીબુઝીને કોઈપણ હરકત કરવી પછી તે શરીરના કોઈપણ ભાગ વડે હોય અબષ (ફુઝૂલ, નિરર્થક) અને મકરૂહ છે.

હઝરત અલ્લામા મુફતી જલાલુદ્દીન رحمۃ اللہ علیہ ફર્માવે છે કે : જમણા પગનો અંગૂઠો પોતાની જગ્યાએથી ખસી ગયો તો જરા પણ વાંધો નથી. હા, મુક્તદીનો અંગૂઠો ડાબી અથવા જમણી બાજુ અથવા આગળ કે પાછળની બાજુએ એટલો હટી જાય કે જેનાથી સફમાં જગ્યા વધી જાય અથવા સીનો (છાતી) સફની બહાર નીકળી જાય તો મકરૂહ છે. *(ફતાવાએ ફયઝુર્રસૂલ, ભાગ : ૧, પેજ : ૩૭૦)*

ખુલાસો એ જ કે લોકોમાં જે મશ્હૂર છે કે નમાઝમાં જમણા પગનો અંગૂઠો જો પોતાની જગ્યાએથી જરા પણ ખસી જાય તો નમાઝ થતી નથી એ તેઓની અજ્ઞાનતાના અને "ગલત ફહમી" છે.

## ★ સજદામાં પગની આંગળીઓના પેટનું જમીન પર ન લાગવું ★

આ મસ્અલાથી ઘણા લોકો બેખબર (ગાફિલ) છે, અને પગની આંગળીઓના ફક્ત ઉપરના ભાગને (ટોચને) જમીનથી લાગી જવાને સજદો સમજી લે છે, અને કેટલાક લોકોના તો ફક્ત અંગૂઠાના ઉપરનો ભાગ જ જમીનને લાગે છે અને બાકી આંગળીઓ જમીનને સ્પર્શતી પણ નથી આ સ્થિતિમાં ન તો સજદો થાય છે, ન તો નમાઝ.

સજદામાં પગની આંગળીઓનાં ફક્ત માથાંઓ (ટોચો) જ નહીં પરંતુ આંગળીઓ ઉપર જોર આપીને કિબ્લાની તરફ આંગળીઓનાં પેટ જમીનને લગાડવાં જોઈએ.

ફતાવાએ રઝવિય્યહ્ શરીફ, ભાગ : ૧, પેજ : ૫૫૬ પર છે : "સજદામાં ઓછામાં ઓછી એક આંગળીનો પેટ જમીનને લાગેલો હોવો **ફર્ઝ** છે અને પગની વધારે (મોટા ભાગની એટલે ત્રણ) આંગળીઓનુ પેટ જમીનને લાગેલુ હોવું વાજિબ છે."

## ★ અઝાનના સમયે વાતો કરવી ★

અઝાનના સમયે વાતોમાં મશ્ગૂલ રહેવાની વાત સામાન્ય આદત બની ગઈ છે. અવામ તો અવામ (સામાન્ય લોકો) પરંતુ એહલે ઈલ્મ (શરીઅતનું ઈલ્મ ધરાવતા લોકો) પણ આ વાતનો ખ્યાલ રાખતા નથી, જ્યારે કે હદીષ શરીફમાં છે કે :–


"જે અઝાનના સમયે વાતોમાં વ્યસ્ત રહે છે તેના ઉપર ખાત્મો બુરો થવાનો ખૌફ રહે છે."

મસ્અલો આ પ્રમાણે છે કે જ્યારે અઝાન થતી હોય તો એટલા સમય માટે સલામ, વાતચીત અને સલામનો જવાબ બધું જ બંધ કરી દે, ત્યાં સુધી કે કુર્આને મજીદની તિલાવત ચાલુ હોય અને અઝાનનો અવાજ આવે તો તિલાવત બંધ કરી દે અને અઝાન ધ્યાનપૂર્વક સાંભળે અને તેનો જવાબ આપે. રસ્તે ચાલતાં અઝાનનો અવાજ આવે તો એટલો સમય ઉભો રહી જાય અને અઝાન સાંભળે અને તેનો જવાબ આપે. જો એકથી વધુ અઝાનો સાંભળે તો ફક્ત પહેલી અઝાનનો જવાબ આપવો સુન્નત છે અને બધી અઝાનોનો જવાબ આપવો બેહતર છે. *(બહારે શરીઅત, ભાગ : ૩, પેજ : ૩૬)*

(કરામત)

## મુનાફિક઼ત તે આનુ નામ !

# નબી વલી માટે માનો તો શિર્ક ! દેવબંદી મોલ્વી માટે માનો તો ઈમાન ?!



**કોઈ હવાલો ખોટો સાબિત કરે તેને ૧ લાખ રૂા. ઈનામ !**



*દેવબંદી ધર્મની પાયાની કિતાબ 'તક઼વિયતુલ ઈમાન' જેને તેઓ જાણે કુર્આનના સ્થાને રાખે છે. તેમાં નબી વલી માટે ઈલ્મે ગયબ, હાઝિર નાઝિર માનવું, મદદ માંગવી–પુકારવું, મદદ કરવા તસર્રુફ (પહોંચ)નું માનવું, ઈખ્તિયાર હોવું.....વગેરે બાબતો* **અલ્લાહના અતા કરવાથી પણ** *માનવું* **શિર્ક** *દર્શાવ્યું છે. પણ એ જ શિર્કની માન્યતા જ્યારે પોતાના મોલ્વીની પ્રશંસામાં ગુણગાન લખવા બેસે છે ત્યારે પોતાના બુઝુર્ગની મહોબ્બતના નશામાં આ* **તૌહીદના ઠેકેદારો** *ભૂલી જાય છે ! તેમની* **દોરંગી પોલીસી***ની દાસ્તાન લોકો સમક્ષ જાહેર કરી તેમના ધોકાથી મુસ્લિમોને બચાવવા અત્રે આ પ્રકરણ શરૂ કર્યું છે જેનો અભ્યાસ કરો અને વહાબિયત દેવબંદિયતની અસલિયતને ઓળખો અને તેમની પાસે જવાબ માંગો ! (નોંધ : અહીં મોટાભાગની મેટર કિતાબ ઝલઝલા, લે. હઝરત અલ્લામા અર્શદુલ ક઼ાદરી رحمۃ اللہ علیہ, અનુવાદક : મર્હૂમ અબ્દુલગફ્ફાર ચોલા જામનગરીમાંથી છે.) –તંત્રી*

### થાન્વીના પરદાદાનો ઈબ્રતનાક કિસ્સો

તૌહીદ પરસ્તીના ઘમંડમાં સીધા સાદા સુન્ની મુસલમાનોને બેધડક મુશ્રિક, બિદઅતી અને ક઼બ્રપરસ્ત કહેનારા દેવબંદીઓની એક ઈબ્રતનાક કહાની વાંચી લો, એ જ મૌલ્વી અશ્રફ અલી થાન્વીના જીવનવૃતાંતની કિતાબ નામે અશ્રફુસ્સવાનેહના કર્તાએ એ થાન્વીના પરદાદા મુહમ્મદ ફરીદના મૃત્યુની ચર્ચા કરતાં લખ્યું છે કે :–

*"થાન્વીના પરદાદા મુહમ્મદ ફરીદ કોઈ લગ્નની જાનમાં જઈ રહ્યા હતા, રસ્તામાં ડાકૂઓએ જાન (બારાત) પર હુમલો કર્યો. તેમની પાસે તીર અને કમાન હતાં, તેના વડે તેમણે ડાકૂઓનો મુક઼ાબલો કર્યો, પરંતુ તેમની સંખ્યા વધુ હતી અને અહીં શસ્ત્રો ઓછાં હતાં, એટલે ડાકૂઓનો મુક઼ાબલો કરતાં તેઓ શહીદ થઈ ગયા." (અશ્રફુસ્સવાનેહ, ભાગ : ૧, પેજ : ૧૨)*

ત્યાર પછીની કહાની વધુ હૈરતનાક અને વાંચવા લાયક છે, તેને પણ વાંચી લો :–

*"શહાદત પછી એક વિચિત્ર બનાવ બન્યો, રાત્રીના સમયે (થાન્વીજીના પરદાદા)* ***જીવંત માનવીની જેમ*** *તેમના ઘરે પધાર્યા અને તેમની ઘરવાલીને મીઠાઈ લાવીને આપી. અને કહ્યું કે, જો તમે મારા આગમન સંબંધે કોઈને કંઈ વાત કરશો નહીં તો આવી જ રીતે અને દરરોજ આવતો રહીશ, પરંતુ તેમના ઘરના માણસોને એવો ભય પેઠો કે ઘરનાં બીજા માણસો બાળકોને મીઠાઈ ખાતાં જોશે તો કોણ જાણે શું શંકા કરશે, એટલે તેમણે જાહેર કરી દીધું અને તેઓ ત્યાર પછી આવતા બંધ થયા. ખાનદાનમાં આ બનાવ ખૂબ જ મશ્હૂર છે." (અશ્રફુસ્સવાનેહ, ભાગ : ૧, પેજ : ૧૨)*

**જો તમારા દિલમાં ઈમાનની હુંફ બાકી હોય તો વિચારો કે,** "મૃત્યુ બાદ ક઼બ્રમાંથી ઉઠીને ઘરે આવવું અને મીઠાઈ પહોંચાડવી" આમાં ઈખ્તિયાર સાબિત ન થયો ?! આ માન્યતા તો દેવબંદી ધર્મમાં **શિર્ક** છે ! બીજું કે થાન્વીના પરદાદાનું એ કહેવું કે, "જો મારા આગમન સંબંધે કોઈને કાંઈ વાત કરશો નહીં તો

આવી જ રીતે દરરોજ આવતો રહીશ.'' પણ જ્યારે ઘરવાળાંએ એ જાહેર કરી દીધું તો થાન્વીના પરદાદા મીઠાઈ લઈને આવતા બંધ થઈ ગયા ! એટલે કે કબ્રમાં તેમને ગયબથી ખબર થઈ ગઈ ! આ ઈલ્મે ગયબનું માનવું દેવબંદીઓને ત્યાં શિર્ક નથી ?! કેમ કે દેવબંદી ધર્મની પાયાની કિતાબમાં શિર્ક વિશે તો નિયમ છે કે :

*''જે વાત મારી જીભેથી નીકળે છે તે એને સાંભળી લે છે અને મારા દિલના વિચારો અને કલ્પનાઓથી તે માહિતગાર રહે છે. આ બધી વાતોથી શિર્ક સાબિત થઈ જાય છે............ અને એમનું આ ઈલ્મ ઝાતી આપબળે મેળવેલું યા ખુદાપાકે આપેલુ સમજવામાં આવે. દરેક સૂરતમાં આ શિર્કભરી માન્યતા લેખાશે.'' (તક્વિયતુલ ઈમાન–ગુજરાતી, પેજ–૩૮, પ્રકાશન નંબર : ૯૬, અનુવાદક : હસન ભડકોદ્રવી, પ્રકાશક : દારુલ ઉલૂમ કંથારીયા, તા. જિ. ભરૂચ)*

અલ્લાહુ અકબર ! આપણે જો અંબિયા, ઔલિયા અને શહીદોની રૂહોની બાબતમાં આ પ્રકારનો અકીદો રાખીએ કે અલ્લાહ તઆલાએ તેમને બરઝખની દુનિયામાં જીવતા ઈન્સાનોની જેમ હયાત અને તસર્રુફની કુદરત બખ્શી છે, તો તેઓ બિદઅત, શિર્ક, મુર્દાપરસ્તી અને જાહિલિયતના મેણાં ટોણાં આપીને આપણી જિંદગી અજીર્ણ કરી દે છે, તેમના ફત્વાની ફેકટરીઓમાંથી ધડાકા અને ભડાકા શરૂ થઈ જાય છે.

પરંતુ થાન્વી સાહબના માર્યા ગયેલા પરદાદાને સંબંધે આ બનાવની પ્રસિદ્ધિ પર કે તેઓ જીવંત ઈન્સાનોની જેમ (મરી ગયા પછી) પોતાને ઘરે પાછા આવ્યા, રૂબરૂ વાતો કરી, મીઠાઈ પણ ભેટ આપી અને એ જ શાનથી દરરોજ આવવાનો શરતી દાવો પણ કર્યો, અને જ્યારે શરતનો ભંગ થયો તો તેમણે આવવાનું બંધ કરી દીધું, આ તમામ વાતોને કોઈ શિર્ક ઠેરાવતો નથી ! કોઈ એ પૂછતો નથી કે, તેમની (થાન્વી સાહબના પરદાદાની) કબ્રમાં મીઠાઈની દુકાન કોણે ખોલી અને કુર્આન હદીષમાં આ પ્રકારના અધિકારોની દલીલ ક્યાં છે ? અને એ વાત તેમને કેવી રીતે સાંભળવા મળી કે તેમની ઘરવાળીએ તેમના આગમનનો ભેદ જાહેર કરી દીધો અને તેમણે આવવાનું બંધ કરી દીધું ?

છે કોઈ નીતિ અને ન્યાયનો હિમાયતી, જે દેવબંદી શ્રીમાનોને જઈને પૂછે કે જે અકીદો રસૂલ, નબી, ગૌષ, ખ્વાજા અને કુતૂબની વાત આવે ત્યારે શિર્ક છે, એ થાન્વી સાહબના પરદાદાની બાબતમાં કેવી રીતે ઈમાન અને ઈસ્લામ બની જાય છે ! આંખોમાં ધૂળ નાખીને તૌહીદ પરસ્તીનો આ સ્વાંગ ક્યાં સુધી રચવામાં આવશે ? શું જવાબ છે મનુબરી, કંથારવી, ભડકોદ્રવી પાસે ?! હે લોકો સમજો અને આ બહુરૂપિયાઓથી દૂર રહો.

## ★ જશ્ને મખ્દૂમ અશરફ رحمۃ اللہ علیہ ★

**દયાદરા** : મુકામે તા. ૨૭–૧૨–૨૦૧૧ના રોજ અસરની નમાઝ બાદ હઝરત મખ્દૂમ અશ્રફ જહાંગીર સિમનાની رحمۃ اللہ علیہની યાદમાં ''જશ્ને મખ્દૂમ અશ્રફ'' رحمۃ اللہ علیہ મનાવાયો જેમાં આલે રસૂલ ખતીબે બાવકાર હઝરત મૌલાના સૈયદ અમીનઅલી સાહબ (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ)એ મખ્દૂમે સિમ્નાંની શાનમાં લાજવાબ બયાન કર્યું હતું. *(નૂરી જલસા કમિટી વ સુન્ની દા'વતે ઈસ્લામી–દયાદરા શાખા)*

**જંબુસર** : મુકામે તા. ૨૭–૧૨–૨૦૧૧ના રોજ રાત્રે ઈશાની નમાઝ બાદ ''જશ્ને મખ્દૂમ અશ્રફ'' رحمۃ اللہ علیہ મનાવાયો જેમાં હઝરત સૈયદ શૌકત અલી બાવા (ખલીફા નૂરાનીબાવા પેટલાદ)ની સદારતમાં શાનદાર અસરકારક બયાન હઝરત મૌલાના સૈયદ અમીનઅલી કાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ)એ કર્યું હતું. ઠંડીની સિઝનમાં પણ નવયુવાનો, વડીલોનો ઉત્સાહ નોંધપાત્ર હતો. સ્ટેજ પર આમોદ, જંબુસરના ઉલમા, હુફ્ફાઝે મોટી સંખ્યામાં હાજરી આપી હતી. એ જ પ્રમાણે ભરૂચ શહેરમાં આપનાં બયાનો થયાં હતાં.

# હઝરત સૈયદ શરફુદ્દીન મશહદી رحمۃ اللہ علیہ

સ્થળ : મખ્દૂમપુર (ભરૂચ)

આપ હઝરત رحمۃ اللہ علیہનું મૂળ નામ હસન અને ઉપનામ શરફુદ્દીન હતું, પિતાજીનું નામ સૈયદ અલાઉદ્દીન હતું. ઈશાનના મશહદ શહેરના વતની હોવાથી પણ મશહદી કહેવાય છે. આપના જન્મનું વર્ષ ૭૨૪ હિ.સ. ૧૩૨૩ ઈ.સ. જાણવા મળે છે. હુસૈની કુળના સૈયદ હતા. મસ્લકમાં શાફઈ સુન્ની હતા. પિતાજી સૈયદ અલાઉદ્દીન મશહદમાં નકીબુન્નુકુબાની પદવી ધરાવતા હતા. તે વળા ઈરાનમાં આ પદવી ઘણી મોટી ગણાતી. સૈયદ શરફુદ્દીન رحمۃ اللہ علیہ અરબી, ફારસી ભાષાના નિષ્ણાંત હતા. કીમિયા તથા તત્વજ્ઞાનમાં નિપૂણ લેખાતા હતા.

પિતાજી સૈયદ અલાઉદ્દીન મશહદથી મુલતાનમાંના ઉછ શહેરમાં પરિવાર સાથે વસ્યા હતા. સૈયદ શરફુદ્દીન ઈલ્મ–વિદ્યામાં નિપૂણતા તથા યુવાનીના મદમાં ઉછના બજારમાં દમામથી ફરતા. એક વેળા આ રીતની યુવાનીની મસ્તીમાં ઘોડા ઉપર સવાર થઈ પ્રખ્યાત મશાઈખ હઝરત જહાન્યાં જહાંગશત رحمۃ اللہ علیہની ખાનકાહમાં જઈ પહોંચ્યા. એક ઘોડે સવાર યુવાન બેઅદબીભરી રીતે ખાનકાહમાં ઘસી આવવાથી ખાનકાહમાં કોલાહલ વ્યાપી ગયો. ઘોંઘાટ થતાં હઝરત હુજરામાંથી બહાર આવ્યા. ઘોડા ઉપર બેઠા બેઠા જ સૈયદ શરફુદ્દીન હઝરત જહાન્યા જહાંગશત رحمۃ اللہ علیہ સાથે ઈલ્મી વાદ વિવાદમાં ઉતરી પડયા. હઝરતે આત્મિક હકીકત પારખી જઈ શરફુદ્દીનની છાતી ઉપર પોતાનો મુબારક હાથ મૂકી દીધો તો શરફુદ્દીનમાંથી તમામ ઈલ્મિયત તથા વિદ્વતા નાશ પામી આથી બધો ઘમંડ ઓસરી ગયો. સૈયદ બોલ્યા કે ખરેખર આજે હું ઈબ્ને સીનાની વિદ્યા ભૂલી ગયો છું. સૈયદ શરફુદ્દીન તરત ઘોડા ઉપરથી ઉતરી જઈ હઝરતના કદમોમાં પડી શરફુદ્દીનને પોતાનામાં એક પ્રકારની ચેતના આવેલી જણાઈ. દિલમાં એક પ્રકારનું નૂરાની અને રૂહાની તેજ ઝળહળતું જણાયું. હઝરત સૈયદ શરફુદ્દીન رحمۃ اللہ علیہએ હઝરત જહાન્યાં જહાંગશત رحمۃ اللہ علیہથી ખિલાફત મેળવી ખિરકો ધારણ કર્યો. આપ رحمۃ اللہ علیہની શાદી હઝરત જહાન્યાં જહાંગશતના દિકરી બીબી કલીમુન્નીસા સાથે થઈ હતી. ઉપરાંત સૈયદ મખ્દૂમ જહાન્યાં જહાંગશત رحمۃ اللہ علیہએ ફર્માવ્યું કે સૈયદ મખ્દૂમ હસન શાહ શરફુદ્દીન તો આપણા દીન (ઈસ્લામ)ની આબરૂ છે.

આપ رحمۃ اللہ علیہ પોતાના પીરો મુર્શિદની આજ્ઞા અનુસાર ભરૂચ આવી વસ્યા. પીરો મુર્શિદે એક દાતણ આપી કહ્યું કે આ દાતણ જમીનમાં ખોસતાં જે ભૂમિ ઉપર તે ઉગી નીકળે ત્યાં કાયમનો વસવાટ કરજો. આથી આ દાતણ ભરૂચ ખાતે ઉગી નીકળતાં આપ ભરૂચમાં વસ્યા એમ કહેવાય છે. ભરૂચનું મકદૂમપુર ગામ આપ હઝરાતના નામથી જ વસેલું છે. ઉછના માછીઓ આપની પાલખી ઊંચકી ભરૂચ આવ્યા હતા તેઓ પણ અહીં જ સ્થાયી થયા. મકદૂમપુર (મક્તમપુર) ગામની પાસેના માછીવાડમાં તેઓનાં વંશજો આજે પણ વસે છે. મકદૂમપુર ગામની મશહદી ખાનદાનનાં વશંજો ભરૂચ તેમજ અમદાવાદ, મુંબઈ તથા પાકિસ્તાનમાં વસેલા છે જેઓ આપની ઔલાદમાંથી છે.

ફારસી ભાષામાં જવાહિરે મશહદી નામનુ એક પુસ્તક આપ હઝરતે પોતાના ખાનદાનના સંબંધી રચ્યું છે. આ પુસ્તકમાં સૂફીવાદની કેટલીક ગહન બાબતો ઉપર પણ ચર્ચા કરવામાં આવી છે.

૧૮મી રજબે હિ.સ. ૮૦૦/ઈ.સ. ૧૪૦૫ના રોજ વફાત થઈ. એક નોંધ મુજબ આપ ખંભાત ખાતે વફાત પામ્યા. આપ (વિના વાજિંત્રોની) મહફિલે સમાને ખૂબ પસંદ ફર્માવતા હતા. આવા જ એક કાર્યક્રમ દરમ્યાન ખંભાત મુકામે આપની વફાત થઈ હતી ત્યાંથી ભરૂચ લાવીને દફન કર્યા. ભરૂચ રેલ્વે સ્ટેશનથી પૂર્વ દિશાએ મકદૂમપુરમાં આપ હઝરતનો મઝાર છે. રોઝા અને ગુંબદનું બાંધકામ હાજી મુહમ્મદ નસ્ર અને મૌ. મહમૂદ હસનની દેખરેખ હેઠળ. હિ.સ. ૮૧૧માં કરવામાં આવ્યું.

# સબ્ર તથા બીમારીની ફઝીલત

:: રજૂકર્તા ::
**મૌલાના ગુલામ યાસીન નૂરાની મિસ્બાહી** *(સદરુલ મુદર્રિસીન : દારુલ બરકાતે ખ્વાજા–આમોદ)*

જે શખ્સ એવું ઈચ્છે છે કે તે અઝાબે ઈલાહીથી મુક્તિ પામે અને સવાબ તથા રહમતને મેળવે અને જન્નતી થઈ જાય તો તેણે જોઈએ કે તે પોતે પોતાને દુનિયવી ઈચ્છાઓથી રોકે અને દુનિયાની તકલીફો તથા મુસીબતો પર સબ્ર કરે.

જેમ કે ફર્માને ઈલાહી છે : وَاللّٰہُ یُحِبُّ صّٰابِرِیۡنَ "અલ્લાહ સબ્ર કરવાવાળાઓને મહબૂબ રાખે છે."

**★ સબ્રના પ્રકારો તથા ફઝીલતો ★**

સબ્રના ઘણા પ્રકારો છે. અલ્લાહ તબારક વ તઆલાની ઈતાઅત (આજ્ઞાપાલન) પર સબ્ર કરવી અને દરેક સમયે ઈબાદતમાં લીન રહેવું, હરામ ચીજોથી બચવું, તકલીફો પર સબ્ર કરવી અને પ્રથમ તો સદમા પર સબ્ર કરવી..... વગેરે.

જે શખ્સ ઈતાઅતે ઈલાહી પર સબ્ર કરે છે અને દરેક સમયે ઈબાદતમાં લીન રહે છે તેને કયામતના દિવસે અલ્લાહ તઆલા ત્રણસો એવા દરજ્જાઓ અતા કરશે જેમાં દરેક દરજ્જા વચ્ચે જમીન તથા આસમાન જેટલું અંતર હશે. જે અલ્લાહ તબારક વ તઆલાની હરામ કરેલી ચીજોથી સબ્ર કરે છે તેને છસો દરજ્જાઓ અતા થશે જેમાં દરેક દરજ્જા વચ્ચેનું અંતર સાતમા આસમાનથી સાતમી જમીનના અંતર બરાબર હશે. જે મુસીબતમાં સબ્ર કરે છે તેને સાતસો દરજ્જાઓ અતા થશે જેમાં દરેક દરજ્જા વચ્ચેનું અંતર તહતુષ્ષરા (પાતાળ)થી લઈને અર્શે ઉલાના જેટલું હશે.

**★ હઝરત ઝકરિયા علیہ السلامનો બનાવ ★**

હઝરત ઝકરિયા علیہ السلام જયારે યહૂદીઓના હુમલાના કારણે શહેરની બહાર નીકળ્યા કે ક્યાંક છુપાઈ જાય અને યહૂદીઓ તેમની પાછળ દોડયા તો આપે નજીકમાં એક ઝાડ જોઈને તેને કહ્યું કે, હે ઝાડ ! મને તારી અંદર છુપાવી લે તો ઝાડ ચિરાઈ ગયું અને આપ તેમાં છુપાઈ ગયા. જયારે યહૂદીઓ ત્યાં પહોંચ્યા તો શૈતાને તેઓને બધી વાત જણાવી દીધી અને કહ્યું કે આ ઝાડના કરવત વડે બે ટુકડા કરી દો. જેથી તેઓએ એ જ પ્રમાણે કર્યું અને આ કેવળ એટલા માટે થયું કે હઝરત ઝકરિયા علیہ السلامએ બારી તઆલાની ઝાતને બદલે મઝાહિરે કુદરતે બારી (ખુદાની કુદરતના ઝહૂર થવાની જગા)થી પનાહ માંગી હતી ! જેથી આપે પોતાની હસ્તીને મુસીબતમાં મૂકી અને આપના બે ટુકડાઓ કરી દેવામાં આવ્યા.

હદીષે કુદ્સીમાં છે કે અલ્લાહ તબારક વ તઆલા ફર્માવે છે, જયારે મારો કોઈ બંદો મુસીબતમાં મારાથી સવાલ કરે છે તો હું તેને માંગવાથી પહેલાં જ દઈ દઉં છું અને તે દુઆને કુબૂલ કરી લઉં છું અને જે બંદો મુસીબતના વખતે મારી મખ્લૂક★થી મદદ માંગે છે તેના માટે આસમાનના દરવાજાઓ બંધ કરી દઉં છું.

**★ હઝરત ઝકરિયા علیہ السلامને ઉફ કરવાની મનાઈ ★**

કહે છે કે હઝરત ઝકરિયા علیہ السلامના માથા સુધી કરવત પહોંચી તો આપે આહ કરી. ઈર્શાદે ઈલાહી

*★દુનિયાદાર મખ્લૂકથી અથવા રબને છોડીને પોતાના હેઠળનાઓથી અને તેજ પ્રમાણે કોઈને ખુદા સમજીને મદદ માંગે છે.*

થયો, હે ઝકરિયા મુસીબત પર પહેલાં સબ્ર કેમ ન કરી જ્યારે હવે ફરિયાદ કરો છો ?! જો બીજીવાર મોઢેથી આહ કાઢી તો સાબિરોના દફતરેથી તમારું નામ કાઢી નાખવામાં આવશે★ ત્યારે હઝરત ઝકરિયા عليه السلامએ પોતાના હોઠોને બંધ કરી દીધા. ચિરાઈને બે ટુકડા થઈ ગયા પણ ફરીવાર ઉફ સુદ્ધાં ન કર્યું.

એટલા માટે દરેક બુદ્ધિશાળી માટે જરૂરી છે કે તે મુસીબતો પર સબ્ર કરે અને ફરિયાદનો શબ્દ જીભ પર ન લાવે જેથી કરીને દુનિયા તથા આખેરતના અઝાબથી મુક્તિ મેળવી લે. કેમ કે આ દુનિયામાં અંબિયા عليهم السلام અને અવલિયા અલ્લાહ પર જ વધુ પ્રમાણમાં મુસીબતો આવે છે.

## ★ સૂફીઓની દષ્ટિએ મુસીબતની હક઼ીક઼ત ★

હઝરત જુનૈદ બગદાદી رحمة الله عليهનો ક઼ૌલ છે કે મુસીબતો આરિફોનો ચિરાગ, મુરીદોની જાગૃતિ, મો'મિનની સુધારણા અને ગાફિલોના માટે હલાક઼ત છે. મો'મિન મુસીબત પર સબ્ર કર્યા વગર ઈમાનની મધુરતાને પામી શકતો નથી. હદીષ શરીફમાં છે કે **જે શખ્સ રાતભર બીમાર રહ્યો અને સબ્ર કરીને અલ્લાહ તબારક વ તઆલાની રઝામંદીનો ઈચ્છુક રહ્યો તો તે શખ્સ ગુનાહોથી એવો પાક થઈ જશે જેવી રીતે કે પોતાના જન્મ વખતે હતો.** એટલા માટે જ્યારે તમે બીમાર થઈ જાવ તો આફિયત (તંદુરસ્તી)ની તમન્ના ન કરો.

જનાબ ઝહહાક કહે છે કે **જે શખ્સ ચાલીસ રાતોમાં એક રાતે પણ રંજ તથા ગમમાં ન સપડાયો હોય તો અલ્લાહ તબારક વ તઆલાને ત્યાં તેના માટે કોઈ ખૈર તથા ભલાઈ નથી.**

## ★ બીમાર મો'મિન બંદાના ગુનાહો નથી લખવામાં આવતા ★

હઝરત મઆઝ ઈબ્ને જબલ رضي الله عنهથી મરવી છે કે **જ્યારે મો'મિન બંદો કોઈ બીમારીમાં સપડાઈ જાય છે તો તેના જમણા ખભાવાળા (ફરિશ્તા)ને કહેવામાં આવે છે કે તેના આમાલનામામાં તે બેહતરીન નેકીઓ લખો જે તેના દ્વારા થયેલી છે.**

હદીષ શરીફમાં છે, જ્યારે કોઈ બંદો બીમાર પડી છે તો અલ્લાહ તબારક વ તઆલા તેની તરફ બે ફરિશ્તાઓ મોકલે છે કે જાઓ જઈને જુઓ મારો બંદો શું કહે છે ? જો બીમાર અલ્હમ્દુલિલ્લાહ ! કહે છે તો ફરિશ્તા અલ્લાહ તબારક વ તઆલાની બારગાહમાં જઈને તેનું કથન અર્ઝ કરે છે. ખુદા તઆલાનો ઈર્શાદ થાય છે કે **જો મેં તે બંદાને એ બીમારીમાં મૌત આપ્યું તો તેને જન્નતમાં દાખલ કરીશ અને જો તંદુરસ્તી અતા કરી તો તેને અગાઉથી પણ બેહતર પોષણ કરવાવાળો ગોશ્ત**

*★મોહિબ (મહબ્બત કરનાર) તેના મહબૂબમાં કોઈ ખૂબી તેના મહબૂબથી અલગ થાય તે નથી ઈચ્છતો. તે જ પ્રમાણે મા બાપ પોતાના પ્રિય બીમાર બાળકને તંદુરસ્ત જોવા ચાહે છે જેથી દવા પીવડાવી વખતે અથવા પરહેઝ કરાવવાની બાબતે કડક શબ્દોથી કામ લે છે, ધમકી પણ આપે છે. (દા.ત. દવા પીશે નહીં તો અમે બોલીશું નહીં.... વગેરે) તે જ પ્રમાણે રબે પોતાના વલી (દોસ્ત)માં સબ્રની ખૂબી શહાદતના ગુણની સાથે જોવાની પસંદ ફર્માવી અને સબ્રની શીખ માટે મહોબ્બતને ખાતર ચેતવણી આપી. બીજું કે રબ તબારક વ તઆલાનું ઝકરિયા عليه السلامને ફર્માવવું કે, "નામ કમી કરી દેવામાં આવશે." એ મશ્રૂત (શરતની સાથે) છે. તે જ પ્રમાણે હુઝૂર ﷺએ પણ કેટલીયે વાર ફર્માવ્યું, દા.ત. હુઝૂર ﷺએ રબ તઆલાની ઔલાદની નફી (ન હોવા વિશે)માં ફર્માવ્યું કે રબ તઆલાને ફરઝંદ હોત તો હું સૌ પ્રથમ તેની ઈબાદત કરત.*

***મહત્વનો મુદ્દો** : કોઈ પ્રકારનો અયબ નબીમાં માનવો તે હક઼ીક઼તમાં ખુદા તઆલાની પસંદગીમાં ખામી માનવું થશે કે પરિપૂર્ણ ગુણોવાળા નબી પસંદ ન કર્યા અથવા નબી પસંદ કરતી વખતે તેના ભવિષ્યમાં નબુવ્વતને લાયક નહીં એવા કાર્યોથી બેખબર રહ્યો. આ પ્રસંગની વિસ્તારપૂર્વક વિગત "અવરાકે ગમ"માં વાંચો.)*

**અને લોહી દઈશ અને તેના ગુનાહોને માફ કરી દઈશ.**

## ★ એક બોધદાયક હિકાયત ★

બની ઈસ્રાઈલમાં એક ખૂબ જ ફાજિર તથા ફાસિક્ માણસ હતો જે તેના હુકમોથી કદી પાછો હઠતો ન હતો. શહેરવાસીઓ જ્યારે તેની બદ્કારીઓથી આજિઝ આવી ગયા તો અલ્લાહ તબારક વ તઆલાને તેની બુરાઈથી રક્ષિત રાખવાની દુઆ કરવા લાગ્યા. અલ્લાહ તઆલાએ હઝરત મૂસા عليه السلامની તરફ વહી મોકલી કે બની ઈસરાઈલના ફલાણા શહેરમાં એક બદ્કાર યુવાન રહે છે તેને શહેરમાંથી તડીપાર કરો જેથી તેની બદ્કારીઓના કારણે આખા શહેર ઉપર આગ ન વરસે. હઝરત મૂસા عليه السلام ત્યાં તશરીફ લઈ ગયા અને તેને તેની વસ્તીથી હાંકી કાઢયો.

ફરીથી ફર્માને ઈલાહી થયો કે તે વસ્તીમાંથી પણ કાઢી મૂકો. તો મૂસા عليه السلامએ તે વસ્તીમાંથી પણ કાઢી મૂક્યો તો તેણે એક ગુફામાં રહેઠાણ બનાવ્યું જ્યાં ન કોઈ માણસ આવતો હતો અને ન તો કોઈ પશુપંખી ફરકતું હતું. આસપાસમાં ન કોઈ વસ્તી હતી અને ન તો દૂર દૂર સુધી હરિયાળીનું નિશાન હતું. તે ગુફામાં આવીને તે યુવાન બીમાર પડી ગયો તો તેની સેવા સુશ્રુષાના માટે કોઈ શખ્સ પણ તેની નજીક હાજર ન હતો જે તેની ચાકરી કરે. તે અશક્તિના કારણે જમીન પર ગબડી પડયો અને કહેવા લાગ્યો કે અફસોસ ! અત્યારે મારી મા મારી પાસે હાજર હોત તો મારા પર હેત દર્શાવત અને મારી આ લાચારી અને બેકસી પર રડત. જો મારો બાપ હોત તો મારી દેખરેખમાં મદદ કરત. જો મારી પત્ની હોત તો મારા વિરહમાં રડત અને મારાં બાળકો અત્યારે હાજર હોત તો કહેત કે, હે રબ ! અમારા લાચાર, ગુનેહગાર, બદ્કાર અને મુસાફિર બાપને બખ્શી દે, જેને પ્રથમ તો શહેરથી તડીપાર કર્યો અને પછી બીજી વસ્તીમાંથી પણ કાઢી મૂક્યો અને હવે તે ગુફામાં પણ દરેક ચીજથી નિરાશ થઈને દુનિયાથી આખેરતની તરફ જઈ રહ્યો છે, અને તેઓ મારા જનાઝા પાછળ રડતા રડતા ચાલત.

પછી નવયુવાન કહેવા લાગ્યો કે, હે અલ્લાહ ! તેં મને મા બાપ અને પત્ની તથા બાળકોથી દૂર કર્યો છે પણ તારા ફઝલો કરમથી દૂર ન કરીશ ! તેં મારું દિલ અઝીઝોની જુદાઈમાં જલાવ્યું છે પણ હવે મારા વજૂદને ગુનાહોના સબબે જહન્નમની આગમાં ન જલાવીશ ! તેજ પળે અલ્લાહ તબારક વ તઆલાએ એક ફરિશ્તો તેના બાપના રૂપમાં બનાવીને અને એક હૂરને તેની મા અને એક હૂરને તેની પત્નીના રૂપમાં ફેરવીને અને જન્નતના ગિલમાનને તેના બાળકોના રૂપમાં મોકલી દીધાં. આ સૌ તેની નજીક આવીને બેસી ગયાં અને તેની સખ્ત તકલીફમાં અફસોસ અને નિશ્વાસ સાથે રૂદન કરવા લાગ્યાં. યુવાન તેઓને જોઈને ખૂબ જ ખુશ થયો અને તે જ ખુશીમાં તેનો ઈન્તેકાલ થઈ ગયો. ત્યારે અલ્લાહ તબારક વ તઆલાએ હઝરત મૂસા عليه السلامની તરફ વહી મોકલી કે ફલાણી ગુફાની તરફ જાવ ત્યાં અમારો એક દોસ્ત મૃત્યુ પામ્યો છે જેથી તમે તેના કફન દફનની વ્યવસ્થા કરો.

ખુદાના હુકમ પ્રમાણે હઝરત મૂસા عليه السلام જ્યારે ગુફામાં પહોંચ્યા તો તેમણે ત્યાં જે યુવાનને મરેલો જોયો જેને શહેરથી તડીપાર કર્યો હતો અને ફરી બીજી વસ્તીમાંથી પણ કાઢયો હતો, તેની નજીક હૂરો પ્રશંસકોની જેમ બેઠેલી હતી.

મૂસા عليه السلامએ બારગાહે ઈલાહીમાં અર્ઝ કરી કે, હે રબ્બુલ ઈઝ્ઝત ! આ તો તે જ યુવાન છે જેને મેં તારા હુકમથી શહેર અને વસ્તીથી દૂર હાંકી કાઢયો હતો. તો રબ તઆલાએ ફર્માવ્યું, હે મૂસા ! મેં તેના અતિશય રડવાને કારણે તેના કુટુંબીઓના વિરહમાં તડપવાના કારણે તેના પર રહમ કરી છે અને ફરિશ્તાઓને તેના મા બાપની સૂરતમાં અને હૂરો ગિલમાનને તેની મા તથા પત્ની અને બાળકોના રૂપમાં મોકલ્યાં છે, જેઓ મુસાફિરતમાં તેની તકલીફો પર રડે છે. જ્યારે તે મૃત્યુ પામ્યો તો તેની નિરાધારતા

પર જમીન તથા આસમાનવાળાઓ રડે અને અર્હમુર્રાહિમીન પછી કેમ તેના ગુનાહોને માફ ન ફર્માવે ?

## ★ જ્યારે મુસાફિર સફરમાં મૃત્યુ પામે ★

જયારે કોઈ મુસાફિર પર નઝઅનો આલમ (સકરાતની હાલત) છવાય છે તો અલ્લાહ તબારક વ તઆલા ફરિશ્તાઓને ફર્માવે છે કે આ બીચારો મુસાફિર છે અને પોતાના બાળબચ્ચાં તથા મા બાપ વગેરેથી દૂર છે જેથી જ્યારે તે મૃત્યુ પામશે તો તેના પર કોઈ અફસોસ કરનારું પણ નહીં હોય. અને અલ્લાહ તબારક વ તઆલા ફરિશ્તાઓને તેના મા બાપ તથા બાળ બચ્ચાં અને સગા સંબંધીઓના રૂપમાં મોકલશે. જ્યારે તે તેઓને પોતાની નજીક જુએ છે તો તેઓને પોતાના સગા સંબંધી સમજીને અત્યંત ખુશ થાય છે અને તે જ ખુશ હાલતમાં તેની રૂહ ઉડી જાય છે. પછી તે ફરિશ્તાઓ ગમગીન હાલતમાં તેના જનાઝાની પાછળ પાછળ ચાલે છે અને કયામત સુધી તેના માટે મગફિરતની દુઆ કરતા રહે છે. ફર્માને ઈલાહી છે : "અલ્લાહ પોતાના બંદાઓ પર મહેરબાન છે."

ઈબ્ને અતાઅ رحمۃ اللہ علیہ કહે છે કે માણસના સાચ તથા જૂઠની પરખ એની મુસીબતો અને ખુશીના પ્રસંગોએ જોવા મળે છે. **જે વ્યક્તિ ખુશીના તથા માલદારીના સમયમાં અલ્લાહ તબારક વ તઆલાનો શુક્ર અદા કરે છે પણ મુસીબતોમાં ફરિયાદ કકળાટ કરે છે તે જૂઠો છે. જો કોઈને બંને જહાનના ઈલ્મ અતા કરી દેવામાં આવે પછી તેના પર મુસીબતોની પડાપડી થાય અને તે શિકવા ફરિયાદ કરવા લાગે તો તેને તેનો એ ઈલ્મ કાંઈ કામ નથી આવતો.** (એ ઈલ્મ બેકાર છે.)

*(હદીષે કુદ્સી છે કે અલ્લાહ તબારક વ તઆલા ઈર્શાદ ફર્માવે છે કે, "જે મારી કઝા (ખુદાનો ફેંસલો) પર રાજી નથી અને મારી અતા પર શુક્ર નથી કરતો તે મારા સિવાય કોઈ અન્ય રબ શોધે.")*

**હિકાયત** : વહબ ઈબ્ને મુનબ્બિહ કહે છે કે અલ્લાહ તબારક વ તઆલાના એક નબીએ પચાસ વરસ અલ્લાહની ઈબાદત કરી તો અલ્લાહ તઆલાએ તે નબીની તરફ એ વહી નાઝિલ ફર્માવી કે, મેં તને બખ્શી દીધો છે. નબીએ અર્ઝ કરી કે, હે અલ્લાહ ! મેં તો કોઈ ગુનોહ જ નથી કર્યો તો કઈ ચીજને બખ્શવામાં આવી ?! અલ્લાહ તબાક વ તઆલાએ તેમની એક રગને બંધ કરી દીધી જેના કારણે તે આખી રાત સૂઈ ન શક્યા. સવારે જ્યારે તેમની પાસે ફરિશ્તો આવ્યો તો તેમણે રગના બંધ થઈ જવા વિશે શિકાયત કરી. તો ફરિશ્તો બોલ્યો, અલ્લાહ તબાક વ તઆલા ફર્માવે છે કે, **તારી પચાસ વરસની ઈબાદતથી તારી આ એક શિકાયત વિશેષ છે.** (આ ઈબાદત પર તમને નાઝ હતો !) *(મુકાશફતુલ કુલૂબ)*

## ★ જશ્ને શહીદે આ'ઝમો મુફ્તીએ આ'ઝમ ★

**જુનાગઢ** : ખલીફાએ મુફતીએ આ'ઝમ હઝરત નૂર મુહમ્મદ મારફાની رحمۃ اللہ علیہની સ્થાપિત ખાનકાહે રઝવિય્યહ્ ખાતે "જશ્ને શહીદે આ'ઝમ વ મુફતીએ આ'ઝમ" તથા જશ્ને દસ્તારે હિફ્ઝ તા. ૯–૧૨–૨૦૧૧ જુમ્આની ઈશા બાદ પીરે તરીકત હઝરત મૌલાના ગુલઝાર અહમદ નૂરી સજ્જાદાનશીનની સદારતમાં મનાવાયો જેમાં હઝરત સૈયદ હસન ચિશ્તી (ગાદીનશીન : ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ, અજમેર શરીફ) મુકર્રિર : અલ્લામા સૈયદ માહિબ્બુલ હક્ક કાદરી (ગોંડા), મૌલાના અબ્દુલ મોબિન (અલીગઢ યુનિવર્સિટી) તથા અન્ય જામનગર, જુનાગઢ, ધ્રોલ વગેરેના ઉલમાનાં બયાનો થયાં. છ હુફ્ફાઝની દસ્તારબંદી કરવામાં આવી. રાત્રે ૧.૪૦ વાગે કુલ શરીફ બાદમાં સલાતો સલામ દુઆ બાદ લંગર ચાલ્યું. *–(રિપોર્ટ : ટૂંકાવીને : રજૂકર્તા હાજી મુહમ્મદ હનીફ નૂરી)*

# ફઝાઈલે દુરૂદો સલામ

## તથા વાંધાના જવાબો

રજૂકર્તા : હાફેઝ અબ્દુર્રહમાન દાઊદ પટેલ–પારખેત (મુતઅલ્લિમ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)

હઝરત ઉબય બિન કઅબ رضی اللہ عنہ થી રિવાયત છે, ફર્માવે છે કે મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ હું આપના પર દુરૂદ પઢુ છું તો કેટલો સમય દુરૂદના માટે નક્કી કરું ? ફર્માવ્યું, જેટલુ ઈચ્છો. મેં કહ્યું, ચોથો ભાગ ? ફર્માવ્યું, જેટલુ ઈચ્છો, જો દુરૂદનો સમય વધારી દો તો તમારા માટે સારું છે. મેં કહ્યું, અડધો સમય ? ફર્માવ્યું, જેટલુ ઈચ્છો, જો દુરૂદનો સમય વધારી દો તો તમારા માટે સારું છે. મેં કહ્યું, પોણો (૧/૩) ભાગ ? ફર્માવ્યું, જેટલુ ઈચ્છો. પરંતુ દુરૂદનો સમય વધારી દો તો તમારા માટે સારું છે. મેં કહ્યું, તમામ સમય દુરૂદ જ પઢીશ ! ફર્માવ્યું, ત્યારે તો તમારા ગમોના માટે પૂરતુ છે અને તમારા ગુનાહ બખ્શી દેવામાં આવશે.

ઉપરોક્ત હદીષથી એ વાત સ્પષ્ટ થાય છે કે હઝરત ઉબય બિન કઅબ દુરૂદ શરીફ પઢવાનો સમય નિશ્ચિત કરવા ઈચ્છે છે તથા જાણવા માગે છે કે કેટલુ દુરૂદ શરીફ પઢું ? તો સરકારે મદીના ﷺ ફર્માવે છે, જેટલુ તમે ઈચ્છો પણ જો દુરૂદ વધારી દો તો તમારા માટે બેહતર છે. હઝરત અબૂ તલ્હા رضی اللہ عنہ થી રિવાયત છે કે એક દિવસ હુઝૂર علیہ الصلوٰۃ والسلام ખુશખુશાલ તશરીફ લાવ્યા. ફર્માવ્યું, જિબ્રઈલ علیہ الصلوٰۃ والسلام મારી પાસે તશરીફ લાવ્યા અને કહ્યું, આપનો રબ ફર્માવે છે : "હે મહબૂબ ! શું તમે આના પર રાજી નથી કે આપની ઉમ્મતમાંથી જે કોઈ આપના પર દુરૂદ મોકલે તેના પર હું દસ સલામ નાઝિલ કરું."

હઝરત ફુઝાલા બિન ઉબૈદ કહે છે, નબી ﷺ તશરીફ ફર્મા હતા. એક વ્યક્તિ આવ્યો, નમાઝ પઢી અને આ પ્રમાણે દુઆ માંગી :–

### ★ દુરૂદો સલામ વગરની દુઆ ★

ઈલાહી ! મને બખ્શી દે અને મારા પર રહમ ફર્માવ ! રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, નમાઝી તેં ઉતાવળ કરી ! જ્યારે નમાઝ પઢી લે તો અલ્લાહ તઆલાની શાન પ્રમાણે તેની હમ્દો, ષના બયાન કર, પછી મારા પર દુરૂદ મોકલ, પછી તેનાથી દુઆ માંગ ! કહે છે કે ત્યાર બાદ એક બીજો વ્યક્તિ આવ્યો અને નમાઝ પઢી અને અલ્લાહ તબારક વ તઆલાની હમ્દ બયાન કરી અને નબીએ કરીમ ﷺ પર દુરૂદ મોકલ્યું. નબી علیہ الصلوٰۃ والسلام એ તેનાથી ફર્માવ્યું, હે નમાઝી ! દુઆ માંગ કૃબૂલ થશે ! *(તિર્મિઝી, અબૂ દાઊદ, નસાઈ, મિશ્કાત–૮૬)*

હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવ્યું, "જ્યાં સુધી તમે પોતાના નબી ﷺ પર દુરૂદ ન મોકલો તો વગર શંકાએ તમારી દુઆ જમીન અને આસ્માન વચ્ચે લટકતી રહે છે અને રજમાત્ર ઉપર નથી જઈ શકતી." *(તિર્મિઝી, મિશ્કાત, પેજ : ૮૭)*

### ★ શૈખ મુહક્કિક્નો ઈર્શાદ ★

શૈખે અજલ અબ્દુલ વહ્હાબ મુત્તકી رحمۃ اللہ علیہ એ આ ફકીર (અબ્દુલ હક્ક)ને મદીના વિદાય આપતાં ફર્માવ્યું, એ વાત દિમાગમાં રાખો અને આગાહ રહો કે આ માર્ગમાં ફર્ઝની અદાયગી બાદ કોઈ ઈબાદત હુઝૂર ﷺ પર દુરૂદ શરીફ પઢવાના બરાબર નથી. તમારે જોઈએ કે પોતાનો બધો જ સમય તેમાં ખર્ચી નાખો, કોઈ બીજા કામમાં ન લાગો. અર્ઝ કરવામાં આવી, એના માટે કોઈ નિશ્ચિત ગણતરી પણ છે ? ફર્માવ્યું, અહીં ગણતરી નક્કી કરવાની જરૂરત નથી, એટલી હદ સુધી પઢો કે દરેક સમયે તેમાં જ ચૂર રહો, ત્યાં સુધી કે તેમના જ રંગમાં રંગાય જાવ અને તેમાં ડૂબેલા રહો.

તે કેટલો બદ્નસીબ વ્યક્તિ હશે જે સલાતો સલામથી રોકે ! આકૃ علیہ الصلوٰۃ والسلام એ તે વ્યક્તિને કંજૂસ

ઠરાવ્યો જેની સામે આપનો ઝિક્ર થાય અને તે આપના પર દુરૂદ શરીફ ન પઢે. ઈર્શાદ ફર્માવ્યો, "મોટો કંજૂસ તે છે જેની સામે મારો ઝિક્ર થયો અને તેણે મારા પર દુરૂદ ન પઢયું." *(તિર્મિઝી, અહમદ, મિશ્કાત–૮૬)*

### ★ અઝાનના સમયે સલામ પઢવું કેવું ? ★

સલાતો સલામ જ્યારે પણ પઢવામાં આવે બાઈષે બરકત અને કામયાબી છે, પરંતુ અઝાન બાદ બાકાયદા દુરૂદ શરીફ પઢવાનો પ્રારંભ સુલ્તાન સલાહદ્દીન ઐયૂબીથી થયો.

ઈમામ અબ્દુલ વહ્હાબ શઅરાની رحمۃ اللہ علیہની "કશ્ફુલ ગમ્મહ્ અને જમીઈલ ઉમ્મહ્"માં લખે છે :–

અમારા શૈખે ફર્માવ્યું, મુઅઝ્ઝિનો જે રીતે દુરૂદો સલામ પઢે છે, ન હુઝૂર ﷺના સમયમાં હતું, ન ખુલ્ફાએ રાશેદીનના સમયમાં. ફર્માવ્યું, રાફઝીઓએ મિસરમાં પોતાની હુકૂમતમાં અઝાન બાદ ખલીફા અને તેના વઝીરો પર સલામ પઢવાનું શરૂ કરી દીધું ત્યાં સુધી કે અલ્ હાકિમ બિઅમ્રિલ્લાહના મૃત્યુ બાદ લોકોએ તેની બહેનને સરદાર બનાવી લીધી અને તેના પર તથા તેની વઝીરો (સ્ત્રીઓ) પર સલામ પઢવા લાગ્યા. જ્યારે બાદશાહે આદિલ સલાહુદ્દીન ઐયૂબી رحمۃ اللہ علیہએ રાજપાઠ સંભાળ્યો તો તે બિદઅતોને ખતમ કરીને તેની જગ્યાએ બધા જ શહેરો અને ગામડાંઓના મુઅઝ્ઝિનોને નબી ﷺ પર દુરૂદ પઢવાનો હુકમ આપ્યો. અલ્લાહ તઆલાએ તેમને સારો બદલો અતા ફર્માવે.

થોડાક શબ્દોના ફેરફાર સાથે આ જ વાત હાફેઝ જલાલુદ્દીન સિયૂતિ رحمۃ اللہ علیہએ તારીખુલ ખુલ્ફામાં લખી છે : *(જુઓ પેજ નં. ૩૭૮)*

**વાંધો** : અઝાન પહેલાં દુરૂદો સલામ બિદઅત છે એટલા માટે કે પહેલાં પઢવાનો સબૂત નથી ?

**જવાબ** : પછી તો નમાઝમાં અથવા બે એક બીજા અવસરો પર જ દુરૂદો સલામ જાઈઝ થશે, કેમ કે જ્યારે કોઈ વ્યક્તિ દુરૂદો સલામ પઢવા ઈચ્છશે તો તમે તેનાથી તે જ સમયે પઢવાનો સબૂત માંગશો ! અને કેમ કે દરેક સમયનો સંપૂર્ણ હુકમ બતાવવો શક્ય નથી, એટલા માટે દુરૂદો સલામ આ બધા જ સમયે નાજાઈઝ થશે ! જેનો ખાસ હુકમ હદીષે પાકથી મળતો નથી. જો કે એ વાતને માનવાવાળો ઉમ્મતમાં કોઈ નથી તો આપનો તરીકો શરીઅતના ખિલાફ અને તદ્દન બિદઅત છે. હક્ક એ જ છે કે દુરૂદો સલામ જ્યારે પઢે કુર્આન અને સુન્નતના હુકમ પર જ અમલ છે. અને જ્યારે રોકવામાં આવે તો તે કુર્આન તથા હદીષનો વિરોધ અને બિદઅતે સૈયેઆ (બુરી) છે. અને આ સવાલ ફક્ત દુરૂદો સલામ પર જ નહીં થાય બલ્કે દરેક નફ્લી ઈબાદત, જેમ કે નફ્લી નમાઝ, નફ્લી રોઝો, નફ્લી સદકો અને તિલાવત વગેરે દરેક પર આ જાહિલો જેવો સવાલ થશે કે આ સમયે આ દિવસે હુઝૂર ﷺએ આ કામ ક્યારે કર્યું હતું ? સબૂત લાવો !

### ★ દુરૂદો સલામ અને અઝાન ★

અમે અઝાન પહેલાં દુરૂદો સલામ પઢવા પર જીદ કરવાનું છોડી દઈએ છીએ અને આપની સાથે મળી અઝાન બાદ દુરૂદો સલામ પઢીએ છીએ કે જેનો હુકમ હદીષ શરીફમાં છે. હઝરત અબ્દુલ્લાહ અમ્ર બિન આસ رضی اللہ عنہ કહે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું : "જ્યારે મુઅઝ્ઝિનનો અવાજ સાંભળો તો તમે પણ એની જેમ કહો પછી મારા પર દુરૂદ પઢો. જેણે મારા પર એક વખત દુરૂદ પઢયું અલ્લાહ તઆલા તેના બદલે તેના પર દસ રહમત નાઝિલ ફર્માવે છે. પછી મારા માટે અલ્લાહથી વસીલાના સ્થળની દુઆ માંગો, તે જન્નતમાં એક એવો દરજ્જો છે જે ખુદાના બંદાઓમાંથી ફક્ત એકની શાન પ્રમાણે હશે અને મને ઉમ્મીદ છે કે તે (હક્કદાર) હું જ છું. જેણે મારા માટે વસીલો માંગ્યો તેના માટે મારી શફાઅત લાઝિમ થશે." *(સહીહ મુસ્લિમ, ભાગ : ૧, પેજ : ૧૮૬, મિશ્કાત–૬૫)*

### ★ દુરૂદ શરીફનો ઈન્કાર કરનારા ફસાઈ ગયા ! ★

જાહેરમાં એ હાહાકાર મચાવવામાં આવે છે કે અઝાન પહેલાં દુરૂદો સલામ જાઈઝ નથી, જો કે આ ઈન્કાર વગર દલીલે જોર મારવું અને ખુલ્લી બિદઅત છે. કેમ કે કુર્આનના મુત્લક (બિનશર્તી) હુકમને શર્તી બનાવવું છે. પરંતુ એહલે સુન્નતે જોઈએ કે કહે, ચાલો ! આ હદીષ પ્રમાણે અઝાન બાદ જ દુરૂદ શરીફ પઢયા કરો.

પરંતુ મુન્કિરો તો કોઈપણ અઝાન બાદ પણ દુરૂદ શરીફ પઢવાનો સખત ઈન્કાર કરે છે ! અને ક્યારેય નથી પઢતા. જાણવા મળ્યું કે પ્રથમ અથવા પાછળની તો વિના કારણે ધમાલ મચાવી રાખી છે, અસલમાં તેઓ દુરૂદો સલામ તથા ઝિક્રે રસૂલ ﷺના જ મુન્કિર છે !

**વાંધો** : અમે અઝાન બાદ દુરૂદો સલામના મુન્કિર નથી, પરંતુ અમે બિલાલી અઝાન ઈચ્છીએ છીએ, એટલે કે દુરૂદ શરીફ દિલમાં વગર લાઉડસ્પીકરે પઢવામાં આવે. તમે સ્પીકર પર પઢો છો અને અમે સ્પીકરના દુરૂદ શરીફથી ઈન્કાર કરીએ છીએ ?

**જવાબ** : જ્યારે બિલાલી અઝાન ઈચ્છો છો તો હઝરત બિલાલ رضی اللہ عنہ જેમ વગર લાઉડસ્પીકરે અઝાન આપ્યા કરો ! તેમણે ક્યારેય સ્પીકર પર અઝાન નથી આપી, આ પણ બિદઅત જ છે ! અને જો તમે સ્પીકરવાળી અઝાન નથી છોડી શકતા તો અમે સ્પીકરી દુરૂદો સલામ પણ નથી છોડી શકતા.

**વાંધો** : આ સ્પીકરી દુરૂદો સલામ ક્યારથી નીકળી છે ?

**જવાબ** : જ્યારથી સ્પીકરી તિલાવત તથા તક્રીરની બિદઅત નીકળી છે !

**વાંધો** : અમે તો અઝાન બાદ પણ દુરૂદે ઈબ્રાહીમી પઢીશું કે હદીષથી આ જ સાબિત છે !

**જવાબ** : અમે તમને દુરૂદે ઈબ્રાહીમથી ક્યારે રોક્યા છે ?! પરંતુ એ જે તમે કહ્યું કે અઝાન બાદ આ જ દુરૂદ શરીફ સાબિત છે. આ ફક્ત તમે જૂઠુ કહ્યું છે અને જૂઠુ બોલવું તદ્દન બિદઅત છે. આપ અઝાન બાદ પઢવામાં આવતુ દુરૂદ શરીફ દુરૂદે ઈબ્રાહીમી ક્યામત સુધી સાબિત નથી કરી શકતા. દુરૂદે ઈબ્રાહીમી ફક્ત નમાઝમાં અફઝલ છે અને તેને કોઈ નકારી નથી શકતુ. રહ્યું નમાઝ સિવાય તો લખાણ તથા બયાન બંનેમાં ન તો કોઈ મુહદ્દિષ, ફકીહ, મુફસ્સિર અને ઈતિહાસ લેખક તથા સવાનેહ લખનારે દુરૂદે ઈબ્રાહીમનો આ પ્રમાણે વપરાશ કર્યો છે, ન તે શક્ય છે, આખી ઉમ્મતના બુદ્ધિશાળીઓ **"અલૈહિસ્સલામ, અલૈહિસ્સલાતુ વસ્સલામ, સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ."** વગેરે શબ્દોથી દુરૂદો સલામ પઢે છે અને લખે છે. દુનિયાભરનો કોઈ બલ્કે તમારા ધર્મનો (દેવબંદી) આલિમ જ બતાવી દો જેણે લખાણ અને બયાનમાં દુરૂદે ઈબ્રાહીમીને જરૂરી રાખ્યું હોય ! કોઈ કિતાબ બતાવી દો, પછી મોં માગ્યું ઈનામ અમારાથી મેળવી લો !

**વાંધો** : તો શું દુરૂદે ઈબ્રાહીમીની ફઝીલતનો તમે ઈન્કાર કરો છો ?!

**જવાબ** : જનાબ ફઝીલતનો ઈન્કાર નથી પરંતુ ફક્ત નમાઝમાં અને તેનું કારણ એ છે કે નમાઝમાં **"અસ્સલામુ અલૈક ઐયુહન્નબી"** પહેલાં આવી ચૂક્યું છે અને કુર્આનમાં દુરૂદો સલામ બંનેનો હુકમ છે, તો નમાઝમાં બંને હુકમો પર અમલ થઈ જાય છે, પરંતુ નમાઝ સિવાય ફક્ત દુરૂદે ઈબ્રાહીમીથી કુર્આની હુકમ صَلُّوْا પર અમલ થશે અને سَلِّمُوْا تَسْلِيْمًا પર અમલ નહીં થાય જ્યારે કે الصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَارَسُوْلَ اللّٰهِ થી બંને હુકમો પર અમલ થઈ જાય છે.

## ★ આ મનઘડત દુરૂદ છે ?! ★

જી હાં ! એટલા માટે કે આ કુર્આનના હુકમના તદ્દન પ્રમાણે છે : صَلُّوْا અને દુરૂદ મોકલો, અમે કહ્યું, الصَّلٰوةُ سَلِّمُوْا "સલામ મોકલો." અમે કહ્યું, وَالسَّلَامُ عَلَيْهِ "તે નબી પર." અમે કહ્યું, عَلَيْكَ يَارَسُوْلَ اللّٰهِ "હે ઈમાનવાળાઓ ! તે નબી પર દુરૂદ અને ખૂબ સલામ મોકલો." અમે કહીએ છીએ : الصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَارَسُوْلَ اللّٰهِ "હે ખુદાના રસૂલ ! આપ પર દુરૂદો સલામ થાય." બતાવો ! આ મનઘડત છે કે બિલકુલ કુર્આની હુકમ પ્રમાણે ?!

**વાંધો** : આવુ બનાવ્યું તો તમે જ છે ?

**જવાબ** : જ્યારે અલ્લાહે શબ્દો નક્કી નથી કર્યા. હુઝૂર ﷺએ નમાઝ માટે દુરૂદે ઈબ્રાહીમી બતાવ્યું પરંતુ નમાઝ સિવાય, તેને નિશ્ચિત ન કર્યું. અમે કુર્આનની મરજી પ્રમાણે પઢી લીધુ.

**વાંધો** : પછી તો તમારું ઘડેલુ જ થયું ?

**જવાબ** : જનાબ ! આ અમારુ ઘડેલુ નહીં પરંતુ આ જ મુકદ્દસ દુરૂદ શરીફ છે જે સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ આપ ﷺની ખિદમતમાં અર્ઝ કરતા હતા. આ જ તે મુકદ્દસ દુરૂદો સલામ છે જે

મુસલમાનો, પથ્થરો, ઝાડો વગેરેમાં રિવાજ પામેલ હતું. જેમ કે હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ફર્માવે છે કે હું મક્કા શરીફમાં હુઝૂર علیہ الصلوٰۃ والسلام સાથે શહેરથી બહાર નીકળ્યો તો સામે જે પણ પહાડ અથવા ઝાડ આવતુ તે આ જ અર્ઝ કરતું : **"અસ્સલામુ અલૈક યા રસૂલલ્લાહ !"** "હે અલ્લાહના રસૂલ ! આપ પર સલામ." *(તિર્મિઝી શરીફ, દારમી શરીફ, મિશ્કાત શરીફ–૫૪૦, સીરતે ઈબ્ને હિશામ, ભાગ : ૧, પેજ : ૨૩૪)*

**વાંધો** : પછી આ તો પથ્થરો અને ઝાડોનું દુરૂદો સલામ થયું ?

**જવાબ** : (૧) પથ્થરો અને ઝાડોએ તે શબ્દો દ્વારા સરકાર علیہ الصلوٰۃ والسلامને સલામ કરી જેના દ્વારા ફરિશ્તા અને સહાબાએ કિરામ સરકાર صلی اللہ علیہ وسلمની ખિદમતમાં અર્ઝ કરતા હતા. (૨) પથ્થરો અને ઝાડો તમારા (મુન્કિરો)થી સારા હતા કે ઝિક્રે રસૂલ કરવાવાળા હતા, ઈન્કાર કરતા ન હતા. જનાબ ! પથ્થરો અને ઝાડોમાં કોઈ ગુસ્તાખે રસૂલ ન હતું, ન કાફિર હતું. (૩) જનાબ ! રસૂલે પાક صلی اللہ علیہ وسلمના સહાબીઓ તે પ્યારા શબ્દોને દિલનું સુકૂન સમજતા હતા જેનાથી આજના તમારી જેવા બદ્નસીબ લોકો નફરત કરે છે.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہ કોઈ સફરેથી પરત ફરતા તો નબીએ કરીમ صلی اللہ علیہ وسلمની કૃબ્ર મુબારક પર હાજર થઈને કહેતા : "યા રસૂલલ્લાહ ! આપ પર સલામ, અબૂબક્ર આપ પર સલામ, પિતા ! આપ પર સલામ."

## ★ સહાબાએ કિરામનો ફિદાકાર ના'રો ★

ઈમામ મુસ્લિમ પોતાની સહીહમાં ઘણા જ શોખપૂર્વક નબીએ કરીમ صلی اللہ علیہ وسلمની હિજરત અને મદીના મુનવ્વરામાં હુઝૂર علیہ الصلوٰۃ والسلامના તશરીફ લઈ જવા અને સ્વાગતનો નક્શો આ રીતે દોરે છે : "બધા જ પુરૂષો અને સ્ત્રીઓ મકાનો પર ચઢી ગયાં, બાળકો અને ગુલામો રસ્તાઓ પર વિખેરાઈ ગયાં, બધા જ પુકારતા હતા, **"યા મુહમ્મદહ્ ! યા રસૂલલ્લાહ !"** *(મુસ્લિમ શરીફ, ભાગ : ૨, પેજ : ૪૨૭)*

હઝરત અબૂબક્ર સિદ્દીક્ رضی اللہ عنہની ખિલાફતના સમયમાં નબુવ્વતના જૂઠા દાવેદાર મુસૈલમા કઝ્ઝાબના મુકાબલામાં હઝરત ખાલિદ બિન વલીદ رضی اللہ عنہની સરદારી હેઠળ સહાબાએ કિરામનુ જે લશ્કર મેદાનમાં આવ્યું તેમનો ફોજી નારો "યા મુહમ્મદહ્" હતો. *(અલ્ બિદાયા વન્નિહાયા, ભાગ : ૬, પેજ : ૩૨૪)*

## ★ વિસાલ બાદ પણ "યા" દ્વારા નિદા (પુકારવું) ★

ખૂદ રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمની વફાત બાદ સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینએ ક્રમશઃ રિસાલત મઆબ علیہ الصلوٰۃ والسلامની બારગાહમાં દુરૂદો સલામ આ રીતે પેશ કર્યું : "હે નબીએ પાક ! (صلی اللہ علیہ وسلم) આપ પર સલામ અને અલ્લાહની રહમત અને તેની બરકતો."

બધા જ મુહાજિર અને અન્સારોએ પણ આ જ રીતે સલામ અર્ઝ કરી જેવી રીતે અબૂબક્ર અને ઉમર ફારૂક્ رضی اللہ عنہماએ અર્ઝ કરી. *(અલ્ બિદાયા વન્નિહાયા, ભાગ : ૫, પેજ : ૨૬૪)*

જોયું તમે ! દુરૂદે ઈબ્રાહીમીની જીદ કરી રહ્યા છો પરંતુ સહાબાએ કિરામએ હુઝૂર علیہ الصلوٰۃ والسلامની વફાત (મૃત્યુ) બાદ પણ તે જ દુરૂદો સલામ પઢ્યું જે **"અસ્સલાતુ વસ્સલામુ અલૈક યા રસૂલલ્લાહ !"**ના જેવું અને સમાનાર્થી છે.

## ★ હઝરત ષૌબાને "યા રસૂલલ્લાહ !"ના મુન્કિરને ધક્કો માર્યો ★

રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمના ગુલામ હઝરત ષૌબાન رضی اللہ عنہ ફર્માવે છે : હું રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم પાસે ઊભો હતો. એટલામાં યહૂદીઓના આલિમોમાંથી એક મોટો આલિમ (હબ્ર) આવ્યો અને તેણે કહ્યું : "હે મુહમ્મદ ! આપ પર સલામ." મેં તેને એવો ધક્કો માર્યો કે તે પડવા લાગ્યો. તેણે મને પૂછયું, તમે મને ધક્કો કેમ મારો છો ?! મેં કહ્યું, યા રસૂલલ્લાહ ! કેમ નથી કહેતો ?! આ વાત પર તે યહૂદી બોલ્યો, અમે તો તેમને તે જ નામથી પુકારીશું, જે તેમના ઘરવાળાઓએ રાખ્યું છે. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, બેશક ! મારા ઘરવાળાઓએ મારું

નામ મુહમ્મદ રાખ્યું છે. *(સહીહ મુસ્લિમ, ભાગ : ૧, પેજ : ૧૪૬)*

જેમ કે આપ عليه الصلوة والسلام એ વાત લંબાવવું યોગ્ય ન જાણ્યું. પરંતુ હઝરત ષૌબાન رضی اللہ عنہ ના અમલને ગલત ન ઠરાવવું અને તેમને કાંઈપણ ન કહેવું એ તેમના અમલનો ઈક્રાર છે.

### ★ ફુક્હાએ કિરામનો ફત્વો ★

હુઝૂરે અક્દસ ﷺ ના રોઝએ અન્વરની તરફ યોગ્ય અંતરે એવી રીતે ઊભા રહો જેમ કે નમાઝમાં, અને સરકારના રૂપાળા ચહેરાનું તસવ્વુર કરો, જાણો કે હુઝૂર عليه الصلوة والسلام પોતાની ક્બ્રમાં સૂતેલા છે, આવનારને ઓળખે છે અને તેની સલામ સાંભળે છે. ત્યાર બાદ કહો :–

**''અસ્સલામુ અલૈક યા નબીયલ્લાહ ! વરહ્મતુલ્લાહિ વ બરકાતુહૂ''** છેવટ સુધી. *(ફતાવા આલમગીરી, ભાગ : ૧, પેજ : ૨૬૫)*

### ★ હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ★

હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ એ પોતાની કિતાબ ''અવરાદે ફતહિય્યા'' જે તેમની કિતાબ ''ઈન્તેબાહ ફીસલાસિલે અવલિયા અલ્લાહ''ની અંતે જોડાયેલી છે તેમાં **''અસ્સલાતુ વસ્સલામુ અલૈક યા રસૂલલ્લાહ''** વાળુ દુરૂદ શરીફ ૧૭ વિવિધ પ્રકારના શબ્દોમાં લખ્યું છે.

ફર્માવો ! શાહ સાહબ પણ પાકા બિદઅતી હતા ?! જે લક્બો (બિદઅતી હોવાના) આ જ કારણે તમે એહલે સુન્નતને આપો છો તેનાથી શાહ સાહબને પણ નવાઝશો ?! અને તેમને બિદઅતી કહેશો ? પરંતુ આપના માટે શું અઘરું છે, જે વ્યક્તિ કુર્આનમાં ફેરફાર કરે અને હદીષોનો ઈન્કાર કરી દે તો હઝરત શાહ વલીયુલ્લાહની હૈસિયત તેની સામે શું છે ?!

### ★ તબ્લીગી દેવબંદીઓ માટે ★

મદ્રસા દેવબંદના શૈખુલ હદીષ અને સદર મુદર્રિસ કોંગ્રેસના મોટા ખાદીધારી ગાંધીવાદી લીડર જનાબ હુસૈન અહમદ ટાંડવી (મદની) જણાવે છે :–

''અરબના વહાબી ખબીષોથી વારંવાર સાંભળ્યું છે કે, **''અસ્સલાતુ વસ્સલામુ અલૈક યા રસૂલલ્લાહ !''**ને સખત ના પાડે છે, અને હરમવાળાઓથી આ પુકારવાના કારણે બહુ નફરત કરે છે. અને તેમની મઝાક ઉડાવે છે, અને અયોગ્ય શબ્દો વાપરે છે, જ્યારે કે આપણા મુક્દસ બુઝુર્ગો આ પ્રકારના અને આવા શબ્દોવાળા દુરૂદ શરીફને ભલે પછી પુકારવા માટે પણ કેમ ન હોય મુસ્તહબ અને સવાબના લાયક સમજે છે અને પોતાના સાથીઓને તેનો હુકમ આપે છે.'' *(અશ્શહાબુષ્ષાક્બિ, પેજ–૬૫, દેવબંદ)*

હવે ખુદા જ જાણે છે કે આ લોકોના દિલોમાં શું છે અને જીભ વડે શું કહે છે અથવા મુનાફિક્તથી કામ લે છે. કમસે કમ આજકાલ તો પોતાના સાથી વહાબી ખબીષોથી પણ ચાર ક્દમ આગળ છે. اِنَّا لِلّٰهِ وَ اِنَّا اِلَيْهِ رَاجِعُوْنَ

આજકાલ કહે છે : અઝાન બાદ દુરૂદ શરીફનો કોઈ ઈન્કાર નથી કરતું અને આ મસ્અલો વિવાદાસ્પદ નથી, અમે તો ફક્ત અઝાન પહેલાં જાઈઝ નથી સમજતા, જો કે આ પણ ફક્ત જૂઠ જ છે. સાચી સ્થિતિ તે છે જેને દરેક મુસલમાન માને છે જેનું વર્ણન અલ્લામા ઝૈની દહ્લાન رحمۃ اللہ علیہ એ કર્યું છે.

### ★ મુન્કિરોનો મૂળ હેતુ ★

મુફતીએ મક્કા મુકર્રમા અલ્લામા ઝૈની દહ્લાન رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

''વહાબીઓ રસૂલુલ્લાહ ﷺ પર અઝાન બાદ મીનારાઓ પર દુરૂદ પઢવાથી રોકે છે ત્યાં સુધી કે એક નેક દિલ આંધળો મુઅઝ્ઝિન હતો. જ્યારે તેણે અઝાન બાદ રોકવા છતાં રસૂલે કરીમ ﷺ પર દુરૂદ પઢયું, તો મુહમ્મદ બિન અબ્દુલ વહ્હાબ (નજદી)ના ચમચાઓ તેને પકડી નજદી પાસે લઈ આવ્યા, તેણે તેને ક્તલ કરી નાખવાનો હુકમ આપ્યો તો તેને ક્તલ કરી નાખવામાં આવ્યો. *(ફિત્નતુલ વહાબિયા, પેજ : ૭૭) (હવાલો : સઆદતુદ્દારૈન, અઝ : અલ્લામા મુહમ્મદ યૂસુફ નબ્હાની رحمۃ اللہ علیہ)*

# બુઝુર્ગોના મઝારો તથા ગુંબદો તોડનારાઓ વિશે

## જામેઅ અઝહર મિસ્રનો નૂરાની ફત્વો

રજૂકર્તા : **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

*આ નૂરાની ફત્વો મુહમ્મદ સાલિમ અજીલ સાહબે જામેઅ અઝહર મિસરમાં પૂછયો હતો જેનો ઉર્દૂ અનુવાદ મુહમ્મદ અફરોઝ કાદરી ચિરૈયાકોટીએ કર્યો છે. તેને ગુજરાતી વાંચકોના લાભ માટે અત્રે રજૂ કરીએ છીએ. જેને વાંચો અને ઈમાનના લૂટેરાઓ, નબી વલીના ગુસ્તાખો, કહેવાતા અહલે હદીષ, વહાબી, દેવબંદી વગેરેની બદ્અકીદગીને પહેચાનીને તેમનાથી દૂર થાવ ! સુન્નીઓ સમજો ! ફક્ત નઅત, ન્યાઝ, ફાતિહા, મીલાદ, જલસા, જુલૂસ, ઉર્સની મેહફિલો કરી દેવાથી છૂટકારો નહીં થાય, બલ્કે આ ખુદા વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمْના, નબી તથા વલીના દુશ્મનોથી સંબંધો કટ કરો, દોસ્તી, ઉઠક બેઠક, સગાઈ, શાદી વહેવાર ખત્મ કરો, તો જ કામ બનશે. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**સવાલ** : અત્યારે લીબિયામાં અમુક લોકો એક નવી વિચારસરણી લઈને આપોઆપ ઉગી નીકળનાર છોડની જેમ ફૂટી નીકળ્યા છે કે પોતાને સલફે સાલેહીન (પૂર્વજ બુઝુર્ગોને દીન)ના માનનારા બતાવે છે, પરંતુ આ એક નર્યો જુલ્મ છે અને એની હકીકત આક્ષેપ અને ધોકા સિવાય કાંઈ જ નથી. મહાન ઉલમા, અવલિયાએ કામિલીન અને શોહદા તથા સાલિહીનના મઝારોના ગુંબદ તોડી પાડવા, કબ્રો ખોદવી અને એમના (પાકા તથા બુલંદ) મઝારોની નિશાનીઓ પોતાના હાથો, કુહાડીઓ અને આધુનિક ઓજારો વડે તોડી પાડવી એ એમનાં લક્ષ્યો અને હેતુઓની યાદીમાં પ્રથમ નંબરે છે. અને આ સર્વ કુકર્મો તેઓ કોઈ જાણકારી આપ્યા વિના રાતના અંધારામાં કરી નાખે છે !

આ નહૂસતભર્યા કામને તે નવી સોચ રાખવાવાળાઓથી જોડવાનું કારણ એ છે કે આખા શહેરમાં માત્ર એ જ લોકો કેવળ આવી સોચ અને અકીદો ધરાવે છે, બલ્કે લોકોમાં પણ તેઓ એને ફેલાવવા તથા તેનો પ્રચાર કરવામાં કાર્યરત જણાય છે. તેમના પોતાના મનઘડત અકીદા મુજબ વલીઓ તથા નેક લોકોની કબ્રો પર ગુંબદ અને ઈમારતોનું બાંધકામ કરવું કુફ્ર અને ગુમરાહી છે. એ જ રીતે ત્યાં મસ્જિદો બનાવવી અને એવી મસ્જિદોમાં નમાઝ પઢવી પણ એમને મતે હરામમાં દાખલ છે. જ્યારે કે એમને જાણ હોય છે કે એ કબ્રોમાં અમુક કબ્રો સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَની છે, અમુક મહાન ઉલ્મા અને મશાઈખની છે જેમનું સંપૂર્ણ જીવન દીનની દા'વતમાં પસાર થયું. કેટલીક કબ્રો કલ્મએ હક્કને બુલંદ કરવાવાળાઓની તો કેટલીક કબ્રો ઈસ્લામ માટે પોતાની જાનોનાં નઝરાનાં લૂટાવવાવાળાઓની છે. તદ્ઉપરાંત એ કે જે કબ્રોને તેઓ વિધ્વંશ કરી નાખે છે તે પુરાતત્વ વિભાગના પ્રબંધન હેઠળ છે અને અધિકતમ પાંચસો વરસ પૂરાણી છે. એમાંથી મોટાભાગનાં મઝારો એહલે બયતે રસૂલ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَની સંબંધિત છે જેના પુરાવા તસ્વીરોના રૂપમાં આજે પણ ઈન્ટરનેટ પર જોઈ તથા દેખાડી શકાય છે.

આના સંબંધે ઉલ્મા વ મશાઈખનો તહકીકી ફત્વો અનિવાર્ય છે, કારણ કે તેઓ લોકોમાં આમ કહેતા ફરે છે કે (આ મઝારોની તોડફોડના રૂપમાં અમે દીનની સાચી ખિદમત અને) શિર્ક તથા ગુમરાહીના અડ્ડાઓનો ખાત્મો કરી રહ્યા છીએ.

**અલ્જવાબ** : ઈસ્લામે મૃત્યુ પામેલા લોકોની ઈજ્જત અને સન્માનનો પણ લેહાઝ રાખ્યો છે અને કોઈપણ રીતે એમની તૌહીન તથા અપમાનને હરામ ઠરાવ્યું છે માટે એમની કબ્રોને તોડી પાડવાનુ (દુષ્ટ) કર્મ કેમ કરીને જાઈઝ થઈ શકે છે ? એક મુસલમાન મૃત્યુ પછી પણ એટલુ જ માન સન્માન ધરાવે છે જેટલુ જીવનમાં એને પ્રાપ્ત હતું. અને જો કબ્રમાં અલ્લાહવાળા અને નેક લોકોમાંથી હોય તો એમના મઝારોની સાથે આવો જુલ્મ ન કેવળ સખત હરામ થશે, બલ્કે માફ ન કરી શકાય એવો મહાન જુલ્મ પણ થશે, કારણ કે આ (અલ્લાહવાળાઓનાં મઝારો) એવાં પવિત્ર સ્થળો હોય છે જ્યાં અલ્લાહ તબારક વ તઆલા ﷻની રહમતો નાઝિલ થાય છે. જેણે તેમને બદ્‌નજરથી જોયાં અથવા કોઈ પણ રીતે તેમને તકલીફ પહોંચાડવાનો વિચાર (પણ) કર્યો તો તે માલિકુલ્મુલ્ક (અલ્લાહ તબારક વ તઆલા)ની સાથે ઉઘાડુ એલાને જંગ કરી રહ્યો છે. હઝરત અબૂ હુરૈરહ્ رضي الله عنهથી રિવાયત થયેલ મશ્હૂર હદીષે કુદ્‌ષી છે, "જેણે મારા કોઈ વલીની સાથે દુશ્મની કરી મારા તરફથી એને ઉઘાડુ એલાને જંગ છે." *(સહીહ બુખારી)*

આ બાબત પણ ધ્યાનને પાત્ર છે કે કબ્રની જગ્યા મૃત્યુ પામનારની પોતાની માલિકીની હોય છે અથવા અન્ય કોઈ તેના માટે એ જગ્યાને વકફ કરી દે છે, અને વકફ હુકમે શરઅની જેમ છે માટે એ કબ્રને ખોદવી અથવા તેના બનાવેલ ગુંબદો અને બાંધકામોને તોડી પાડવાં અથવા એ જગ્યાને કોઈપણ અન્ય ઉપયોગમાં લેવામાં આવે એ જાઈઝ થશે નહીં.

અમુક જે એવા તુક્કા છોડતા હોય છે કે જે મસ્જિદોમાં અવલિયા તથા સાલિહીનની કબ્રો હોય ત્યાં નમાઝ પઢવી બાતિલ છે, તો આ એક ફિત્નો છે અને હકીકત સાથે તેને દૂરનો પણ સંબંધ નથી. સાચી વાત તો એ છે કે આવી મસ્જિદોમાં નમાઝ ન કેવળ શરીઅતમાં જાઈઝ તથા દુરુસ્ત છે બલ્કે મુસ્તહબ હોવાના દરજ્જામાં છે. એના પર કુર્આન તથા હદીષના સ્પષ્ટ અને સચોટ પુરાવા મૌજૂદ છે, પૂર્વજ બુઝુર્ગોનો અમલ એના પર જ રહ્યો છે અને તેમના અનુસરણમાં પાછલા બુઝુર્ગો એના પર જ ચાલે છે. હવે તેના હરામ અને બાતિલ હોવાની વાત કરવી કોઈ નવા ફિત્નાને હવા આપવા સમાન છે. મુસલમાનોએ (વાહિયાત વાતો)ની તરફ બિલ્કુલ ધ્યાન ન આપે, ન એના પર કદી અમલ કરે.

### ★ કુર્આન શરીફથી સાબિતિ ★

કુર્આને કરીમમાં અલ્લાહ તબારક વ તઆલા ફર્માવે છે :–

فَقَالُوا ابْنُوا عَلَيْهِمْ بُنْيَاناً رَّبُّهُمْ أَعْلَمُ بِهِمْ قَالَ الَّذِيْنَ غَلَبُوا عَلَى أَمْرِهِمْ لَنَتَّخِذَنَّ عَلَيْهِمْ مَّسْجِداً

"(જ્યારે અસ્હાબે કહફ વફાત પામી ગયા) તો એ લોકોએ કહ્યું કે એમના (ગુફા) પર એક ઈમારત (યાદગારના રૂપમાં) બનાવો, એમનો રબ એમના (હાલ)થી ખૂબ વાકેફ છે. હે (ઈમાનવાળાઓ) ! લોકોએ કહ્યું જેમને એમના મામલા પર ગલ્બો હાંસલ હતો કે અમે એમના (દ્વાર) પર જરૂર એક મસ્જિદ બનાવીશું. (જેથી મુસલમાનો એમાં નમાઝ પઢે અને એમની કુર્બતથી વિશિષ્ટ બરકત પ્રાપ્ત કરે.) *(સૂરએ કહફ, આયત : ૨૧)*

આ આયતે કરીમાનો આગળ પાછળનો ભાગ બતાવી રહ્યો છે કે પ્રથમ કથન મુશરિકોનું છે અને બીજુ કથન અહલે તૌહીદ (મો'મિનો)નું છે. ખાસ વાત એ છે કે અલ્લાહ તબારક વ તઆલાએ કોઈ નકાર વિના બંને કથનોને પોતાની અંતિમ કિતાબમાં સામેલ કર્યા, જેથી એનાથી શરીઅતમાં બંનેવ લાગુ થવાનો ઈશારો મળે છે, બલ્કે જ્યારે મો'મિનોના કથનની તુલના મુશરિકોના કથનની સાથે કરવામાં આવે તો મો'મિનોનું કથન પ્રશંસાનો ફાયદો આપે છે. કારણ કે મુશરિકોનું કથન શંકાસ્પદ છે જ્યારે કે મો'મિનોનું કથન યકીનવાળુ હતુ અને તેમની મુરાદ કોઈ આમ યાદગાર ઈમારત ન હતી બલ્કે મસ્જિદ હતી. ઈમામ રાઝી પોતાની તફસીરમાં (لَنَتَّخِذَنَّ عَلَيْهِمْ مَّسْجِداً)ના હેઠળ ફર્માવે છે : "જેથી અમે એમાં અલ્લાહ તબારક વ તઆલાની ઈબાદત

અને બંદગી કરીએ અને આ મસ્જિદમાંથી એક મોટો ફાયદો એ થશે કે એની બરકતથી અસ્હાબે કહફના તબર્રુકો (રહેતી દુનિયા સુધી) બાકી રહેશે."

અલ્લામા શહાબુદ્દીન હાશિયએ તફસીરે બયઝાવીમાં ફર્માવે છે : "આ આયતે કરીમાએ નેક લોકોની કૃબ્રો પર મસ્જિદો બનાવવાની સ્પષ્ટ દલીલ પુરવાર કરી દીધી."

### ★ હદીષોથી સાબિતિ ★

સરકારે દો આલમ ﷺની સુન્નત (હદીષ)થી એનો પુરાવો હઝરત અબૂ બસીર رضی اللہ عنہની એ હદીષ છે જેને ઈમામ અબ્દુર્રઝાકૃે મઅ્મરથી, ઈબ્ને ઈસ્હાકૃે પોતાની સીરતમાં અને મૂસા બિન ઉકબાએ પોતાની (કિતાબ) મગાઝીમાં નક્લ કરી છે. યાદ રહે કે ઈમામ માલિક, ઈમામ શાફઈ અને ઈમામ અહમદ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَના મુજબ આ મગાઝીની સૌથી વધુ મુસ્તનદ કિતાબ છે. ત્રણેવ ઈમામોએ આ રિવાયત ઈમામ ઝુહરીથી લીધી છે, તેમણે ઉરવહ્ બિન ઝુબૈરથી, તેઓ મસ્વર બિન મખરમા અને મરવાન બિન હકમ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَથી (રિવાયત કરે છે) કે હઝરત અબૂ બસીર رضی اللہ عنہની દફનવિધિ અબૂ જન્દલ બિન સુહૈલ બિન અમ્રના હસ્તે થઈ, તેમણે **ત્રણસો સહાબાએ કિરામ (**رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ**)ની ઉપસ્થિતિમાં દરિયા કિનારે હઝરત અબૂ બસીર** رضی اللہ عنہ**ની કૃબ્ર પર એક મસ્જિદ પણ બનાવી.** આ રિવાયતની **સનદો સહીહ** છે અને એ (રિવાયત)ના સર્વ (રિવાયત કર્તા) ઈમામો ષિકૃહ (ભરોસાપાત્ર) છે. હવે જાહેર છે કે આવુ મહાન કામ રસૂલુલ્લાહ ﷺથી છૂપુ રાખવામાં તો નહીં આવ્યુ હોય, પરંતુ એવુ કોઈ સબૂત નથી મળતુ કે રસૂલુલ્લાહ ﷺએ કૃબ્રને મસ્જિદથી બહાર કાઢવા અથવા તેને ખોદી કાઢવાનો હુકમ ફર્માવ્યો હોય.

મુસ્તફા જાને રહમત ﷺની એક હદીષથી તો એ પણ સાબિત થાય છે કે મસ્જિદે ખૈફમાં સિત્તેર નબીઓની કૃબ્રો છે. આ હદીષને ઈમામ બઝ્ઝાર અને તબ્રાનીએ પોતાની કિતાબ "મોઅજમે કબીર"માં વર્ણવી અને હાફિઝ ઈબ્ને હજર "મુખ્તસર ઝવાઈદુલ બઝ્ઝાર"માં ફર્માવે છે કે આ હદીષ સહીહ સનદોવાળી છે.

હદીષો અને ઈમામોના કૃથનોથી તો એ પણ જાણવા મળે છે કે હઝરત સૈયદોના ઈસ્માઈલ علیہ السلام અને આપનાં વાલિદા હઝરત હાજરા رضی اللہ عنہا ખાનાએ કા'બાના હતીમમાં મદફૂન છે. મુસ્તનદ ઈતિહાસકારોએ પોતાની કિતાબોમાં એનું વર્ણન કર્યુ છે અને ઉલ્માએ સીરત જેમ કે ઈબ્ને ઈસ્હાકે પોતાની સીરતમાં, ઈબ્ને તબ્રીએ પોતાની તારીખમાં, સુહૈલીએ રવઝુલ અન્ફમાં, ઈબ્ને જવઝીએ મુન્તઝમમાં, ઈબ્ને અષીરે કામિલમાં, ઝહબીએ તારીખુલ ઈસ્લામમાં અને ઈબ્ને કષીરે અલ્ બિદાયા વન્ નિહાયામાં એના પર ભરોસો કર્યો. આ સિવાય ઘણા ઈતિહાસકારોએ પોતાની કિતાબોમાં આ રિવાયત વર્ણવી છે. પરંતુ વિચારવા જેવું એ છે કે મુઅલ્લિમે ઈન્સાનિયત ﷺએ એ કૃબ્રોને એમની જગ્યા પર રહેવા દીધી, એ કૃબ્રોને એમની જગાએથી હટાવવા કે ખોદીને મસ્જિદે ખૈફ તથા મસ્જિદે હરામમાંથી કઢાવવાની કોઈ કાર્યવાહી ન ફર્માવી.

### ★ સહાબાએ કિરામના અમલથી સાબિતિ ★

સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَના અમલથી સબૂત એ સહીહ રિવાયત છે. જે ઈમામ માલિકે પોતાની (કિતાબ) "મોઅત્તા"માં નકૃલ કરી છે કે જ્યારે સરકારે દો આલમ ﷺ જાહેરી વિસાલ ફર્માવી ગયા તો કૃબ્રની જગ્યા બાબતે સહાબાએ કિરામમાં વિવાદ થયો. અમુકે કહ્યું, મિમ્બરે નબ્વી પાસે, અમુકે કહ્યું, બકીઅમાં. એવામાં હઝરત અબૂબક્ર સિદીકૃ رضی اللہ عنہ આવ્યા અને ફર્માવ્યું, મેં રસૂલુલ્લાહ ﷺથી સાંભળ્યું છે : "દરેક નબીની દફનવિધિ ત્યાં જ થઈ જ્યાં એમની વફાત થઈ."

(હઝરત આઈશા સિદીકૃા رضی اللہ عنہاના હુજરામાં જ્યાં આપે જાહેરી પર્દો ફર્માવ્યો) ત્યાં કૃબ્ર મુબારક તૈયાર કરવામાં આવી. અને એ વાત નિશ્ચિત છે કે

મિમ્બર, મસ્જિદનો ભાગ હોય છે પરંતુ કોઈ પણ સહાબીએ આના પર કોઈ ટીકા ન કરી. હા ! હઝરત અબૂબક્ સિદ્દીક્ رضی اللہ عنہ એના પર માત્ર એટલા માટે સહમત ન થયા કે આપની સમક્ષ નબીએ કરીમ ﷺનો બીજો એક આદેશ હતો કે દરેક નબીની દફનવિધિ ત્યાં જ થઈ જ્યાં તેમની વફાત થઈ માટે કે આપની દફનવિધિ ત્યાં જ કરવામાં આવે જ્યાં આપ ﷺની વફાત થાય. આ રીતે આપ ﷺની કૃબ્ર મુબારક હુજરએ આઈશા رضی اللہ عنہاમાં તૈયાર કરવામાં આવી જે મસ્જિદની બિલ્કુલ સાથે છે અને ત્યાં મુસલમાનો નમાઝો પઢતા રહે છે. આવી જ સ્થિતિ અત્યારે પણ છે કે જ્યાં અવલિયા વ સાલિહીનના હુજરા હતા તેની સાથે જ મસ્જિદ બનાવી દેવામાં આવી.

આવા મૌકા પર કેટલાક લોકો એમ કહી દે છે કે મસ્જિદમાં કૃબ્ર હોવી એ નબીએ કરીમ ﷺની કૃબ્ર સાથે ખાસ છે. પરંતુ આમ કહેવું દુરુસ્ત નથી, અને એની હૈસિયત દલીલ વિનાના દા'વાની જેમ છે. કારણ કે હુજરએ આઈશામાં કેવળ નબીએ કરીમ ﷺની કૃબ્ર મુબારક નથી બલ્કે હઝરત અબૂબક્ર સિદ્દીક્ رضی اللہ عنہ અને હઝરત ઉમર ફારૂક્ رضی اللہ عنہની કૃબ્ર મુબારક પણ છે. અને એ જ હુજરામાં હઝરત આઈશા رضی اللہ عنہا રહેતાં હતાં તથા એમાં પોતાની પાંચ સમયની અને નફ્લી નમાઝો પઢતાં હતાં તો મસ્જિદમાં કૃબ્રનું હોવું જાઈઝ હોવા પર સહાબાએ કિરામનો ઈજમાઅ (સર્વસંમતિ) થઈ ગયો.

સર્વસંમતિથી અને અમલી તૌર પર ઉમ્મતે મુહમ્મદિયહ્નો એના પર જ અમલ છે અને ઉમ્મતના ઉલમા એ વાત પર સહમત છે કે આગલા અને પાછલા મુસલમાનોનું મસ્જિદે નબવી અને એ મસ્જિદોમાં (જેમાં કૃબ્રો મૌજૂદ છે) નમાઝ પઢવું કોઈ મનાઈ વિના જાઈઝ છે. અને **આ કોઈ આજના ઉલ્માનો અમલ નથી બલ્કે મદીના મુનવ્વરાના એ સાત ફક્રીહોના જમાનાથી ચાલતુ આવ્યું છે જેમણે હિ.સ. ૮૮માં સહમતિથી હુજ્રાએ રસૂલ ﷺને મસ્જિદે નબ્વીમાં સામેલ કરી લીધો હતો.** હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ رضی اللہ عنہ જયારે મદીનાના ગવર્નર હતા ત્યારે વલીદ બિન અબ્દુલ મલિકના હુકમથી આ કાર્ય અમલમાં આવ્યું. એ સમયના ઉલ્મા તથા ફકીહોમાંથી કોઈએ પણ એનો વિરોધ ન કર્યો. હઝરત સઈદ બિન મુસૈયબ (رضی اللہ عنہ)ના સિવાય, અને એમનો વિરોધ પણ એટલા માટે ન હતો કે તેઓ એવી મસ્જિદોમાં (જ્યાં કૃબ્રો હોય) નમાઝ પઢવાને હરામ સમજતા હતા બલ્કે આપના વિરોધનું કારણ એ હતું કે તેઓ નબી કરીમ ﷺના હુજરાઓને એમની અસલ સ્થિતિમાં જોવા માંગતા હતા જેથી મુસલમાનો એનાથી બોધ લે, એમને જોઈ (મુસલમાનો) પોતાનામાં દુનિયાથી દૂરી, બેઝારી પેદા કરે અને તેઓને કાંઈક અંદાઝો થાય કે પ્યારા આકા ﷺએ પોતાના પવિત્ર જીવનના મુબારક દિવસો કઈ રીતે અને ક્યાં પસાર કર્યા છે !

રહી વાત સહીહેનમાં રિવાયત થયેલ હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہاની એ હદીષ વિશે જેમાં રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ''યહૂદીઓ અને નસ્રાનીઓ પર અલ્લાહની લા'નત થાય કે એમણે પોતાના નબીઓની કૃબ્રોને સજદાગાહ (સજદો કરવાની જગા) બનાવી રાખી છે.''

તો યાદ રહે કે મસાજિદ મસ્જિદની જમા છે અને એમાં મીમ મસ્દર મયમીની છે જેમાં ઝમાનો મકાન (સમય અને સ્થળ) અને હદષ પર દલાલત કરવાની સલાહિયત મૌજૂદ છે. તો ઉપરોક્ત હદીષમાં કૃબ્રોને મસાજિદ બનાવવાનો અર્થ એ છે કે તા'ઝીમના માટે એ કૃબ્રોને સજદા કરવામાં આવે અને એમની ઈબાદત શરૂ થઈ જાય જે રીતે મુશરિકો બુતો (મૂર્તિઓ)ની સાથે કરે છે. ''તબ્કાતે ઈબ્ને સઅ્દ''માં મૌજૂદ એક સહીહ રિવાયતથી પણ આને ટેકો મળે છે. હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ મરફૂઅ્ન રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું : ''હે અલ્લાહ ! મારી કૃબ્રને બુતપરસ્તીની નહૂસતથી પાક રાખજે. એ લોકો પર ખુદાની લા'નત થાય જેમણે પોતાના નબીઓની કૃબ્રોને સજદાગાહ બનાવી લીધી.''

તો આ હદીષમાં આ હિસ્સો : لعن الله قوما "એ લોકો પર અલ્લાહની લઅનત થાય" એ હકીકતમાં جعل القبروثنا "મારી કબ્રને બુતપરસ્તીની નહૂસત થવાથી બચાવ"નું વર્ણન છે. હદીષનો ભાવાર્થ એ છે કે, "હે અલ્લાહ ! મારી કબ્રને બુત ન બનવા દે જેને સજદા કરવામાં આવે અને જેની ઈબાદત કરવામાં આવે જે રીતે કેટલાક લોકોએ પોતાના નબીઓની કબ્રોને સજદા કર્યા છે."

ઈમામ બયઝાવી ફર્માવે છે : "જ્યારે યહૂદીઓ અને નસ્રાનીઓ પોતાના નબીઓની તા'ઝીમમાં એટલી હદે આગળ વધી ગયા કે એમની કબ્રોને સજદા કરવા લાગ્યા અને એમને કિબ્લો બનાવી નમાઝમાં તેની તરફ તવજ્જોહ કરવા લાગ્યા અને તેમને બુતની જેમ બનાવી લીધી તો એમના પર અલ્લાહની ફિટકાર નાઝિલ થઈ. મુસલમાનોને આવા અમલથી સખતીની સાથે મના કરવામાં આવ્યું, પરંતુ કોઈ નેક હસ્તીની (કબ્ર) પાસે મસ્જિદ બનાવવી અથવા તેમના મઝારમાં એ મકસદથી નમાઝ પઢવી કે એમનો રૂહાની ફૈઝ અને બરકતો પ્રાપ્ત થાય (તા'ઝીમના ઈરાદાથી નહીં) તો એમાં વાંધો નથી. તમે જાણતા હશો કે હઝરત ઈસ્માઈલ علیہ السلامની કબ્ર મસ્જિદે હરામમાં બરાબર હતીમની અંદર છે અને વળી તે મસ્જિદ (મસ્જિદે હરામ) દુનિયાની સર્વશ્રેષ્ઠ જગા છે, ત્યાં સુધી કે દરેક નમાઝી નમાઝની હાલતમાં એના તરફ મોઢુ રાખે છે. માત્ર એવા કબ્રસ્તાનમાં નમાઝ પઢવી મના છે જ્યાં કબ્રો ખુલ્લી હોય કે એમાં નજાસત હોય છે. (માટે આવી સ્પષ્ટ દલીલો અને પુરાવાઓથી મોઢુ ફેરવી) કોઈ કબ્રને એની જગ્યાએથી હટાવવી અથવા મસ્જિદમાંથી ખોદીને બહાર કાઢવી વિશેષ રીતે એવી કબ્રોને જે અવલિયા વ સાલિહીન અને ઉલ્મા તથા શહીદોની હોય અથવા એની નિશાનીઓ મિટાવી દેવી અને ઉપરના ભાગને તોડી તેને જમીનની બરાબર (સપાટ) કરવી. (જેમ કે સઊદી વહાબી હુકૂમત દ્વારા કરવામાં આવે છે) આ બધા જ દુષ્કર્મો ભલે ગમે તે રીતે હોય શરીઅતની રૂએ હરામ છે અને ગુનાહે કબીરામાં સામેલ છે. કારણ કે એમાં સામાન્ય મુડદાંઓની બેહુર્મતી અને અલ્લાહવાળાઓ તથા નેક લોકોના હક્કમાં બેઅદબી છે. અને અલ્લાહવાળાઓની શાનમાં જ કહેવામાં આવ્યું કે જેણે એમને તકલીફ અને દુઃખ આપ્યું એ પોતાને અલ્લાહ તબારક વ તઆલાની સાથે જંગ કરવા માટે તૈયાર રાખે. એમના પ્રતિ આપણને તો બસ એ જ હુકમ છે કે તે જાહેરી હયાતમાં હોય કે પર્દો કરી ગયા હોય દરેક સ્થિતિમાં એમની તા'ઝીમ તથા તૌકીર અને ઈજ્જત તથા અદબ કરવામાં આવે.

માટે અમો સમગ્ર વિશ્વના મુસલમાનોને સામાન્યતઃ અને ઈસ્લામી દેશો (તથા જ્યાં જ્યાં મુસલમાનો વસે છે)ના ઉલ્મા, ફાઝિલો, ઈમામો, પીરો, વકફ (ની મિલ્કતો)ના જિમ્મેદારો વગેરેને વિશેષ રીતે આ દીની દરખાસ્ત અને જરૂરી અપીલ કરીએ છીએ કે આવી શયતાની કોશિશો અને પાયાહિન પ્રવૃત્તિઓને નિષ્ફળ બનાવવા તથા જડથી ઉખેડી ફેંકવામાં સંપૂર્ણ જોશભેર પોતાનો મઝહબી કિરદાર અને ફરજ અદા કરે.

એ (વહાબી, સલ્ફી) લોકો દુનિયાના ખૂણે ખૂણે જઈ અવલિયા વ સાલિહીનની એ કબ્રોને તોડી પાડવા ઈચ્છે છે જે ખુશઅકીદા મુસલમાનોએ પોત પોતાના જમાનામાં બનાવી અને જેનો પ્રારંભ ખૂદ એ (મુસલમાનો)ના મુકદ્દસ નબી ﷺના રોઝએ અકદસથી થાય છે, અને જે (અમલ)ને સહાબાએ કિરામ رضوان الله تعالى عليهم اجمعينએ પણ પોતાના સમયમાં કર્યો. જેમ કે જિદ્દાના કિનારે હઝરત અબૂ બસીર رضی اللہ عنہનો મકબરો, મિસ્રની ધરતી પર અહલે બૈતે એઝામ જેમ કે હઝરત ઈમામ હુસૈન, સૈયદા ઝૈનબ અને સૈયદા નફીસાના મકબરા, તેમજ બર્ગુઝીદા ઈમામો જેમ કે ઈમામ શાફઈ, લૈષ બિન ષમરની કબ્રો, બગદાદમાં ઈમામે આ'ઝમ અબૂ હનીફા, ઈમામ અહમદ બિન હમ્બલ તેમજ અવલિયા વ સાલિહીન જેમ કે શૈખ અબ્દુલ કાદિર જીલાની હમ્બલીનાં મઝારો, એ જ પ્રમાણે મિસ્રમાં

અબુલ હસન શાઝલી, લિબિયામાં અબ્દુસ્સલામ અસમરનાં મઝારો, મુહદ્દિષોમાં બુખારામાં ઈમામ બુખારી, મિસ્રમાં ઈબ્ને હિશામ અન્સારી, ઈમામ અયની, કૃસ્તલાની, સૈયદી અહમદ દરદીર વગેરે એવા અકાબિર અને પૂર્વજ બુઝુર્ગોની એક લાંબી યાદી (રજૂ કરી શકાય) છે. (જેમનાં મઝારો મસ્જિદોની સાથે અથવા મસ્જિદોમાં છે.)

એ (વહાબી, સલ્ફી) લોકોના અનુસાર એ સર્વ (મઝારો) શિર્કના અડ્ડા અને (ત્યાં નમાઝો વગેરે પઢવું) મુશરિકોનો અમલ છે. અને જ્યારે મુસલમાનો એવું કરે છે તો તેઓ અલ્લાહ તબારક વ તઆલાની સાથે શિર્ક કરવાની નહૂસતમાં પડી જાય છે. તે (વહાબી)ઓના નજીક નબીઓ અને નેક લોકો (વલીઓ)નો વસીલો લેવો, તેમનાં મકાનો અને મઝારોની તા'ઝીમ તથા તૌકીર કરવી એ બુતપરસ્તી અને બિદઅતમાં ગણાય છે, જ્યારે કે ઉમ્મતે મુસ્લિમ પેઢી દર પેઢી સદીઓથી એના પર અમલ કરતી આવી છે.

આ (વહાબી, સલ્ફી) લોકો મુસલમાનોને કાફિર, ફાસિક અને બિદઅતી બનાવવામાં ખારજીઓથી સહેજ પણ ઓછા નથી બલ્કે એમનાથીય આગળ વધીને ઉમ્મતે મુસ્લિમોની સંસ્કૃતિ તથા સંસ્કાર અને એની ફઝીલત તથા બુઝુર્ગીનો જનાઝો કાઢવા તત્પર છે, એમની દિલી તમન્ના એ છે કે મુસલમાનોની ઈલ્મી, સાંસ્કૃતિક અને ઐતિહાસિક નિશાનીઓ તથા સલામત ચીજોને નેસ્તોનાબૂદ કરી નાખે અને મુસલમાનોના દિમાગોમાં એ વાત બેસી જાય કે એમના પૂર્વજો ગુમરાહ અને ગુમરાહ કરનાર, ફાસિક, ફાજિર, બુતપરસ્ત, ગૈરુલ્લાહની ઈબાદત કરનાર અને નાસમજીમાં શિર્કથી ખરડાયેલા હતા.

એ લોકોને આ બધુ કરવાની હિંમત માત્ર એમની બીમાર સોચ અને ઈલ્મી કચાશના કારણે થઈ, કારણ કે જે આયતો અને હદીષો ગૈરુલ્લાહની પરસ્તિશ કરવાવાળા મુશરિકોના હક્કમાં નાઝિલ થઈ હતી તેઓ એ આયતો અને હદીષોને એ તૌહીદવાળા મુસલમાનો પર ફિટ કરવા માંડયા જેમનાં દિલ અલ્લાહ અને રસૂલ (عَزَّوَجَلَّ وَصَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ)ની મહોબ્બતથી આબાદ અને અવલિયા વ સાલિહીનની અકીદતથી પુરનૂર છે, અને જેઓ (શરીઅતના હુકમ મુજબ) જાહેરી હયાત અને વિસાલ પછી દરેક સ્થિતિમાં એ અલ્લાહવાળાઓની તા'ઝીમ તથા તકરીમ કરે છે.

નિઃસંકોચ આ બધી (વહાબી સલ્ફીઓની બકવાસ) ખારજીઓની બોલી છે. નામ બદલાયેલુ છે પણ કામ તો સંપૂર્ણપણે એ જ (ખારજીઓનું) છે. એ (ખારજી) લોકો પણ મુશરિકોના હક્કમાં નાઝિલ થયેલ આયતોને જાણી જોઈને મુસલમાનો પર ફિટ કરી (પોતાની શયતાની સોચને સંતુષ્ઠ કરતા અને ઉમ્મતમાં ઈખ્તેલાફ અને વાદ વિવાદને હવા દેતા હતા.) ઈમામ બુખારી رضی اللہ عنہએ પોતાની (કિતાબ) સહીહ (બુખારી)માં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہના હવાલાથી ખારજીઓના દુર્ગણ વર્ણવતાં વિગતવાર આનુ બયાન કર્યું છે, આ જ પ્રમાણે ઈમામ તબ્રીએ પણ "તહઝીબુલ આષાર"માં એને સહીહ સનદ સાથે નકલ કર્યું છે.

(વાસ્તવિક્તા એ છે જે ઉપરોક્ત વર્ણવવામાં આવી) એટલા માટે સમગ્ર વિશ્વના મુસલમાનોનો એ ફર્ઝ બને છે કે સર્વ મુસલમાનો (જેમના દિલમાં ઈસ્લામની સહેજ પણ લાગણી અને નબીઓ તથા અવલિયાએ કિરામની અકીદત છે) આવી દીનસોઝ દા'વત અને તબ્લીગના વિરોધમાં તૂટી ન શકે એવી દીવાર બની ઊભા થઈ જાય, અને આ શરપસંદોની સરકશી પર બંધ બાંધે અને એમની બગાવતની આગને ઠંડી કરે, નહીં તો આપણા અવલિયા અને નેક લોકોના મઝારો, સાદાતે કિરામના મકબરા, ઉમ્મતના ઈસ્લામી બાદશાહો અને ઉલ્મા વ શોહદાએ મિલ્લતની મુકદ્દસ બારગાહો ખેલ બનીને રહી જશે. અને આ ફાસિક તથા મુનાફિક લોકો પાયાહિન બહાનાંઓ બનાવી શયતાનના ઈશારા પર એવાં એવાં કુકર્મો કરી નાખશે જેની કલ્પના પણ નથી કરી શકાતી.

મિસ્રના અમુક અવલિયા વ સાલિહીનની મુકદ્દસ

બારગાહો પર આ નવોદિત જમાઅતના જુલ્મ થયા પછી મજમઉલ બુહૂષિલ ઈસ્લામિયા પોતાની દીની ગૈરત જાહેર કરી અત્યંત જોશની સાથે ન કેવળ આ ફત્વો જારી કરે છે બલ્કે ઉમ્મતના જિમ્મેદારોથી પુરજોર અપીલ પણ કરે છે કે આ ઉઘાડી ચેલેંજનો મુક઼ાબલો કરે, એમને સખ્તીથી રોકે અને એ યક઼ીન રાખે કે તેમની આ ગતિવિધિઓ શરીઅતમાં હરામ અને ક઼ાયદાકીય રીતે ગુનાહિત પણ છે. જેમ કે હાલમાં જ મિસ્રના વક઼્ફ મંત્રાલય તરફથી આ જાહેરાત પ્રકાશિત થઈ છે કે બદ્‌કિ઼સ્મતીથી આપણા દૌરમાં ધૃણાસ્પદ સોચવાળી એક એવી જમાઅત નીકળી આવી છે (જે પોતાની મનમાનીથી દીનની સમજૂતી કરે છે) એમનો મક઼સદ લોકોને રાહે હિદાયતથી હટાવવા સિવાય કાંઈ જ નથી, એમને ઈલ્મની હવા પણ નથી લાગી, એ લોકો અલ્લાહવાળાઓ વિરુદ્ધ ઘણી જ બેબાકી અને હિંમત દેખાડે છે અને એમના મઝારોને આગ લગાડવાને અને તોડી પાડવાને જ તૌહીદ સમજે છે. પરંતુ હક઼ીક઼તમાં તેઓએ આવી (નાપાક) નીતિ અપનાવીને અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَનો ગઝબ વહોરી લીધો છે અને સામાન્યતઃ વિશ્વના મુસલમાનોને વિશેષ રીતે દિલી રંજ અને તકલીફ પહોંચાડી છે. જ્યારે કે દરેક સમયના મહાન ઉલ્માનો ઈજમાઅ એ વાત પર ચાલ્યો આવે છે કે સાલિહીનની ક઼બ્રોની બેહુર્મતી, તેમની વિધ્વંશતા અથવા કોઈપણ રીતે એમની બેઅદબી ઈસ્લામી શરીઅતની રૂહના વિરુદ્ધ છે. જે પણ આવું કરે છે સમજી લો કે તે ધરતી પર ફિત્ના ફસાદ ફેલાવે છે અને દેશ તથા દેશવાસીઓની અમ્નો શાંતિનું ખંડન કરે છે.

માટે લીબિયા વગેરે બીજા ઈસ્લામી દેશોના અગ્રણી તથા પ્રભાવશાળી લોકોનો એ ફર્ઝ બને છે કે તેઓ આ ફિત્નાને રોકે, આવા મન્હૂસ હાથોને અવલિયા તથા સાહિનીનના મઝારો સુધી પહોંચતાં પહેલાં જ મરડી નાખે, કારણ કે અવલિયાએ ઉમ્મત માટે એમના દિલોમાં અક઼ીદત અને એહતેરામનો કોઈ અંશ બાકી નથી રહ્યો. અલ્લાહ બસ બાકી હવસ. અલ્લાહ બેહતર જાણનાર છે.

*[અમાનતુલ ફતાવા : મુહમ્મદ વસામ ખિઝર, મુહમ્મદ શલ્બી, અબ્દુલ્લાહ અજમી હસન, અલી ઉમર ફારૂક, મુહમ્મદ આશૂર ઈ.સ. ૨૪–૧૦–૨૦૧૧]*

*(હવાલો : માહનામા અશ્રફિયા–મુબારકપુર, જાન્યુ–૨૦૧૨)*

## સુન્નીઓ આવા સાહિત્યથી દૂર રહે !

છેલ્લા અમુક દિવસોથી **"ગુજરાત ટુ ડે"** દૈનિક પત્રમાં હેડિંગ પર એક જાહેરાત કુર્આન શરીફનો તર્જુમો **"દિવ્ય કુર્આન"**નામથી **"દિવ્ય વાણી પ્રકાશન"** થકી આવે છે તથા અન્ય સાહિત્ય તથા મેમરી કાર્ડ, **C.D.** વગેરેની જાહેરાત જોવા મળે છે એ **"મૌદૂદી જમાઅત"**નું સાહિત્ય છે જે વહાબી ફિર્કા઼ની એક શાખ જ છે જેથી સુન્નીઓએ એવું સાહિત્ય ખરીદવું કે વહેંચવું નહીં.

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## જમાઅતે રઝાએ મુસ્તફા–યુ.કે.

ચંદ સાલ ક઼બ્લ યુ.કે. કી સરઝમીન પર જમાઅતે રઝાએ મુસ્તફા કા ક઼યામ હુવા ઔર ચંદ સાલોંમેં કાફી કુતુબ શાએઅ્ હુઈ. હાલ હી મેં **હઝરત અલ્લામા શાહ વજીહુદ્દીન અલવી** رحمۃ اللہ علیہકા હાશિયા બયઝાવી તીન જિલ્દોંમેં બરેલી શરીફસે શાએઅ હુવા હૈ. ઉમ્મીદ હૈ કે કુતુબ કી ઈશાઅતમેં અહલે સુન્નત હિસ્સા લેંગે.

*–મૌલાના નિઝામુદ્દીન મિસ્બાહી (બોલ્ટન, યુ.કે.)*

## ★ મસ્જિદ માટે અપીલ ★

**બાજીપુરા** : (તા. ઉમરેઠ, જિ. આણંદ) ખાતે અલિફ મસ્જિદનું બાંધકામ કરવાનું છે જેનો અંદાજિત ખર્ચ **રૂા. ૨૫ લાખ** થશે. ૬૦ ઘરની મુસ્લિમ વસ્તી છે જેમાં ખર્ચને પહોંચવું અતિ મુશ્કેલ છે તો સખીદાતા આ નેક કામ પ્રતિ હાથ લંબાવે. સંપક કરો : **ઐયૂબભાઈ મલેક (મો. ૯૯૭૮૮ ૦૧૭૮૧)**

# નમાઝના સમયોની
# હિકમતો તથા મસ્લેહતો

રજૂકર્તા : **મુહમ્મદ આદિલ જૌહા-હલદરવા**
*(મુતઅલ્લિમ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા—આમોદ)*

કુર્આને હકીમમાં અલ્લાહ તબારક વ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

**وَاَقِمِ الصلوٰة طَرَفَیِ النهار وزُلَفًامِنَ الليل**

''નમાઝ ક઼ાયમ રાખો દિવસના બંને કિનારાઓમાં અને રાતના હિસ્સાઓમાં.'' *(સૂરએ હૂદ, આયત : ૧૧૪)*

**اَقِمِ الصلوٰة لِدُلوكِ الشَمسِ اِلٰی غَسَقِ الليل**

''નમાઝ ક઼ાયમ રાખો સૂરજ ઢળવાથી લઈને રાતના અંધકાર સુધી.' *(સૂરએ બની ઈસ્રાઈલ, આયત : ૭૮)*

**اِنَ الصلوٰة كانت علیٰ المؤمنين كتباً موقوتاً**

''બેશક ! નમાઝ મુસલમાનો પર સમયનો નિશ્ચિત ફર્ઝ છે.'' *(સૂરએ નિસાઅ, આયત : ૧૦૩)*

નમાઝના પાંચ ક્રમાનુસાર સમય પ્રમાણે છે :–

એક ફજરની નમાઝ : જે સુબ્હ સાદિક઼ના પછીથી લઈને સૂર્યાસ્તથી પહેલાં સુધી રહે છે. બીજી ઝોહરની નમાઝ : જે દિવસ ઢળવાથી લઈને ત્યાં સુધી રહે છે જ્યારે કોઈ વસ્તુનો પડછાયો અસલી પડછાયાને છોડીને બમણો થઈ જાય. ત્રીજી અસરની નમાઝ : જે ઝોહરના સમય પછીથી લઈને ત્યાં સુધી રહે છે જ્યાં સુધી સૂરજમાં પીળાશ ન આવે. ચોથી મગરિબની નમાઝ : જે સૂર્યાસ્તથી લઈને ત્યાં સુધી રહે છે જ્યાં સુધી આસમાનમાં શફક (સંધ્યા)ની લાલાશ બાકી રહે. પાંચમી ઈશાની નમાઝ : જે શફક઼ (સંધ્યા)ની લાલાશ અદશ્ય થયા પછીથી સુબ્હ સાદિક઼ શરૂ થતા સુધી રહે છે.

પણ ધ્યાન રહે કે આ નમાઝના સમયોમાં શરૂઆતના સમયમાં પઢવી વધારે સવાબનો સબબ છે. શરૂઆતના સમયમાં નમાઝની અદાયગી માણસના તક઼વાને પ્રદર્શિત કરે છે. તે લોકો જેઓ સમય શરૂ થતાં જ અથવા થોડા સમય પછી નમાઝ પઢવામાં મશ્ગૂલ થઈ જાય છે તેનાથી તેમનો શોખ અને ઉત્સાહ જાહેર થાય છે. આ લોકો તે હોય છે જે નમાઝ પઢવાની રાહ જુએ છે અને જેવો કે નમાઝનો સમય આવે છે નમાઝ પઢવામાં લાગી જાય છે.

તમારા દિલમાં આ સવાલ ઉત્પન્ન થતો હશે કે નમાઝ સમયમાં કેમ ફર્ઝ કરવામાં આવી છે ? વળી આ સમયોમાં જ નમાઝ કેમ પઢવામાં આવે છે જે સમયોનું ઉપર વર્ણન થઈ ચૂક્યું છે. તેના વિશે યાદ રહે કે પ્રકૃતિના ક઼ાનૂન, સંસ્કૃતિની જરૂરતો અને શરીઅતના ક઼ાયદાઓની દષ્ટિએ સર્વ માણસો પર કેટલાક ફર્ઝો લાગુ પડે છે જેથી તેઓ પોતાની જિંદગી સુધારી શકે છે. રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, ''જે માણસ દુનિયામાં જાઈઝ રીતે મહેનત કરે, જાઈઝ રીતે રોજી કમાય, ભીખ ન માગે, પોતાનાં સગાં સંબંધી સાથે નિખાલસતાથી વર્તે, પોતાના પડોશીઓ સાથે મહેરબાનીથી પેશ આવે તો એવો માણસ ખુદાવંદે કરીમનો દીદાર ક઼યામતના દિવસે એવી હાલતમાં કરશે કે તેનો ચહેરો ચૌદમી રાતના ચાંદની જેમ ચમકશે.''

આ હદીષથી સાબિત થયું કે જે પોતાના ફર્ઝો અને વાજિબોને સારી રીતે અદા કરે છે તેનાથી રબ ખુશ થાય છે. જેવી રીતે માણસ દુનિયવી તથા સામાજિક ફર્ઝોની અદાયગી પર મજબૂર છે એ જ રીતે ખુદાની બંદગી તથા તારીફનો ફર્ઝ પણ તેના પર લાગુ પડે છે. અને આ બંનેવ ફર્ઝો પોત પોતાની જગા પર જરૂરી છે. તેના લીધે ઈસ્લામે દરેક બે ફર્ઝ અદા કરવાના સમય આ રીતે નક્કી કર્યા છે જે એકબીજા સાથે ટકરાતા નથી પણ એકબીજા સાથે મદદગારની હૈસિયત ધરાવે છે. ઈસ્લામ દીન અને દુનિયા

બંનેવમાં માણસને રસ્તો દેખાડે છે અને ઈસ્લામમાં ઈબાદતના સમયોની વહેંચણી એ રીતે કરવામાં આવી કે આ સમયો માણસની દુનિયવી જરૂરત માટે સાથી તથા મદદગાર થઈ જાય છે. ઈસ્લામની ઈબાદતોનો સમય દુનિયવી કામો અને સલામત જીવનની શોધમાં રૂકાવટ નથી બનતા, બલ્કે એકની અદાયગી બીજાને અદા કરવામાં સહૂલત આપે છે.

હવે નમાઝના પાંચ સમયની ફિલોસોફી અને હિક્મત પર વિચારણા કરો અને જુઓ કે નમાઝના આ સમયો પોત પોતાની જગાએ કેટલા ઉચિત છે.

**ફજરની નમાઝના સમયની હિકમત અને મસ્લેહત** : દુનિયાની દરેક કૌમ એ બાબત પર સહમત છે કે વહેલી સવારે જાગવું ખૂબ જ બરકતનું કારણ છે. સવારનું સોહામણુ દશ્ય, કોમળ અને મુલાયમ હવાનાં ઝોકાં શરીરમાં તાજગી અને તંદુરસ્તી માટે ફાયદાકારક છે. આ સમય માણસના દિલ અને દિમાગની મજબૂતી માટે ખૂબ જ ફાયદાકારક છે.

સવારની નમાઝ આપણને વહેલી સવારે ઉઠવાનો સંદેશો આપે છે. નમાઝનો સમય આપણને તાકીદ કરે છે કે સૂર્યોદયથી કલાક બે કલાક પહેલાં સુબ્હ સાદિકની હલકી હલકી રોશનીમાં ઉઠીને નમાઝ પઢો અને જ્યારે આપણે ખુદાની ઈબાદતથી મુક્ત થઈ જઈએ તો આ સમય આપણા દુનિયવી કામની પૂર્ણતા માટે મદદરૂપ સાબિત થશે. તે સમયે જ્યારે કે આપણે સવારમાં વુઝૂ અને નમાઝ પઢીને તરોતાઝા સ્ફુર્તિમય થઈ જઈએ છીએ તો આપણા દિલમાં ઉમંગ, તબિયતમાં જોશ, વિચાર ચિંતનમાં તાજગી, ઈરાદાઓમાં મજબૂતી પૈદા થઈ જાય છે તો આવી શક્તિશાળી અને સ્ફુર્તિની હાલતમાં આપણે આપણા દુનિયવી કામોને જે સરસ તથા ખૂબી, મહોબ્બત તથા દિલચસ્પી અને દિલ લગાડીને પૂર્ણ કરીશું તે જાહેર જ છે. સવારના જાગવાથી જ આપણામાં એટલી તાકાત પેદા થઈ જાય છે કે આપણે ખૂબ જ આરામની સાથે સાત, આઠ કલાક સતત કામ કરી શકીએ છીએ. તે લોકોને જુઓ જે આઠ નવ વાગે ઉઠે છે તેઓ આળસુઓના સરતાજ, સુસ્ત અને બેકાર હોય છે, તેઓ દિલ લગાડીને મહેનતથી દિવસમાં એક કલાક પણ કામ નથી કરી શકતા.

વિચારો ! સવારની નમાઝનો સમય ઈન્સાનો માટે કેટલો ફાયદાકારક છે. દરરોજ ફજરની નમાઝ પઢવાથી હમેશગી અને મજબૂતીનો જે સબક઼ આપણને મળે છે તે આપણામાં હમેશગીની તાક઼તો પેદા કરી દે છે. આપણે આ સબક઼ કદી ન ભૂલવો જોઈએ.

**ઝોહરની નમાઝના સમયની હિકમત તથા મસ્લેહત** : ઝોહરની નમાઝના સમયે પણ આ જ રીતે એક ગેહરી નજરથી જુઓ. ઝોહરનો સમય તે સમય હોય છે જ્યારે સૂરજ ઢળી ચૂક્યો હોય છે. આ સમયે ઈન્સાન સવારનાં કામોને પૂર્ણ કરીને આરામ કરે છે .બપોરના ભોજન પછી સૂઈ જાય છે. અને સૂઈને ઉઠયા પછી તેનામાં સુસ્તી અને આળસની અસર છવાય જાય છે. આવા સમયમાં ઝોહરની નમાઝ તે આળસ અને સુસ્તીને દૂર કરે છે. દિમાગી કુવ્વતને કામ કરવા પર પ્રોત્સાહિત કરે છે. આ સમયે વુઝૂ કરવું માંદગીને દૂર કરે છે. આ સમયની નમાઝ જિંદગીમાં તાજગી લઈ આવે છે, અને નમાઝી હોશિયાર અને મહેનતુ બની કામને પાત્ર બની જાય છે. સવારના જેમ ફરી લોહી તેના સ્નાયુમાં દોડવા લાગે છે. ઝોહરનો સમય આ જ રીતે પુષ્કળ હિકમતો અને મસ્લેહતો પર આધારિત છે.

**અસરની નમાઝના સમયની હિકમત અને મસ્લેહત** : અસરની નમાઝનો સમય પણ ઈન્સાનને ચાલાક અને ચુસ્ત હોવાની તા'લીમ આપે છે. ઈન્સાન જ્યારે આખા દિવસનાં કામો કરીને થાકી જાય છે, સતત સાત આઠ કલાક કામ કરવાના કારણે કમજોર નજરે પડે છે. તે સમયે તેનું સુવૂં અથવા આરામ માટે આડા પડવું તંદુરસ્તીના નિયમથી સખ્ત વિરુદ્ધ છે. ઈસ્લામે ઈન્સાનના માટે આ સમયે વુઝૂ કરવા અને નમાઝ પઢવાનો હુકમ આપ્યો છે. પાણી અને નમાઝ તેની સ્ફુર્તિ તથા રૂહાનિયતની જામિન છે. અતિશય

સુસ્તી અને માંદગીની હાલતોમાં વુઝૂ કરવું ઈન્સાનમાં પરિવર્તન પેદા કરી દે છે, જેથી નમાઝ પઢવી આ હાલતને બિલકુલ બદલી નાખે છે. રસૂલે કરીમ ﷺએ ફર્માવ્યું, ઠંડીની ઋતુમાં ઝોહર અને અસરની નમાઝ જલ્દી પઢયા કરો અને ગરમીની મોસમમાં થોડીવાર પછી પઢયા કરો. તેનું કારણ એ જ છે કે ઠંડીમાં દિવસ ટૂંકો હોય છે, તે સમયે સર્વ કામોને જલ્દી પૂર્ણ કરવાનાં રહે છે. જ્યારે કે ગરમીમાં દિવસ લાંબો રહે છે માણસને આરામ કરવાનો સમય વધારે મળે છે અને તે વધારે કામ કરે છે.

**મગરિબની નમાઝના સમયની હિકમત અને મસ્લેહત** : મગરિબનો સમય તે હોય છે જ્યારે ઈન્સાન દુનિયાનાં કામોથી ફારિગ થઈને ઘરે પાછો આવે છે તે સમય પોતાનો કારોબાર બંધ કરે છે, મહેનતથી ફરાગત પામે છે. તે સમયે તેનું વુઝૂ કરવું તેની બધી માંદગીને દૂરી દે છે. ધૂળમય અને મહેનતથી ચૂર અંગોને સાફ સુથરાં કરીને દિલ અને દિમાગને આનંદ બખ્શે છે. અને દિવસભરની અલ્લાહ તઆલાની ઈનાયતોની શુક્રગુઝારીમાં તે થોડી રકાતો નમાઝ અદા કરે છે. વળી મગરિબ એટલે રાતની શરૂઆતમાં વુઝૂ કરવું અને નમાઝ અદા કરવી એ પૂરી રાતને આનંદમય સ્ફુર્તિમય બનાવી દે છે.

**ઈશાની નમાઝના સમયની હિકમત અને મસ્લેહત** : ઈશાના સમયને જુઓ, ઈન્સાન જ્યારે રાતનું ખાવા ખાઈ લે છે તો ત્યાર પછી બાવુઝૂ થઈને નમાઝ અદા કરીને સૂવું ઊંઘને પુરસુકૂન બનાવી દે છે. એ ક઼ાનૂન છે કે જ્યારે આદમી પરેશાનીની હાલતમાં સૂએ છે તો ઊંઘની મજા હાંસલ નથી કરી શકતો, પરંતુ પાક, સાફ અને દિલની એકાગ્રતા સાથે ખુદાનો ખયાલ કરીને સૂવાથી ઈન્સાનની ઊંઘ મધૂર અને પાકીઝા થઈ જાય છે. ઈન્સાનનું દિમાગ ફિક્રમંદ નથી થતું, પરેશાન સ્વપ્ન નથી આવતું, બુરા વિચારો દિમાગમાં નથી આવતા, દિમાગ ખૂબ સાફ રહે છે અને તે ખૂબ જ સંતુષ્ઠ થઈને સૂઈ જાય છે.

આ રીતે ઈસ્લામે ઈબાદત અને નમાઝના સમય નિશ્ચિત કરીને દુનિયવી કામો સાથે રૂહાની બરકતોને પ્રાપ્ત કરવામાં બેશુમાર સહૂલતો તથા હિકમતો રાખી છે. બતાવો ! શું દુનિયાનો કોઈ પણ મઝહબ આ રીતે રૂહાની તથા દુનિયવી કામોને લક્ષમાં રાખવાવાળો સંપૂર્ણ મઝહબ છે જેટલો ઈસ્લામ છે ? આ ઈસ્લામ જ છે જેની કોઈ પણ એક તા'લીમ પર અમલ કરવાથી એક નહીં બલ્કે બેશુમાર દુનિયવી ફાયદા હાંસલ થાય છે, એટલા માટે ઈન્સાન માટે સૌથી સંપૂર્ણ મઝહબ ફક્ત ઈસ્લામ છે.

## ❁ ❁ ❁ ❁ બરકાતી સિલસિલાની ખિલાફત અર્પણ ❁ ❁ ❁ ❁

આપને એ જાણીને ખૂબ ખુશી થશે કે તા. ૧૨–૧–૨૦૧૨, ૧૮ સફર હિ.સ. ૧૪૩૩ જુમેરાતે મગરિબ બાદ **મૌલાના મુહમ્મદ શાકિર નૂરી રઝવી** (અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)ને પીરે તરીક઼ત **હઝરત સૈયદ હસ્નૈન મિયાં ''નઝમી'' બરકાતી** (સજ્જાદાનશીન ખાનક઼ાહે બરકાતિયા–મારહરા શરીફ) સાહબે પોતાના દૌલતકદા પર તલબ કરીને સિલસિલાએ ક઼ાદરિયા બરકાતિયા ક઼દીમા વ જદીદાની ખિલાફત તથા ઈજાઝતથી નવાઝયા તથા સાથોસાથ આ શબ્દોમાં તસલ્લી આપી કે, ''આપ પોતાને એકલા ન સમજશો ! આજ સુધી પીરો મુર્શિદ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہનો હાથ આપના સર પર હતો હવે સાહિબુલ બરકાતનો હાથ પણ તમારા સીરે રહેશે.'' આ મુબારક પ્રસંગે અમો અમીરે સુન્ની દા'વતે ઈસ્લામીને ખૂબ ખૂબ મુબારકબાદ પેશ કરીએ છીએ. રબ્બે કરીમ આ બુઝુર્ગોના સાયામાં આપને હર મોડ પર કામયાબી બખ્શે અને દીનો સુન્નિયતની ખૂબ ખૂબ ખિદમત આપના હાથે થાય તેવી દુઆ ગુઝારીએ છીએ. (આમીન)

–લિ. પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

*(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક વ નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–ગુજરાત ઝોન)*

# પ્રો. તાહિરુલ ક઼ાદરી વિશે
## એક પ્રશ્ન તથા તેનો જવાબ

અઝ : **મુફ્તી મુહમ્મદ કૌષરહસન ક઼ાદરી રઝવી**
*(નૂરી દારુલ ઈફ્તા–બલરામપુર)*

રજૂકર્તા : **પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**
*(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

**સવાલ :** શું હુકમ છે શરીઅતે પાકમાં એના બારામાં કે પાકિસ્તાની પ્રો. તાહિરુલ ક઼ાદરી સાહબે તા. ૨૫–૯–૨૦૧૧ના રોજ લંડન વેમ્બલીમાં વિશ્વ શાંતિ સંમેલન યોજ્યું જેમાં વિવિધ ધર્મોવાળાઓને ભેગા કર્યા અને સૌને સંબોધતાં કહ્યું :–

**"Allah Means God, nothing else. It is not special thing for Muslim. Allah is the arabic word for God, for Brahma, for Lord, for Creater. You Know. You can raise any word specified for your Lord according your religion. Let us remember our Lord according to our own traditon & religion. Remember our Lord..........."**

એટલે કે, "અલ્લાહનો અર્થ ગોડ છે બીજુ કાંઈ નથી. એ મુસલમાનો માટે ખાસ નથી. અલ્લાહ અરબી શબ્દ છે, બ્રહ્મા, લોર્ડ, (રબ, માલિક) અથવા ક્રિએટર (ખાલિક, સર્જનહાર)ના માટે. પરંતુ તમો (એને યાદ કરવા માટે) કોઈપણ શબ્દ થકી પોકારી શકો છો જે તમારા ધર્મ પ્રમાણે તમારા માલિકના માટે ખાસ હોય ! તો આવો આપણે આપણા માલિક (રબ)ને યાદ કરીએ **પોત પોતાના ધર્મ તથા રિવાજ પ્રમાણે.** (હુકમ આપતાં કહ્યું) યાદ કરો પોતાના ગોડને !" ત્યાર બાદ પ્રો. તાહિર સાહબ તથા સ્ટેજની નીચેના મજમાએ અલ્લાહ ! અલ્લાહ ! કહેવાનું શરૂ કર્યું પણ સ્ટેજ પર જેઓ જાહેરી વિધર્મીઓ હતા સૌ ચૂપ રહ્યા. ત્યારબાદ પ્રો. તાહિર સાહબ સ્ટેજ પર હાજર એક હિંદુ પંડિતની તરફ ગયા અને તેને માઈક આપતાં કહ્યું, **Any god you want to say, any world probably any name according to your religion.** એટલે "કોઈ શબ્દ કે નામ તમે ગોડના માટે લેવા ચાહતા હોઉ તમારા ધર્મ પ્રમાણે !" ત્યારે પંડિત માઈક લઈને "હરે રામ હરે ક્રિશ્ન" મોટા અવાજમાં બોલતા રહ્યા (આ હિંદુ ધર્મનો એક મંત્ર છે જેને હિંદુ રામ તથા કૃષ્ણની પૂજા કરતી વેળા પ્રાર્થના રૂપે કહે છે જેનો અર્થ છે રામ તથા કૃષ્ણ મારા દુ:ખ, તકલીફને દૂર કરો !) જ્યારે પંડિત પોતાના જપ ખત્મ કરી ચૂક્યા તો પ્રો. તાહિર સાહબે માઈક એક ક્રિશ્ચ્યનને આપ્યું તેણે કહ્યું, "જિસસ, જિસસ, જિસસ, ફાધર ગોડ ! અ મેન !" (ઈસાઈ જિસસ શબ્દથી ઈસા علیہ السلام અને ફાધર ગોડથી અલ્લાહ તઆલા મુરાદ લે છે) ત્યારબાદ પ્રો. તાહિર સાહબ થકી એક બુદ્ધ પૂજારી પાસે માઈક લઈ જવામાં આવ્યું તે માઈક લઈને "નમો બુદ્ધાય ! નમો બુદ્ધાય !" બોલવા લાગ્યો. ગૌતમ બુદ્ધની ઈબાદત (પૂજા) કરતી વેળા બૌદ્ધ લોકો આ પ્રમાણે કહે છે જેનો અર્થ છે, "બૌદ્ધને મારો સજદો અને મુજરો." એ જ પ્રમાણે અન્ય ગૈર મઝહબવાળાઓએ પણ પોતાના ધર્મ તથા અક઼ીદા (માન્યતા) પ્રમાણે પોતાના મઅબૂદનું નામ જપ્યું. આ સર્વ પછી પ્રો. તાહિર સાહબે લાઈલાહ ઈલ્લલ્લાહ કહેવાનું શરૂ કર્યું તો સ્ટેજ પર હાજર રહેલા સર્વ વિધર્મીઓ ખામોશ રહ્યા પણ એક બુદ્ધ સાધુ નમો બુદ્ધાય ઓમ બુદ્ધાય કહેતો રહ્યો.

**અલ્જવાબ :** કહેનાર (પ્રો. તાહિર હોય કે) કોઈપણ તેના તરફથી ન કેવળ કાફિરોની બલ્કે તેમના મઝહબી પેશવાઓની એવી તા'ઝીમ કે તેમને મુસલમાનોથી ઊંચા કર્યા એ સખ્ત હરામ હતું પણ એની તો એમને શું શિકાયત કરવામાં આવે ! જ્યારે કે તે એમને સંબોધીને

કહે છે કે, "અલ્લાહનો અર્થ ગોડ છે અન્ય કાંઈ નથી, એ મુસલમાનો માટે ખાસ નથી. અલ્લાહ અરબી શબ્દ છે ગોડ, બ્રહ્મા, લોર્ડ, (માલિક, રબ) ક્રિએટર (ખાલિક઼–સર્જનહાર)ના માટે. પરંતું (આપ તેને યાદ કરવા માટે) કોઈપણ શબ્દથી પોકારી શકો છો ! જે તમારા ધર્મ પ્રમાણે તમારા માલિકના માટે ખાસ હોય ! તો આવો આપણે આપણા રબ (માલિક)ને યાદ કરીએ પોતપોતાના ધર્મ તથા રસમોના પ્રમાણે (હુકમ આપતાં કહ્યું) યાદ કરો ! પોતાના ગોડને !"

**પ્રથમ** : તો કાફિરોને ઈસ્લામ ધર્મ સિવાય તેમના પોતાના ધર્મમાં જે તરીક઼ો ઈબાદતનો (પૂજાનો) હોય તેની દા'વત આપવી એ એને પસંદ કરવું છે. અને અલ્લાહ ﷻ ફર્માવે છે : "અને જે ઈસ્લામના સિવાય કોઈ દીન ચાહે તે હરગિઝ સ્વીકારવામાં નહીં આવે અને તેને આખેરતમાં નુકસાન રહેશે." *(પારા : ૩, રુકૂઅ : ૭, આયત : ૮૫)*

અને ફર્માવે છે : "બેશક ! અલ્લાહની નજીક દીન આ જ ઈસ્લામ છે. યહૂદી તથા નસારાએ જાણી જોઈને નાફર્માનીના રૂપે એની વિરુદ્ધ કર્યું." *(પારા : ૩, રુકૂઅ : ૧૦, આયત : ૧૯)*

**બીજું** : કાફિરોએ જે પોતાના ધર્મ પ્રમાણે એક સૌથી મહાન હસ્તી ખયાલ કરીને તેનું નામ "અલ્લાહ" સિવાય જે પણ રાખી લીધું છે તે એમનો વહમી ખયાલી મઅબૂદ છે, તે હરગિઝ અલ્લાહ નથી. કેમ કે અલ્લાહ તઆલાને જાણવું અલ્લાહના ફઝ્લથી મુસલમાનો સાથે ખાસ છે. કોઈ કાફિર કોઈ પ્રકારનો હોય હરગિઝ તેને નથી જાણતો. કુફ્ર કહે જ છે અલ્લાહને ન જાણવાને.

નાવાક઼ેફોને જો અહીં શંકા હોય કે કાફિરોના સેંકડો ફિર્ક઼ા અલ્લાહ તઆલાને જાણે છે બલ્કે માને પણ છે. યહૂદી તથા નસારા તૌરાત તથા ઈન્જીલ પર એનું કલામ જાણીને યક઼ીન રાખે છે.

તો એનો જવાબ એ છે કે ન માનવું એટલે ઈન્કાર કરવું કોઈ પણ ચીજનું ત્રણ રીતે હોય છે : **(૧)** ધડમૂળથી એ ચીજનો ઈન્કાર કરવો. દા.ત. કોઈ કહે "શરબત" મુદલે કોઈ ચીજ જ નથી. **(૨)** એ ચીજના માટે જે ચીજ લાઝિમ તથા જરૂરી હોય એનો ઈન્કાર કરવો. જેમ કે કોઈ કહે કે શરબત એક ચીજ તો છે પણ એમાં મીઠાશ તદ્દન નથી હોતી. (તો એ શરબત જ ન કહેવાશે ને !) **(૩)** ચીજના માટે તે સર્વ કાંઈ સાબિત કરવું જે તે ચીજની અથવા તેની અનિવાર્યતાથી વિરુદ્ધ હોય. જેમ કે કોઈ કહે "શરબત" એક કડવા પીણાનું નામ છે. જાહેર છે કે આ બંને પાછલાઓએ ભલે જીભ વડે શરબતને મૌજૂદ કહ્યું પણ હક઼ીક઼તમાં શરબતને ન ઓળખ્યું. તેઓ પોતાના વહેમ તથા ખયાલમાં કોઈ એવી ચીજને શરબત સમજી બેઠા છે જે હરગિઝ શરબત નથી. જેથી શરબતને ન માનવામાં તથા ન જાણવામાં આ બંનેવ અને તે પહેલો જેણે મુદ્દલે જ ઈન્કાર કર્યો આ સૌ સરખા છે, કેવળ શબ્દોનો ફરક છે.

અલ્લાહ ﷻ ને સર્વ કમાલવાળી સિફતો (ખૂબીઓ) ઝાત માટે લાઝિમ છે અને દરેક અયબ તથા ખામીઓ તેના માટે મુહાલ બિઝ્ઝાત (તેની ઝાત માટે અશક્ય) છે, કેમ કે અયબ તથા ખામી તેના ઝાતી કમાલની વિરુદ્ધ છે.

કાફિરોમાં હરગિઝ કોઈ મળશે નહીં જે અલ્લાહ તઆલાની કોઈ કમાલની સિફતનો ઈન્કાર ન કરતો હોય અથવા મઆઝલ્લાહ ! એના માટે કોઈ અયબ કે ખામી (ઉણપ) ન માનતો હોય. તો નાસ્તિકો જો પ્રથમ પ્રકારના મુન્કિર છે કે ખુદાનું અસ્તિત્વ જ નથી માનતા અને બાકી સર્વ કાફિરો પાછલા બે પ્રકારના મુન્કિરો છે.

સારાંશ કે અલ્લાહ ﷻ ને ન જાણવામાં તે તથા નાસ્તિકો સરખા થયા એ જ શબ્દો રજૂ કરવાનો તફાવત છે કે નાસ્તિકોએ ધડમૂળથી ઈન્કાર કર્યો અને ક઼હરીઓએ પોતાના વહેમ તથા ખયાલમાં એક નક઼્શો ઘડી કાઢયો અને એનું નામ ખુદા રાખીને કેવળ શબ્દનો ઈકરાર કર્યો.

મૌલા સુબ્હાનહૂ તઆલા ફર્માવે છે : "જુઓ તો તે જેણે પોતાની ખ્વાહિશને ખુદા બનાવી લીધો." *(પારા : ૨૫, રુકૂઅ : ૧૯, આયત : ૨૩)*

"જો એમને પૂછો જમીન તથા આસ્માનનો ખાલિક઼ કોણ છે ? કહેશે, અલ્લાહ ! તમે કહો, હમ્દ અલ્લાહને." *(પારા : ૨૧, રુકૂઅ : ૧૨, આયત : ૨૪)*

કે એના મુન્કિર પણ આ સિફતોમાં એનું નામ લે છે, પોતાના બાતિલ મઅબૂદોને એ લાયક નથી જાણતા. પણ શું એનાથી કોઈ એવું સમજે કે એઓ અલ્લાહને

જાણે છે ? નહીં ! નહીં ! રબ ફર્માવે છે : ''મોટા ભાગના એને નથી જાણતા.'' *(પારા : ૨૧, રુકૂઅ : ૧૨, આયત : ૨૪)* બીજા ઠેકાણે છે : ''તેઓ તો આમ જ પોતાની અટકળો દોડાવે છે.'' *(પારા : ૮, રુકૂઅ : ૧, આયત : ૧૧૬, સૂરત : ૬)*

જેમ કે અન્ય ઘણા બધા મઅબૂદો ઘડી લીધા કે : ''તે કેવળ નામો છે કે તમે તથા તમારા બાપદાદાઓએ ઘડી કાઢયાં, અલ્લાહે તેની કોઈ સનદ નથી ઉતારી.'' *(પારા : ૨૭, રુકૂઅ : ૫, આયત : ૨૩, સૂરત : ૫૩)*

એ જ પ્રમાણે પોતાની અટકળથી એક સૌથી મહાન હસ્તી ખયાલ કરીને તેનું નામ અલ્લાહ રાખી લીધુ છે, જયારે કે તે અલ્લાહ નથી. કેમ કે જે સિફતોવાળો (ખૂબીઓવાળો) તેઓ એ હસ્તીને દર્શાવે છે પણ અલ્લાહ ﷻ એ સિફતોથી ખૂબ જ ઉચ્ચતર છે. *(ફતાવા રઝવિય્યહ, ભાગ : ૧, પેજ : ૭૩૫માંથી)*

જ્યારે કુફ્ર તથા શિર્કનો અક઼ીદો રાખનારાઓને જ્યારે કે તેઓ જીભ વડે અલ્લાહ શબ્દ કહેતા હતા, કુર્આને કરીમે ફર્માવ્યું, ''તેઓ અલ્લાહથી અજ્ઞાન છે, અલ્લાહને જાણતા જ નથી.''

તો પછી ગોડ તથા રામ તથા કૃષ્ણ બોલવાવાળા અલ્લાહને જાણવાવાળા ક્યાંથી થઈ જશે ?! અને જ્યારે નહીં અને હરગિઝ નહીં ! તો તેઓ પોતાના ધર્મ પ્રમાણે જેનું નામ અલ્લાહ કે રબ વગેરે રાખશે, તો તે નહીં હોય પણ તેમનો વહેમ તથા બાતિલ મઅબૂદ ! અને તેઓ યાદ પણ નહીં કરે પણ તેને જે એમના ગુમાનમાં વહેમી ખયાલી બાતિલ મઅબૂદ છે. તો પછી તેમને એવી દા'વત આપવી કે, ''તમારા મઝહબ (ધરમ) તથા તમારા અક઼ીદા (માન્યતા) પ્રમાણે તમારા મઅબૂદના માટે જે ખાસ નામ હોય એ નામ વડે તમે તમારા મઅબૂદ (ખુદા)ને તમારા મઝહબ અને તમારી રસમ (રિવાજ) પ્રમાણે યાદ કરો.'' અને ખબર છે કે તેઓ તેના પર (એવું કરવામાં) કુફ્ર તથા શિર્ક બોલ્યા વિના નહીં રહે, **જેથી એ કુફ્ર તથા શિર્કની ઈજાઝત આપવું થયું.** પછી જ્યારે તેમણે પોતાના બાતિલ મઅબૂદો રામ, કૃષ્ણ, બુદ્ધનું નામ જપ્યું અને હઝરત ઈસા علیہ السلامનું પણ નામ લીધું તો મઆઝલ્લાહ ! ખુદા રૂપે અથવા ખુદાના પુત્ર તરીકે લીધું ! આ એ લોકોનું કુફ્ર તથા શિર્ક હતું, એનાથી એઓને પોતાની મેહફિલમાં રોકવું તો દૂર રહ્યું પણ મોકો આપીને **કુફ્ર તથા શિર્ક પર રાજી રહેવું** છે, અને **કુફ્રની ઈજાઝત** અને કુફ્ર પર રાજી રહેવું **ખૂદ કુફ્ર** છે.

ફતાવા મુસ્તફવિયહમાં ફર્માવ્યું : ''મુશ્રિકોનો મઝહબ નામઝહબ છે કે ખુદા દરેક ચીજમાં પ્રવેશી ગયેલો, ઉતરેલો છે.'' અલ્લાહ તઆલા (કોઈ વ્યક્તિમાં) પ્રવેશ કરવા, હુલૂલ કરવાથી પાક છે. ગૈરો ખુદાને પોતાના આ જ અક઼ીદાના કારણે રામ કહે છે.

જેથી ખુદાને રામ કહેવું કુફ્ર થયું, અને ખુદા ખુદા કરવું ઈબાદત, અને **કુફ્રને ઈબાદત જાણવું કુફ્ર** છે. અને ધારો કે એઓ રામનો એ અર્થ ન પણ સમજતા હોય તો પણ આપણો ખુદા એ નથી જે હનૂદનો ધારેલ ખુદા છે, જેને મુશ્રિકોએ ખુદા સમજી લીધો છે. કુર્આન એના પર સાક્ષી છે.ઈર્શાદ છે : ''તમે ફર્માવો, હે કાફિરો ! હું નથી પૂજતો જેને તમો પૂજો છો અને ન તમે એની ઈબાદત કરનારા છો જેની બંદગી હું કરું છું. અને ન હું તમારા મઅબૂદમાંથી કોઈને પૂજનારો છું અને ન તમે મારા મઅબૂદે હક઼ીક઼ી ﷻના આબિદ તથા પરસ્તાર છો.'' *(પારા : ૩૦, રુકૂઅ : ૩૪, સૂ. કાફિરૂન)*

''અને તેમણે અલ્લાહની ક઼દર ન કરી જેવો એનો હક્ક઼ હતો.'' *(પારા : ૨૪, રુકૂઅ : ૪)*

જેથી જાણવા મળ્યું કે અલ્લાહ તે નથી જે તેમનો ગુમાન કરેલો છે અને જેને તેઓ ગમે તે શબ્દ (ખુદા સિવાય અન્ય) વડે પુકારે છે. જેથી જાહેર થયું કે મુસલમાનોનું ખુદા ખુદા કરવું અને ગૈરોનું રામ રામ કહેવું એક નથી થઈ શકતું. અને તેમના રામ રામ જપવાને ખુદાની યાદ સમજવું, ''બેશક ! **ઈલ્હાદ** (અધર્મીપણુ) થયું.'' *(ફતાવા મુસ્તફવિયહ, પેજ : ૬૦૦)*

(પ્રો. સાહબે વિધર્મીઓ પાસે કુફ્રી કલામ બોલાવવા સામે વાંધાના ખુલાસામાં કહ્યું કે એ તો સુન્નત છે ! તો જાણી લો કે) નબી ﷺ કુફ્ર તથા શિર્ક મિટાવવા આવ્યા જેથી જે હુઝૂર પર કુફ્ર તથા શિર્કની ઈજાઝત આપવાનો આક્ષેપ લગાડે તે ઈસ્લામી વર્તુળથી બહાર થઈ જશે. *(ક્રમશઃ)*

# મુસલમાન પરણિત સ્ત્રીઓને ખુશખબર !

કાયદા

મારી પ્યારી બહેનો ! નીચેની હદીષો વાંચો અને રબની રહમતો તથા અતાઓ પામવા માટે એ રીતે જીવીને ખુદાના ઈનામો તથા નબી કરીમ ﷺની બશારતોની હક્કદાર બનો.

રિવાયત છે કે એકવાર સરકારે મદીના ﷺએ સ્ત્રીઓને ઈર્શાદ ફર્માવ્યો, શું તમે એ વાત પર રાજી નથી કે જ્યારે સ્ત્રી પોતાના પતિથી ગર્ભ ધારણ કરે અને તે પતિ તેનાથી રાજી હોય તો તે સ્ત્રીને (દરરોજ) એવો સવાબ અતા કરવામાં આવે છે કે જેવો અલ્લાહની રાહમાં રોઝો રાખનાર તથા રાત્રે ઈબાદતમાં જાગનારને મળે છે. અને તેને પ્રસુતિ પીડા થતાં એવાં એવાં ઈનામો આપવામાં આવશે કે જેનાથી આસ્માન તથા જમીનવાળાઓમાંથી કોઈને એનાથી માહિતગાર નથી કરવામાં આવ્યા. અને તેણી બાળકને જેટલુ દૂધ પીવડાવશે તો તેણીને દરેક ઘૂંટના બદલામાં એક નેકી અતા કરવામાં આવશે અને તેણીને જો બાળકના કારણે રાત્રે જાગવું પડે તો રાહે ખુદામાં સિત્તેર ગુલામ આઝાદ કરવાનો સવાબ મળશે. *(કન્ઝુલ ઉમ્માલ)*

આ પરથી સ્ત્રીઓએ ખુશ થવું જોઈએ કે બાળકોની પરવરિશ તથા પતિને રાજી રાખવામાં કેટલો મહાન સવાબ તેમને મળે છે અને તકલીફો પર સબ્ર કરવામાં કેવી મહાન નેઅમતોનો વાયદો અલ્લાહ તરફથી છે. (સુબ્હાનલ્લાહ !)

રહમતે આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, અલ્લાહ તઆલા એ સ્ત્રીને પસંદ કરે છે જે પોતાના પતિથી મહોબ્બત રાખે અને પર પુરૂષથી પોતાની રક્ષા કરે. *(કન્ઝુલ ઉમ્માલ)*

જાણવા મળ્યું કે પરાયા પુરૂષો સાથે નિઃસંકોચ બેપર્દા મળનારી તથા હંસી મજાક કરનારી સ્ત્રીઓને અલ્લાહ પસંદ નથી કરતો. જેથી અલ્લાહના ગઝબથી બચવા માટે પર પુરૂષોથી દૂર રહેવામાં જ ભલાઈ છે.

નબી કરીમ ﷺએ ફર્માવ્યું, સ્ત્રીઓમાં સૌથી સારી તે છે કે જ્યારે પતિ તેણીના તરફ જુએ તો તેને ખુશ કરી આપે, અને જ્યારે તે તેણીને કોઈ હુકમ આપે તો તેની આજ્ઞાપાલન કરે અને પોતાની જાન તથા માલમાંથી કોઈ રીતે પતિને નાખુશ કરીને તેનો વિરોધ ન કરે. *(ઉપર મુજબ)*

સૈયદે આલમ ﷺનું ફર્માન છે કે સ્ત્રીનું કામકાજ કરવું જેહાદ કરનારાઓના રુત્બા સમાન છે. *(ઉપર મુજબ)*

સ્ત્રીઓએ નબી પાક ﷺની દષ્ટિમાં સૌથી સારી સ્ત્રી ઠરવું હોય તો પોતાના પતિને ખુશ રાખવો જોઈએ તથા જેહાદ કરનારાનો રુત્બો પામવા ઘરકામ શોખથી કરવું જોઈએ, કકળાટ કરીને નહીં !

રસૂલે પાક ﷺએ ફર્માવ્યું, સ્ત્રી સગર્ભા થવાથી લઈને બાળ જન્મ તથા તેને દૂધ છોડાવતા સુધી (સવાબના મર્તબામાં) એવી છે જેવી રીતે ઈસ્લામની રાહમાં સરહદની નિગરાની કરનારા દરેક જેહાદ માટે તૈયાર રહે છે. અને એ દરમ્યાનમાં જો મૃત્યુ પામી તો શહીદના બરાબર સવાબ પામશે. *(ઉપર મુજબ)*

અલ્લાહની રાહમાં કેવળ એક દિવસ ઘોડો બાંધવો એ દુનિયા તથા એમાં જે કાંઈ છે એ સર્વથી બેહતર છે. (બુખારી શરીફ) તથા અલ્લાહની રાહમાં સરહદ પર એક દિવસ તથા એક રાત ઘોડો બાંધવો એક મહિનાના રોઝા અને કયામ (નમાઝો પઢતા રહેવા)થી બેહતર છે. *(મુસ્લિમ શરીફ)* આ પરથી સ્ત્રીના સવાબનો અંદાઝો કરો ?!

નબી પાક ﷺએ ફર્માવ્યું છે કે, ''જ્યારે કોઈ સ્ત્રી પોતાના બાળકને દૂધ પીવડાવે છે તો દરેક ઘૂંટને પીવડાવવા પર એવો બદલો મળે છે કે જાણે જાનદારને જીવંત કરી આપે. (બે વરસ બાદ) દૂધ છોડાવે છે તો એક ફરિશ્તો એલાન કરે છે કે તારા પાછલા સર્વ ગુનાહો માફ થઈ ગયા, હવે આગળ જે કાંઈ કરીશ તે નવેસરથી ગણાશે.'' આ પરથી જાણવા મળ્યું કે બાળકો ન જણનારી તથા પોતાનુ દૂધ બાળકોને ન પીવડાવનારી ફેશનેબલ સ્ત્રીઓ આનાથી મેહરૂમ છે.

નબી કરીમ ﷺએ ફર્માવ્યું, ''હે સ્ત્રીઓ ! યાદ રાખો, તમારામાંથી જે નેક છે તે નેક મર્દોથી પહેલાં જન્નતમાં જશે. પછી જ્યારે પતિ જન્નતમાં આવશે તો એ સ્ત્રીઓને ગુસ્લ આપીને ખુશ્બુ લગાડીને લાલ તથા પીળા રંગની સવારીઓ પર પતિઓના હવાલે કરવામાં આવશે અને એમની સાથે એવાં બાળકો હશે જાણે વિખરાયેલાં મોતી.''

રબ્બે કરીમ તમામ બહેનોને નેક રાહે ઈસ્લામ પર ચાલવાની તૌફીક આપે. (આમીન)

# બરકાતે ખ્વાજાની ટપાલ... કાર્યાલય

**★ ઉર્સે ખ્વાજા દરિયાઈ દુલ્હા رحمۃ اللہ علیہ ★**

**બીરપુર શરીફ** : (જિ. ખેડા)થી નબીરએ દરિયાઈ દુલ્હા પીર હઝરત સૈયદ સફીયુલ્લાહબાવા દરિયાઈ અશરફીના જણાવ્યાનુસાર મશ્હૂર બાકરામત બુઝુર્ગ જેમના આસ્તાના પર બીમારી, જિનની તકલીફ તથા સર્વ દુઃખ દર્દો દૂર થાય છે, હઝરતની દુઆથી મુરાદો પૂરી થાય છે, તે મહાન હસ્તીનો ઉર્સ મુબારક તા. ૨૯–૨–૨૦૧૨ થી ૧૨–૩–૨૦૧૨ ચાંદ ૭ થી ૧૩ રબીઉલ આખરમાં શાનો શૌકતથી મનાવાશે. ૧૦ ચાંદ (૩–૩–૨૦૧૨)ના રોજ ઈશા બાદ સંદલ, કુર્આનખ્વાની, ચાદરપોશી, ગુલપોશી, શજરા પઠન બાદ દુઆ થશે. ચાંદ ૩૦નો થશે તો સંદલ ૪–૩–૨૦૧૨ના થશે.

**રતનપુર** : જિ. ખેડા મુકામે તા. ૬/૧૨/૨૦૧૧, ૧૦ મુહર્રમના રોજ દારુલ ઉલૂમ મદીનતુલ ઉલૂમમાં જશ્ને શોહદાએ કર્બલા ખલીફએ તાજુશ્શરીઅહ્ શૈખુલ હદીષ હઝરત મૌલાના અહમદ રઝા સાહબની સદારતમાં, ઝેરે સિયાદત ખલીફએ તાજુશ્શરીઅહ્ વ ખલીફએ અશરફુલ ઉલ્મા હઝરત મુફ્તી અશરફ સાહબ તથા નિઝામતમાં મુતઅલ્લિમ દારુલ ઉલૂમ હાઝાના હાફિઝ મુહમ્મદ ઉષ્માન ગની છાયા હતા. દારુલ ઉલૂમના અન્ય મુતઅલ્લિમોએ હમ્દ, નઅત, મન્કબત અને તકરીરની સાથે પુરજોશ બયાન કર્યું હતું. તથા હાફિઝ મુફ્તી અશરફ સાહબ તથા મૌલાના અહમદ રઝા સાહબે પણ બયાન શહીદે આ'ઝમની નસીહતોમાં બયાન કર્યું હતું. આખિરમાં દુઆ કરી હતી અને બાદ નમાઝે ઝોહર કુર્આન ખ્વાની કરીને શોહદાએ કરબલાની બારગાહમાં ખિરાજે અકીદત પેશ કરી હતી.

*–(રજૂકર્તા : મુહમ્મદ દિલદાર રઝવી–રતનપુર)*

**★ રૂા. ૫ની ટિકિટ મોકલી મંગાવો ★**

**★ કિતાબ** : રોશન સિતારા ( વિવિધ લેખોનો સંગ્રહ, ૭૦ પેજીસ)

**★ કિતાબ** : સુનહરી બાતેં (પોકેટ સાઈઝ)

**સંપર્ક કરો** : ગરીબ નવાઝ કમિટી, રેલ્વે ક્વાર્ટર્સ, નં. ૯૧–ડી, મુ.હાપા–૩૬૧ ૧૨૦, જિ. જામનગર

**★ ઈન્તેકાલ પુરમલાલ ! ★**

**દયાદરા** : તા. ૧૭–૧૨–૨૦૧૧ના રોજ ડો. યૂસુફ ઈસ્હાક મૂસા (કાર્યા)નો ઈન્તેકાલ થઈ ગયો જેમના ઈસાલે સવાબ અર્થે દયાદરા મસ્જિદમાં ઝિયારતનો પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો જેમાં જનાબ મૌલાના સાદિક સાબરી દહેગામીએ ઈસાલે સવાબ પર ઈમાનઅફરોઝ બયાન કર્યું હતું.

**નબીપુર** : ખાતે તા. ૧૯–૧૨–૨૦૧૧ના રોજ સોમવારે હૈદર આદમ કોન્ટ્રાકટરનો ઈન્તેકાલ થઈ ગયો.

દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ ખાતે કુર્આનખ્વાની કરાવી સર્વ મર્હૂમોને ઈસાલે સવાબ કરવામાં આવ્યો હતો. રબ્બે કરીમ તેના હબીબ ﷺના સદકામાં મો'મિન મર્હૂમોની મગફેરત ફર્માવે. (આમીન)

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**:: જશ્ને ઈફ્તેતાહે જામા મસ્જિદ–થામ ::**

**થામ** : (જિ. ભરૂચ) તા. ૧૦–૨–૨૦૧૨ જુમ્આના રોજ નમાઝે જુમ્આથી નવી બનેલી થામ ગામની મસ્જિદે ગુંબદે ખિઝરાની ઈફતેતાહ હુઝૂર તાજુશ્શરીઆ અખ્તર રઝાખાં અઝહરી સાહબના મુબારક હસ્તે થશે. જેમાં હઝરત મૌલાના સૈયદ સલીમબાપુ બેડીવાળા, હઝરત સૈયદ કમરુદ્દીનબાવા કારંટવી દરિયાઈ તથા હઝરત સૈયદ મુહમ્મદ યૂસુફ બાવા નૂરાની સાહબ અન્ય સાદાત ઉલમા હાજરી આપશે. ( Mob. : 99249 52384)

# આલમી તેહરીક સુન્ની દા'વતે ઈસ્લામીનો
# બે દિવસીય અઝીમુશ્શાન સુન્ની ઈજતેમા સંપન્ન

—કાર્યાલય

**ભરૂચ** : વાદીયે રહમત, સબજેલ પાસે, તા. ૩૧–૧૨–૨૦૧૧ શનિવાર તથા તા. ૧–૧–૨૦૧૨ રવિવારે સુન્ની દા'વતે ઈસ્લામીનો ૯મો વાર્ષિક અઝીમુશ્શાન સુન્ની ઈજતેમા યોજાયો જેમાં પ્રથમ દિવસે બહેનો માટેના ઈજતેમામાં બહોળી સંખ્યામાં સરકાર ﷺની દીવાનીઓએ હાજરી આપી હતી. બપોરના બે વાગ્યે આલે રસૂલ હઝરત મૌલાના સૈયદ અમીનઅલી માલેગાંવી સાહબની ભલી દુઆઓ સાથે તથા જનાબ હાફિઝ અબ્દુર્રહમાન પારખેતવાળા (દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)ની કુર્આનની કિ઼રાઅતથી ઈજતેમાની શરૂઆત થઈ. હમ્દ હાફેઝ અબ્દુર્રહીમ બરકાતીએ પેશ કરી ત્યારબાદ અ. રઉફ પાલેજવાળાએ નઅતેપાક પેશ કરી પછી હઝરત મૌલાના મુહમ્મદ ઝહીર મિસ્બાહી દહેગામીએ ઈસ્લાહે મુઆશરા પર અસરકારક બયાન કર્યું પછી ખતીબે ઝીશાન હઝરત સૈયદ અમીન અલી માલેગાંવીએ વલવલાઅંગેઝ ફિક્રી બયાન ઔરતોની ઈસ્લાહ પર કર્યું. અસર બાદ મોહક્કિ઼કે઼ મસાઈલે જદીદા હઝરત અલ્લામા મુફ્તી મુહમ્મદ નિઝામુદીન રઝવી (સદર મુફ્તી જામિઆ અશ્રફિયા–મુબારકપુર)થી સવાલો જવાબનો ક્રમ ચાલ્યો જેમાં તલાક઼ તથા વર્તમાન ફેશનો સંબંધે તેમજ સુન્ની દેવબંદીમાં શું ફરક ? વગેરે સારા એવા સવાલો તથા જવાબોથી ઈલ્મની સુવાસ ફેલાઈ હતી. મગરિબ બાદ હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી રઝવી (અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)નું "મરનેસે પહલે મર જાવ !" હદીષના અનુસંધાનમાં પોતાનો હિસાબ પોતે લેવા વિશે અસરકારક બયાન કર્યું હતું. છેવટમાં ઝિક્ર દુઆ બાદ સલાતો સલામ સાથે પ્રથમ દિવસનો ઔરતોનો ઈજતેમા પૂર્ણ થયો હતો. રવિવારે સવારના ૧૦ વાગ્યાથી હઝરત મૌલાના સૈયદ મન્સૂર આલમ સાહબ (આમોદ)ની દુઆની સાથે મર્દોનો ઈજતેમા શરૂ થયો જેમાં હાફેઝ મુહમ્મદ ફહદ (તાલિબે ઈલ્મ દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ) થકી કિ઼રાઅત થઈ અને નઅતે પાકના ગુલદસ્તા સૈયદ રફીક઼ સાહબ તથા મુહમ્મદ જાફર (દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચના તલબા)એ પેશ કર્યા. મુબલ્લિગ જનાબ મોઈનભાઈ હાજીપીર કિર્માણીવાળાએ સુન્નત વિશે બયાન આપ્યું ત્યારબાદ મુહમ્મદ સલીમ પીપળીયાવાળાએ (આમોદ) બયાન કર્યું. ત્યારબાદ હલકા થયા જેમાં હાજર મજમામાં મુબલ્લિગોએ પાકી, નમાઝે જનાઝા, સુન્નતો વગેરે શીખવાડયું. ઝહોર બાદ કિ઼રાઅત તથા તર્જુમો અનુક્રમે હાફિઝ મુહમ્મદ ફહદ તથા મુહમ્મદ આકિ઼બ કુરચનવી (આમોદ)એ રજૂ કર્યો. મુહમ્મદ વસીમની નઅત પછી હઝરત મૌલાના મુફ્તી સુજાઉદ્દીન (સદર મુદર્રિસીન : દારુલ ઉલૂમ ગુલશને અજમેર) સાહબનું બયાન, ત્યારબાદ જનાબ મુહમ્મદ ખાલિદ (મુંબઈ)એ નમાઝના મસાઈલ સમજાવ્યા પછી બુલબુલે બાગે મદીના અલ્હાજ કા઼રી રિઝવાન સાહબે પોતાના અનોખા અંદાઝમાં મજમાની ઈસ્લાહ સાથે નઅતે પાક પેશ કરી. ત્યારબાદ હઝરત મૌલાના હાફિઝ કા઼રી મુહમ્મદ ઈમરાન સાહબ (કોંગોવાલા ભાણા દયાદરા)એ અંગ્રેજી–ઉર્દૂમાં બયાન કર્યું હતું. અસર બાદ હઝરત મૌલાના સૈયદ અમીન અલી માલેગાંવીનું નવયુવાનોને દીન પ્રતિ આકર્ષતુ બયાન, મગરિબ બાદ હઝરત મુફ્તી નિઝામુદીન સાહબના સાથે સવાલો જવાબ ત્યારબાદ **નુઝહતુલ કા઼રી શરહે બુખારી** (ભાગ : ૩) ગુજરાતી અનુવાદનો રસ્મે ઈજરા મુફ્તી સાહબના હસ્તે થયો. ઈશા બાદ મુબલ્લિગ જનાબ રાશિદ રઝવી સાહબ તથા કા઼રી રિઝવાન સાહબે નઅતોના ગુલદસ્તા પેશ કરી મજમાને ગરમાવ્યો હતો. પછી હઝરત મૌલાના શાકિર નૂરી સાહબનું વલવલાઅંગેઝ બયાન આખેરતની તૈયારી કરવા સંબંધે કરી લોકોના દિલોને પીગળાવી દીધાં હતાં. છેવટે ઝિક્ર દુઆમાં ચોધાર આંસૂંઓ રડી અવામે તૌબા કરી દુઆઓ ગુજારી હતી. સલાતો સલામ બાદ ઘણા લોકો હઝરતના હાથ પર બયઅત થઈ સિલસિલા કા઼દરિયા રઝવિય્યહ્‌માં દાખલ થયા. અંતમાં આમ ન્યાઝ જમાડવામાં આવી હતી.

## અમારું અવલોકન

કિતાબ : **નુઝહતુલ કારી શરહે સહીહ બુખારી (ભાગ-૩)** *(ગુજરાતીમાં બુખારી શરીફની શરહ)*

લેખક : **શારેહે બુખારી હઝરત મુફ્તી મુહમ્મદ શરીફુલહક્ક અમજદી** رحمۃ اللہ علیہ

*(પૂર્વ સદર મુફ્તી જામિઆ અશરફિયા, મુબારકપુર, જિ. આ'ઝમગઢ, યુ.પી.)*

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી**, તંત્રી-બરકાતે ખ્વાજા માસિક, દયાદરા

(આવૃત્તિ : ૧, પેજીસ-૫૩૬,હદિયો : **રૂા. ૨૦૦** ટપાલ ખર્ચ સહિત)

**પ્રકાશકો : ૧. અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા** (૩૦૦૦ કોપી)

**૨. સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)** (૧૦૦૦ કોપી)

મુ.પો. **દયાદરા**, તાલુકા & જિલ્લા : ભરૂચ પિન.૩૯૨૦૨૦, ફોન : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪૬૪૪૧૧,

સહીહ બુખારી શરીફની મુબારક હદીષોની સમજૂતી દર્શાવતી આ કિતાબ વાંચવું એ ખરેખર નસીબદારને મયસ્સર થઈ શકે છે. અફસોસ ! આજે લોકો પાસે દૈનિક પત્રનાં પાનાં ઉલટાવવાનો સમય છે, ચોરે ચોટે ઉભા રહીને ગપ્પાં મારવાનો કે ઘરના ખૂણે બેસી **T.V.** પાછળ કલાકો ખર્ચ કરવાનો સમય છે પણ સમય નથી તો કેવળ ઈલ્મે દીન જાણવાનો સમય નથી ! અલ્લાહની વાત વાંચવા સાંભળવાનો સમય નથી ! રસૂલુલ્લાહ ﷺની વાત વાંચવા સાંભળવાનો સમય નથી ! હે મુસલમાનો ! તમારી પાસે જો અલ્લાહની વાત અને રસૂલની વાત કે સહાબાની વાતો વાંચવાનો સમય નથી અથવા તમને એમાં રસ નથી ! તો યકીનથી જાણી લો કે એ તમારા ઈમાનની કમજોરી છે જે તમારા માટે આખેરતમાં નુકસાન દર્શાવતી ખતરાની ઘંટી છે, જેથી તમારામાં એવું કાંઈ હોય તો આજે જ સુસ્તી દૂર કરો અને દીન પ્રતિ વળો અને આવી તફસીર તથા હદીષની કિતાબ વાંચતા થઈ જાવ.

પ્રસ્તુત કિતાબમાં હદીષ ૩૪૭ થી ૭૨૮ (૩૮૧ હદીષો) અને તઅલીક ૧૨૨ થી ૨૨૭ (૧૦૫ તઅલીકો) સુધી સરળ શરહ (સમજૂતી) સાથે નમાઝના સમયો, જુમ્આ, કઝા નમાઝ, અઝાન, ઈકામત, ફજરની સુન્નતો, ઈમામત, તકબીરે તહરીમા, રફએ યદૈન, નમાઝે ખૌફ, ઈદ, ઈસ્તિસ્કાઅ, વિત્ર, કુર્આનના સજદા, કસર નમાઝ, તહજ્જુદ..... વગેરેની હદીષો સાથે ઈલ્મી ખજાનો આજે જ મેળવો.

પોતાના તથા પોતાના પ્યારાં મર્હૂમ વાલિદ-વાલિદા જેઓ કબ્રમાં તમારા થકી થતા સવાબના ઈંતેઝારમાં છે તેમના સવાબ અર્થે સખીદાતાઓ વધુ સંખ્યામાં કોપીઓ ખરીદીને મદ્રસા, મસ્જિદો, લાયબ્રેરીઓ, સગાં કે મિત્રોમાં વહેંચી અથવા ફીસબીલિલ્લાહ વહેંચવા રકમ મનીઓર્ડરથી અથવા **BOB A/c. No. : 34620100000107** (દયાદરા શાખા) અથવા **SBI A/c. No. : 10328886242** (ભરૂચ શાખા) શબ્બીર અલી ઈસ્માઈલ પટેલના નામે જમા કરાવી હદીષના પ્રચારમાં જોડાય જાય એવી અપીલ છે. *-તંત્રી :*

(નોંધ : કમ સે કમ રૂા. **૩૦૦** મેમ્બર ફી અથવા ડોનેશન ઝકાત, સદકા વગેરે રૂપે મોકલે તેને **''અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા''** તરફથી વરસભર છપાતી કિતાબો ફ્રીમાં મળશે.)

## સુન્ની મેરેજ બ્યૂરો કોર્નર

**૧. સૈયદ યુવતી** : ઉંમર : ૨૧ વર્ષ, ધો. ૧૦ પાસ, કોમ્પ્યુટર જાણનાર, દીનદાર, ખૂબસૂરત, ખાનદાની યુવતી. (નડિયાદ તરફ) સંપર્ક **Mobile No. : 98980 11459**

**૨. મોમિન યુવાન** : જ.તા. ૧૮-૪-૧૯૮૫, ઊંચાઈ : ૫'.૭'' એજ્યુ. **M.Tech in Mechanical Eng.** ગવર્નમેન્ટ જોબ, કલાસ-૨ ઓફિસર (અહમદાબાદ) સંપર્ક **Mob. No. : 9374232137,**

**નોંધ : વધુ માટે 'બરકાતે ખ્વાજા' (માસિક)-કાર્યાલય**નો સંપર્ક કરો, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧